પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૦૨-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૫૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11





# ટ્રમ્પ અમેરિકાના અને હું ભારતના હિતોને પ્રાધાન્ય આપીશું : મોદી

## અમેરિકા પાસેથી વધુ ક્રુડ તેલ -ગેસ ખરીદશે ભારત : અમેરિકા ભારતને આધુનિક એફ-૩૫ લશ્કરી વિમાન સહિતના શસ્ત્રો વેચશે

વોશિંગ્ટન, તા. ૧૪

લાંબા સમયથી ભારત માટે સૌથી મોટી ચિંતા સર્જી ગયેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરીફ કાર્ડને હળવું બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રામાં ડાહી-ડાહી-ડિપ્લોમેટીક ચર્ચા બાદ ભારત અને અમેરિકા વચ્ચે ૫૦૦ બીલીયન ડોલરના વ્યાપારનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ખાસ કરીને ભારત હવે અમેરિકા પાસેથી વધુ ક્રુડ ઓઈલ- ગેસ તથા એફ-૩૫ આધુનિક લશ્કરી વિમાનો સહિતના અબજો ડોલરના શસ્ત્રો પણ ખરીદશે. શ્રી ટ્રમ્પે એક તરફ ભારતના કહેવાતા ઉંચા ટેરીફ પ્રત્યે પોતાની તિવ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

તો બીજી તરફ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને 'ટફ' વાટાઘાટાકાર તરીકે ગણાવ્યા હતા અને અંતે આજે દેશો વચ્ચે મહત્વના વ્યાપારી કરાર થયા હતા. વ્હાઈટ હાઉસની બેઠક બાદ એક સંયુક્ત પત્રકાર પરિષદને બન્ને રાષ્ટ્રવડાઓએ સંબોધી હતી.જેમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, ભારત અને અમેરિકા તેમના વ્યાપાર ખાધને સમતોલ કરવા અમેરિકાથી વધુ ક્રુડતેલ અને ગેસની આયાત કરશે અને ટ્રમ્પે એ આશા પણ વ્યક્ત કરી કે અમેરિકા ભારતમાં ક્રુડતેલ ગેસનું સૌથી મોટુ નંબર વન નિકાસકાર બની રહે તે જોવામાં આવશે.શ્રી મોદીએ આ પત્રકાર પરિષદમાં કહ્યું કે, અમેરિકાના લોકો રાષ્ટ્રપતિ ટ્રમ્પના મેક-અમેરિકા ગ્રેટ અગેઈનના મોટોથી પરિચીત છે અને ભારતમાં ૨૦૪૭ સુધીમાં વિકસીત રાષ્ટ્ર બનવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે અને બન્ને દેશો આતંકવાદ સામેની લડાઈમાં પણ સાથે છે.અમેરિકા સાથેની સંરક્ષણ સોદામાં ભારત અમેરિકા પાસેથી ફીફ્ટ જનરેશન એફ-૩૫ લડાયક વિમાન ખરીદશે અને બન્ને દેશો વચ્ચે શસ્ત્ર કરારમાં સહી થઈ છે ત્યાં ટ્રમ્પે જાહેરાત કરી કે ભારતમાં સૈન્ય શસ્ત્રોનું વેચાણ અનેક અબજ ડોલર વધારશું અને અમો તેમાં ભારતને એફ-૩૫ વિમાન પુરા પાડવા માટે તૈયાર છીએ.

શ્રી ટ્રમ્પની ચાર વર્ષના ગાળા બાદ વ્હાઈટ હાઉસમાં વાપસી બાદની વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રથમ મુલાકાત છે. શ્રી મોદીએ કહ્યું કે એ બાબત પ્રશંસનીય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ હંમેશા અમેરિકી હિતોને જ સર્વોપરી ગણે છે અને હું પણ ભારતના હિતોને સર્વોચ્ચ પ્રાથમીકતા આપુ છું.તે મારા માટે સૌભાગ્ય છે અને હું અગાઉ શ્રી ટ્રમ્પ સાથે કામ કરવાના અનુભવથી કહી શકુ છું

અનુસંધાન પાના ૭ પર

### ટ્રમ્પને ભારતની મુલાકાતે આવવા મોદીનું આમંત્રણ

નવી દિલ્હી, તા. ૧૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમની બે દિવસની અમેરિકા મુલાકાત પુરી કરીને ભારત આવવા રવાના થયા છે. શ્રી મોદીએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત આવવા આમંત્રણ આપ્યુ છે.બન્ને દેશોના રાષ્ટ્રવડાઓ સંયુક્ત યાદીમાં મોદીએ અમેરિકી પ્રમુખને ભારત આવવા આમંત્રણ આપ્યુ હતું. શ્રી મોદીએ ૨૦૨૦ની ડોનાલ્ડ ટ્રમ્પની ભારત યાત્રાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભારતના લોકો આજે પણ આપની એ યાત્રાને યાદ કરે છે.મને આશા છે કે આમ તેમને ફરી મળવાનું પસંદ કરશો. ભારતના ૧૪૦ કરોડ લોકો તરફથી હું આપને ભારતની મુલાકાત લેવાનું આમંત્રણ આપુ છું.

## વાટાઘાટોમાં હું મોદીનો મુકાબલો ન કરી શકું : ટ્રમ્પ

**ઉંચા ટેરિફમાંથી ભારતને છટકવા નહિં દેવાની ચોખવટ કરતા અમેરિકી પ્રમુખ**

નવી દિલ્હી, તા. ૧૪

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બેઠક ઐતિહાસીક બની રહી હતી. ટ્રમ્પે એવુ જાહેર કર્યું હતું કે વાટાઘાટોમાં નરેન્દ્ર મોદી સામે હું ઘણો નાનો પડુ નિગોશીએશનમાં તેમનો મુકાબલો ન કરી શકું.મોદી સખ્ત નેગોશિયેટર છે અને મારા કરતા ઘણા હોશીયાર સારા છે.

ભારતીય વડાપ્રધાનની પ્રસંસા કરતાં તેઓએ કહ્યું કે મોદી ભારતમાં ઘણુ સારૂ કામ કરી રહ્યા છે અને તેઓ મહાન નેતા છે.સંયુકત પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ટ્રમ્પે આ વિધાનો કર્યા હતા.અમેરિકી રાષ્ટ્રપતિએ વ્હાઈટ હાઉસમાં મોદીનું હોંશભેર સ્વાગત કર્યું હતું ગળે લગાડયા હતા અને એમ કહ્યુ કે તેઓ (મોદી) સરળ અને હોશીયાર નેગોશિયેટર છે. જોકે, સાથોસાથ એવુ પણ સ્પષ્ટ કહી દીધુ હતું કે ભારતને ઉંચા ટેરિફમાંથી છટકવા નહિં દેવાય.

ભારત અને અમેરિકા વચ્ચે ૫૦ અબજ ડોલરની

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકી પ્રમુખ ટ્રમ્પની નીતિને સમર્થન આપતા મોદી

**ગેરકાદયે રહેતા ભારતીય લોકોને પરત લવાશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી, તા. ૧૪

વોશિંગ્ટનઃ અમેરિકામાં ગેરકાનુની રીતે રહેતા ભારતીય નાગરિકોને ટ્રમ્પ શાસને ડિપોર્ટ કરી દેવાનો પ્રારંભ કરી દીધો છે અને આગામી દિવસોમાં વધુ ભારતીયોને લઈ આવતી અમેરિકી લશ્કરી ફલાઈટ ભારત પહોંચશે.તે વચ્ચે વ્હાઈટ હાઉસમાં પત્રકાર પરિષદમાં શ્રી મોદીએ અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જે લોકો અન્ય દેશમાં ગેરકાનુની રીતે રહે છે અને ત્યાં રહેવાનો કોઈ કાનુની અધિકાર નથી અને જયાં સુધી ભારત અને અમેરિકાનો પ્રશ્ન છે તો અમો હંમેશા એ કહીએ છીએ કે જે લોકોની ચકાસણી બાદ તે ભારતીય નાગરિક તે નિશ્ચિત થાય અને તે અમેરિકામાં ગેરકાનુની રીતે રહેતા હશે તો અમો તેને ભારતમાં પરત લેવા તૈયાર છીએ.શ્રી મોદીએ વધુમાં કહ્યું કે આ પ્રકારના ભારતીય સામાન્ય પરિવારના લોકો છે તેમને મોટા મોટા સ્વપ્ના દેખાડીને માનવ તસ્કરીના માધ્યમથી લાવવામાં આવે છે તેઓને ગુમરાહ કરાય છે.

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાથી ગેરકાયદે ભારતીયો સાથેનું વિમાન અમૃતસર આવશે

**ઘૂસણખોરી કરનાર ભારતીય નાગરિકોનો વધુ એક જથ્થો અમેરિકાથી રવાના**

નવી દિલ્હી, તા. ૧૪

અમેરિકામાંથી ડિપોર્ટ કરવામાં આવેલાં ભારતીયોનું બીજુ વિમાન અમેરિકાથી ૧૫ ફેબ્રુઆરીએ અમૃતસર પહોંચી શકે છે. નોંધનીય છે કે, ગુજરાતના ૩૩ સહિત ૧૦૪ ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને લઈને અમેરિકાનું એક સૈન્ય વિમાન ૫ ફેબ્રુઆરીએ અમૃતસર એરપોર્ટ પર ઉતર્યું હતું. ટ્રમ્પ પ્રશાસન દ્વારા દેશનિકાલ કરવામાં આવેલા ભારતીય અપ્રવાસીનો આ પહેલો જથ્થો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૧૫ ફેબ્રુઆરી બાદ ત્રીજી ફ્લાઈટ પણ આવશે તેવી આશા છે. અમૃતસરમાં વિમાન લેન્ડ કરાવવાને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે. પંજબના નાણાંમંત્રી હરપાલ ચીમાએ આરોપ લગાવ્યો કે, ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર જણી જોઈને પંજાબને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર ઈચ્છે છે કે, દેશનિકાલ કરાયેલા ભારતીયોને લઈને આવેલું વિમાન અમૃતસરમાં ઉતાર્યું જેથી પંજાબની છબી ખરાબ થાય. આ વિમાન અમદાવાદમાં કેમ ન ઉતારાયું?

વિદેશ મંત્રી એસ. જયશંકરે રાજયસભામાં જણાવ્યું કે, અમેરિકામાંથી ભારતીયોનો દેશનિકાલ કરવો કોઈ નવી પ્રક્રિયા નથી. ૨૦૦૯થી અત્યાર સુધી ૧૫,૬૬૮ ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને અમેરિકામાંથી

અનુસંધાન પાના ૭ પર

## માન સરોવર યાત્રા માટે ચીને લીપલેખ માર્ગને ખુલ્લો કર્યો


**૨૪ દિવસની યાત્રા હવે ૧૦થી ૧૧ દિવસોમાંજ પુરી કરી શકાશે**

નવી દિલ્હી, તા. ૧૪

વર્ષ ૨૦૧૯ થી બંધ કૈલાસ માન સરોવર યાત્રા આ વર્ષથી ફરીથી શરૂ થવા જઈ રહી છે. ભારત સરકાર અને વચ્ચે કૈલાસ માન સરોવર યાત્રાને લઈને સહમતી બની ગઈ છે. તારીખની જાહેરાત થવાની બાકી છે.કૈલાસ માન સરોવર યાત્રામાં જવા માટે ઉતરાખંડનાં પિથોરાગઢ જીલ્લાના લીપુલેખ માર્ગથી જવાનું હોય છે. પિથોરાગઢ પ્રશાસને કૈલાસ માન સરોવર યાત્રાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.આ વખતે ૨૪ દિવસમાં પુરી થનાર કૈલાસ માન સરોવર યાત્રા ૧૦ થી ૧૧ દિવસમાં પુરી થશે.હજુ તારીખ નકકી નથી થઈ પણ જુનથી સપ્ટેમ્બર મહિના સુધી આ આ યાત્રા ચાલે છે. યાત્રામાં ૧૮ થી ૭૦ વર્ષની વયના શ્રધ્ધાળુઓ જઈ શકે છે.એક યાત્રાળુને લગભગ આ યાત્રા માટે ૧ લાખથી ૮૦ હજાર રૂપિયાનો ખર્ચ લાગે છે. પિથોરાગઢ તીબેટની સીમા સુધી યાત્રીઓને જીલ્લા પ્રસાસન અને બોર્ડ રોડ ઓર્ગેનાઈઝેશનની સાથે સાથે બીજી એજન્સી પહોંચાડે છે.

## મણીપુર સીઆરપીએફ કેમ્પમાં ગોળીબાર : 3 જવાનોનાં મોત

**સાથી જવાનના હુમલામાં આઠ સૈનિકો ઘાયલ**



નવી દિલ્હી, તા. ૧૪

મણિપુરના એક કેમ્પમાં ગુરુવારે એક CRPF જવાને પોતાના સાથીદારો પર ફાયરિંગ કર્યુ અને પછી પોતાને પણ ગોળી મારી હતી. આ ઘટનામાં ૩ જવાન માર્યા ગયા અને ૮ ઘાયલ થયા. તે બધાને ઈમ્ફાલના રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (RIMS)માં દાખલ કરવામાં આવ્યા છે.આ ઘટના ગુરુવારે રાત્રે લગભગ ૮:૨૦ વાગ્યે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લામફેલમાં CRPF કેમ્પમાં બની હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરોપી હવાલદાર સંજય કુમારે પોતાની સર્વિસ રાઈફલથી ગોળીબાર કર્યો, જેમાં એક કોન્સ્ટેબલ અને એક સબ-ઈન્સ્પેક્ટરનું ઘટનાસ્થળે જ મોત થયું. આ પછી તેણે પોતાને પણ ગોળી મારી દીધી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું.

અનુસંધાન પાના ૭ પર

## તહવ્વુર રાણાનો કબ્જો ભારતને સોંપવા ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

**ભારતે માંગેલા વધુ વોન્ટેડ આરોપીઓનું પણ ઝડપથી પ્રત્યાર્પણ કરાશે : ટ્રમ્પ**



નવી દિલ્હી, તા. ૧૪

૨૦૦૮ ના મુંબઈ ત્રાસવાદી હુમલામાં સામેલ અને અમેરિકન જેલમાં બંધ તહવ્વુર રાણાને ભારતને સોંપી દેવાનું અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યુ હતું. ભારત માટે આ અત્યંત મહત્વનું પ્રત્વાર્પણ છે.

વ્હાઈટ હાઉસમાં સંયુકત પત્રકાર પરિષદમાં ટ્રમ્પે તહવ્વુર રાણાને ભારતને સોંપવાને મંજુરી આપવાનું જાહેર કર્યું હતું. ઉપરાંત ભવિષ્યમાં વધુ વોન્ટેડ આરોપીનુ પ્રત્યાર્પણ કરવાનો મહત્વનો નિર્દેશ આપ્યો હતો.ટ્રમ્પે કહ્યું કે અત્યંત હિંસક માણસ (તવ્વહુર રાણા) ને તુર્તમાં ભારત મોકલી દેશૂ આ સિવાય ભારત તરફથી કેટલાંક વધુ વોન્ટેડ આરોપીના પ્રત્યાર્પણ માટે દરખાસ્ત મળી છે અને તેમને પણ પાછા મોકલશુ ગુનાખોરી જેવા મોરચે ભારત સાથે એક થઈને કામ કરવાનું અને ભારત માટે વધુ સારૂ વાતાવરણ સર્જશુ.

અમેરિકન સુપ્રિમ કોર્ટે પણ ગત ૨૧ મી જાન્યુઆરીએ રાણાની આખરી અરજી ફગાવી હતી. અને પ્રત્યાર્પણ માટેનો માર્ગ ખુલ્લો કરી દીધો હતો.

અનુસંધાન પાના ૭ પર

## તા. ૨૦ ફેબ્રુઆરી બાદ તાપમાન ઝડપથી વધવાનું પુર્વાનુમાન

**ફેબ્રુઆરી મધ્યમાં દિલ્હીમાં ઉંચા તાપમાનનો અનુભવ**

નવી દિલ્હી, તા. ૧૪

હવામાનના તીખા વલણથી આ વર્ષે સામાન્યથી વધુ ગરમી રહી હતી. ફેબ્રુઆરીમાં પણ રાહત નહોતી મળી. હવામાન વિભાગે આશંકા વ્યક્ત કરી છે કે માર્ચ મહિનો પણ અપેક્ષા કરતા વધુ ગરમ રહેશે. આ દરમિયાન લોકોને મે-જૂન જેવી ગરમી સહન કરવી પડી શકે છે.

હવામાન વિભાગના અનુસાર લાંબા સમય વરસાદ ન થવો અને તાપમાનમાં એકાએક વૃદ્ધિના કારણે આવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઠંડીની ઋતુમાં પશ્ર્ચિમી ડિસ્ટર્બન્સ અસરહિન રહેવાથી પુરા ઉતર ભારતમાં સારો વરસાદ નહોતો થયો. જેના કારણે હવામાન ગરમ છે. તેની અસર આવનારા દિવસોમાં જોવા મળશે.

કૃષિ અને ટેકનોલોજી વિશ્વ વિદ્યાલય પંતનગરના હવામાન વિશેષજ્ઞ ડો. આર.કે.સિંહનું કહેવું છે કે આ વખતે શિયાળામાં ત્રણ પશ્ર્ચિમી ડિસ્ટર્બન્સ આવ્યા, પણ ત્રણેય અસર

અનુસંધાન પાના ૭ પર

**દેશભરમાં પીજી કરી રહેલા**

## હજારો રેસિડેન્ટ ડોકટરો આ વખતે નીટ પરીક્ષા નહીં દઈ શકે

**નીટ સુપર સ્પેશિયાલીટી પરિક્ષાના કટ ઓફ લિસ્ટ અંગે નવો વિવાદ**

નવી દિલ્હી, તા. ૧૪

દેશભરમાં પીજી કરી રહેલા ચારથી પાંચ હજાર રેસીડેન્ટ ડોકટર આ વખતે નીટ સુપર સ્પેશિયાલિટી પરીક્ષામાં સામેલ નહી થઈ શકે, ખરેખર તો પરીક્ષામાં સામેલ થવાની પાત્રતાની કટ ઓફ લિસ્ટ ૩૦ એપ્રિલ નકકી કરાઈ છે, જયારે ૨૦૨૧માં શરૂ થયેલ બેચનો પીજી કોર્સ મેમાં પુરો થશે.

ફેડરેશન ઓફ રેસીડેન્ટ ડોકટર્સ એસોસીએશન (ફોરડા) ઓફ એકઝામીનેશન ઈન મેડીકલ સાયન્સીઝ (એનબીઈએમએસ) ને પત્ર લખીને પાત્રતા કટ ઓફ તારીખ ૧૫ દિવસ વધારવાની માંગ છે. ફોરડાના અધ્યક્ષ અવિરલ માથુરે જણાવ્યું હતું કે ૨૦૨૧માં કોરોનાના કારણે નીટ પીજી પરીક્ષામાં અને ત્યારબાદ કાઉન્સેલીગ પ્રક્રિયામાં વિલંબના કારણે અનેક ડોકટરોએ ૭ મે ૨૦૨૨ બાદ અભ્યાસ શરૂ કર્યા હતા.

જેના કારણે તેમની પોસ્ટ ગ્રેજયુએટ ટ્રેનીગ ૩૦ એપ્રિલ બાદ પુરી થઈ જશે. આ સ્થિતિમાં નીટ સુપર સ્પેશિયાલિસ્ટ ૨૦૨૪ની પરીક્ષા માટે તેઓ અયોગ્ય ઠરી શકે છે, તેમનું કહેવું છે કે જો આ પાત્રતાની કટ ઓફ તારીખને વધારવામાં આવે તો હજારો રેસીડેન્ટ ડોકટરોનું એક વર્ષ નહી

અનુસંધાન પાના ૭ પર



# વસ્ત્ર મંત્રાલયની સમર્થ યોજના દ્વારા ૩૦ બહેનોને એક મહિનાની તાલીમ

## તાલીમાર્થી મહિલાઓને જરી-જરદોશી વર્કની કીટ્સ એનાયત કરાઈ

સુરત, તા.૧૪

રાજ્યમાં પ્રથમવાર સુરત પોલીસ કમિશનરશ્રીઅનુપમસિંહ ગહલૌતના ધર્મપત્ની શ્રીમતી સંધ્યાબેન ગહલૌત તથા નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસકર્મચારીઓની ધર્મપત્નીઓને આત્મનિર્ભર કરવા માટે જરી જરદોશીની તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પ્રથમતબક્કામાં૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે. અમી હેન્ડીક્રાફ્ટનાઉપક્રમેતાલીમાર્થીઓ મહિલાઓનેજરી-જરદોશીવર્કની કીટસ એનાયતકરવામાંઆવીહતી.

પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં સુરત પોલીસ મુખ્ય મથક, કોમ્યુનિટી હોલ પાસેના પોલીસ તાલીમ કેન્દ્ર ખાતેથી તાલીમનો પ્રારંભ કરાવતા સંધ્યાબેન ગહલૌતે જણાવ્યું હતું કે,અમી હેન્ડીક્રાફ્ટ પ્રોડ્યુસર કંપનીના માધ્યમથી કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળપોલીસપરિવારનીબહેનોને ૩૦ દિવસની જરદોશી તાલીમ અને બાદ ૧૫ દિવસની વિશેષ બેઝિક તાલીમ એમ મળી કુલ ૪૫ દિવસની તાલીમ આપવામાં આવશે.

કેન્દ્રની સમર્થ યોજનાનું અમલીકરણ કરનાર અમી હેન્ડીક્રાફ્ટ દ્વારા તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપી તેમને જરી ફ્રેમવર્ક, ગિફ્ટઆર્ટીકલ્સ, વસ્તુઓની પ્રોડકટના ડેવલપમેન્ટમાં સક્ષમ બનાવાશે. આ તાલીમના માધ્યમથી પોલીસ પરિવારની મહિલાઓ ક્રિએટિવ થિન્કીંગ સાથે પ્રવૃત્તિમય બને એવો અમારો હેતુ છે એમ સંધ્યાબેન ગહલૌતે ઉમેર્યુ હતું.

પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, સુરતની જરીની વૈશ્વિક ઓળખ છે. પોલીસ પરિવારની મહિલાઓ તેમના ફ્રી-ટાઈમમાં પરંપરાગત જરદોશી હેન્ડવર્ક

અનુસંધાન પાના ૭ પર

# ઓમેગા હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની નજીવા દરે સારવાર

સુરત, તા.૧૪

સમગ્ર ભારત દેશમાં હોસ્પિટલ ક્ષેત્રે સેવા પૂરી પાડતી અને સારી નામ ધરાવતી ઓમેગા હોસ્પિટલ સૌ પ્રથમ આપણા સુરતમા પણ સ્વાસ્થ્ય વિભાગમા લોકોને સારી ચિકિત્સા આપવા માટે પોતાનું મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનો ઓપનિંગ કરી છે જે સ્વાસ્થ્ય ક્ષેત્રે લોકોને અલગ અલગ બીમારીઓનો દૂર કરવા માટે એક સારી મેડિકલ સુવિધા પૂરી પાડશે અને ઓમેગા હોસ્પિટલ ના સી.ઓ.ઓ મહેન્દ્રર પાલા તથા અભિષેક સર સાથે તેલુગુ પદમશાલી સમાજના અગ્રણી તથા વોર્ડ નંબર ૨૫ ના મહામંત્રી શ્રી રાપોલુ બુચીરામૂલું અને એડવોકેટ સાગર વેલડી નાવો શુભેચ્છા મુલાકાત

અનુસંધાન પાના ૭ પર





# દારૂની ખેપ મારનાર વલસાડના બે બુટલેગરોની પાસામાં અટક

## મેહુલ પઢીયાર અને સાગર મજેઠીયાને જેલમાં મોકલી દેવાયા

વલસાડ, તા.૧૪

વલસાડ જિલ્લા માં આગામી સમય માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી અંતર્ગત અરાજકતા ના ફેલાઈ તેવી પરિસ્થતિ ને ધ્યાન મા લઈ દારૂ ની હેરાફેરી ને રોકવા વલસાડ એલ સી બી અધિકારી દ્વારા ચેકીગ અભિયાન કરતા દમણ થી અંગ્રેજી બનાવટ નો દારૂ ગુજરાત માં લઈ જવાની કોશિશ કરતા મેહુલ જયેશ પઢિયાર રહે, પારડી જીઆઈડીસી કૃષ્ણા કુંજ સોસાયટી, ૧૦૧, સાથે સાગર હેમંત મજેઠીયા રહે, ગુરુદેવ સોસાયટી, ફેસ ૨, બસ્તા ફળિયા સિલવાસા મૂળ રહેવાસી જુનાગઢ સામે પાસા નું શસ્ત્ર ચલાવવા નોંધાયેલા ગુના ના દસ્તાવેજી પુરાવા જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે તૈયાર કરી મોકલી આપવા મા આવ્યા. અને આગળ ની

અનુસંધાન પાના ૭ પર



# રાજગરી, દામકા સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ

## પ્રતિષ્ઠિત કંપનીઓના સીએસઆર ફંડના નાના અને કાંઠા વિસ્તારના ગામોનો વિકાસ શક્ય બન્યોછે : મંત્રી મુકેશ પટેલ

સુરત, તા.૧૪

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે AMNS કંપનીના ઝજીઇ ફંડમાંથી ચોર્યાસી તાલુકાના રાજગરી, દામકા, સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરાયું હતું.

વિકાસકામો હેઠળ રાજગરી ગામ ખાતે રૂ.૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મશાન ગૃહ, સુવાલી અને જુનાગામ ખાતે રૂ.૨૫-૨૫ લાખના ખર્ચે નિર્માણ થયેલા અમૃત્ત સરોવરોનું લોકાર્પણ, દામકા ગામ ખાતે રૂ.૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલા ક્રિકેટ ગ્રાઉન્ડ અને રૂ.૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલ સોલાર લિફ્ટ ઈરિગેશનનું લોકાર્પણ અને છસ્દ્ગજી ઈન્ડિયા કંપની ખાતે સંખી મંડળ સંચાલિત કેન્ટીનનું ઉદ્ઘાટન કરાયું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રોત્સાહક વિકાસ નીતિના પરિણામે પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા મોટા પ્રમાણમાં રોકાણ થઈ રહ્યું છે, જેના કારણે હજીરા વિસ્તારનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. આ કંપનીઓના સહયોગથી CSR ફંડ મારફતે આજુબાજુના ગામોમાં પીવાનું પાણી, આરોગ્ય, રમતગમત સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, AMNS કંપની દ્વારા દિકરીઓ અને મહિલાઓ પ્રાધાન્ય આપવામા આવી રહ્યું છે. કંપની દ્વારા હજીરાના આજુબાજુના વિસ્તારની દિકરીઓ અને મહિલાઓને ક્રેન ઓપરેટર ટ્રેનિંગ આપી આર્થિક રીતે પગભર કરવાનું અવિતર કામ થઈ રહ્યું છે. ૧૦૦ મહિલાઓને ક્રેન ઓપરેટરને ટ્રેનિંગ આપી કંપનીમાં નોકરી આપી આત્મનિર્ભર બનાવી છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે રાજ્યમંત્રીશ્રીએ AMNS કંપની દ્વારા નાના અને કાંઠાના ગામોમાં શિક્ષણ, આરોગ્ય તેમજ પાણીની મૂળભૂત સુવિધાઓ માટે કરવામાં આવતા વિકાસ કાર્યોને બિરદાવ્યા હતા. આ તકે મંત્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્યશ્રી નિલેશભાઈ તડવી, દામકા સરપંચ શ્રીમતી રેવાબેન પટેલ, ઉપસરપંચ તુલસીભાઈ પટેલ, AMNS કંપની કોર્પોરેટ અફેર્સના હેડ શ્રી ડૉ.અનિલભાઈ ભટ્ટ, AMNS કંપની સી.એસ.આર.હેડ કિરણસિંહ સિંધા, AMNS કંપનીના અધિકારીઓ, વિવિધ ગામના સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તા.૮મી માર્ચે તમામ કોર્ટોમાં લોક અદાલતનું આયોજન

## પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો

સુરત, તા.૧૪

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળના નેજા હેઠળ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન તેમજ સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષની અધ્યક્ષતામાં આગામી તા.૮/૩/૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં શહેરઅનેતાલુકા કોર્ટોમાંપેન્ડીગ જુના સમાધાન લાયક કેસોનું લોક અદાલતના માધ્યમથી નિકાલ કરી શકાય એવા કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ નાકેસો, નાણાવસુલાતનાકેસો, મજૂરતકરાર, ઈલેક્ટ્રીસીટી એન્ડ વોટર બિલ્સ (નોન કંપાઉન્ડેબલ કેસોને બાદ કરતા), જમીન સંપાદન રેફરન્સના કેસો,વૈવાહિક તકરારોના (છુટાછેડા સિવાયના) કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિના લાભોને લગતા કેસો, મહેસૂલ કેસો, અન્ય દીવાની કેસો (ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમનાં, વિશિષ્ટ પાલનના દાવા) જેવા ટાર્ગેટેડ કેસોનાનિકાલમાટે પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો.

વધુમાં, સીસીટીવી કંટ્રોલરૂમ, સુરત દ્વારાટ્રાફિક નિયમનો ભંગ કરતા હોય તેવા વાહન ચાલકોને મોટર વ્હિકલ એક્ટ હેઠળઈ-ચલણના નાણાં ઓનલાઈન તથા ઓફલાઈન મધ્યમથી લોક અદાલતમાં ભરી શકશે તેમજ સંભવ ઈનીશિએટીવ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ સાથે મળી રૂબરૂ

અનુસંધાન પાના ૭ પર



# એએમ-એનએસ કંપનીમાં સખી મંડળની કેન્ટીનનું ઉદ્ઘાટન

## મહિલાઓ હવે વધુ આત્મનિર્ભર બનશે : વનમંત્રી પટેલ

સુરત, તા.૧૪

મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર ભારત અભિયાનને વધુ બળ આપવા માટે એક મહત્વપૂર્ણ પગલાઅંતર્ગત AMNS ઈન્ડિયા કંપની ખાતે રિતિકાસખી મંડળ-દામકાદ્વારા સંચાલિત નવીકેન્ટીનનું વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું.

આપ્રસંગે વનમંત્રીશ્રીએ સખી મંડળનીકેન્ટીનમાં નાસ્તોકર્યા બાદ ડિજીટલ પેમેન્ટ કરીને મહિલાઓને પ્રોત્સાહિત કરવા સાથે ડિજીટલ ટેક્નોલોજી અપનાવવા માટે પણ પ્રેરિત કરી હતી.વનમંત્રીશ્રીએ જણાવ્યું કે, મહિલાઓ માટે આ પ્રકારની પહેલ માત્ર રોજગારી પૂરતી સીમિત નથી, પણ તેમને આર્થિક સ્વતંત્રતા અને આત્મવિશ્વાસ અપાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ છે. AMNS ઈન્ડિયા કંપની અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી આ પ્રોજેક્ટ સાકાર થયો છે, જે અનેક મહિલાઓને આત્મનિર્ભર બનાવશે. તેમણે વધુમાંજણાવ્યું કે, આધુનિક સમયમાં ડિજીટલ પેમેન્ટ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ તે એક આવશ્યકતા બની ગયું છે. વૈશ્વિક સ્તરે ડિજીટલ ટ્રાન્જેક્શન ઝડપથી સ્વીકારવામાં આવી રહ્યા છે. જો મહિલાઓ આ ટેક્નોલોજીનો ઉપયોગ શીખી લે, તો તેઓ પોતાના વ્યવસાય અને રોજગારીમાં વધુ આગળ વધી શકશે.

# શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ૧૧.૭૫ લાખ બાળકોની તપાસ

સુરત, તા.૧૪

સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય-રાષ્ટ્રીય કાર્યક્રમઅંતર્ગત આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી /બાલવાડીના તમામ બાળકો, ધોરણ ૧ થી ૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓ, શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો, આશ્રમ શાળાના વિધાર્થીઓ, ચિલ્ડ્રન હોમ / અનાથાશ્રમના બાળકો, અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ મદ્રેસાઓ વિગેરીના બાળકોની વર્ષમાં બે વખત આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમની શરૂઆત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૬ થી કરવામાં આવેલ હતી .ત્યાર બાદ વર્ષ ૨૦૧૪માં ભારત સરકારના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત થતા વર્ષ ૨૦૧૪થી આ કાર્યક્રમ "શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ" ના નામથી અમલમાં છે.

આ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ખાતે કુલ-૩૯ ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમ કાર્યરત છે, દરેક ટીમમાં ૨ આયુષ તબીબ, એક ફાર્માસીસ્ટ અને એક ફીમેલ હેલ્થ વર્કર મળી કુલ -૪ સભ્યોનો સમાવેશ થાય છે. તેઓને ફિલ્ડ અને શાળાઓમાં બાળકોની પ્રાથમિક તપાસણી માટે ટીમ દીઠ વાહનની ફાળવણી કરવામાં આવેલ છે. આ ટીમો માઈક્રોપ્લાન મુજબ જે તે શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ બાળકોની ૪-ડી એટલેકે જન્મજાત ખામી (ડીફેક્ટ) , ઉણપ (ડેફીસીયંસી), રોગ (ડીસીઝ) અને અવિકસિત (ડેવલપમેન્ટલ ડીલે) જેવા માપદંડો મુજબ પ્રાથમિક આરોગ્ય તપાસણીને આધારે ખામીવાળા બાળકોને અલગ તારવીને તેઓને આરોગ્ય કેંદ્રના મેડીકલ ઓફિસરશ્રી પાસે સારવાર અને વધુ તપાસણી માટે મોકલી આપે છે. મેડીકલ ઓફિસરશ્રી પ્રાથમિક સારવાર આપી જો આ બાળકો પૈકી કોઈને વધુ સારવારની જરૂરીયાત જણાય તો તેમને સંદર્ભ કાર્ડ ભરીને સિવિલ હોસ્પીટલ કે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવે છે, જ્યાં આ બાળકોને યોગ્ય સારવાર વિના

અનુસંધાન પાના ૭ પર

## નાદુરસ્ત બાળકોની આરોગ્ય તપાસણી કરી સારવાર પૂરી પાડવામાં આવી

# સિંગણપોરથી ખુશાલીબહેન પીપલાયા ગુમ

સુરત, તા.૧૪

સિંગણપોર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસારતા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ સિંગણપોર વિસ્તારનાં રહે- ૭૪ યોગીનગર શિવાલીકની સામે ડભોલી રોડ સુરત (મૂળવતન-મોટીવડાળ તા-મહુવા જી-ભાવનગર) ખાતે રહેતા દિનેશભાઈ ઝવેરભાઈ પીપલીયા ના ૧૮ વર્ષીય પુત્રી ખુશાલીબહેન ગુમ થયાછે.જેઓ શરીરે મજબુત બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેમની ઉંચાઈ ૫.૦૧ ફૂટ છે. શરીરે સફેદ કલરનું ટોપ ગુલાબી કલરનું પેન્ટ પહેરેલ છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સિંગણપોર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# પુણાથી નીતાબહેન જેઠવા લાપતા

સુરત, તા.૧૪

પુણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસારતા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજપુણા વિસ્તારનાં રહે- ઘર નં ૨૦૪ શિવમ એપાર્ટમેન્ટ પહેલો વિભાગ - ૦૧ અમરધામ સોસાયટી પુણાગામ સુરત ખાતે રહેતા મુકેશભાઈ ભીખાભાઈ જેઠવાના ૪૦ વર્ષીય પત્ની નીતાબહેન ગુમ થયાછે.જે શરીરે મધ્યમ બાંધાના રંગે ગોરાવર્ણના છે.જેની ઉંચાઈ ૦૫.૦૫ફૂટ છે.જેને શરીરે પ્રિન્ટેડ ટોપ પહેરેલ છે.તથા ક્રીમ કલરનો દુપટ્ટો પહેરેલ છે.જેઓહિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ગોડાદરાથી લક્ષ્મીબહેન પરમાર ગુમ

સુરત, તા.૧૪

ગોડાદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસારતા.૩૦/૦૧/૨૦૨૫ના રોજ ગોડાદરા વિસ્તારનાં રહે- ઘર નં -૫૭ પ્રિયંકા સોસાયટી વિભાગ-૫ નીલ કંઠ સોસાયટીની બાજુમાં ગોડાદરા (મૂળરહે-અડાવ તા —બોટાદ ખાતે રહેતા ધીરુભાઈ ઝવેરભાઈ પરમારની૨૯ વર્ષીય પુત્રી લક્ષ્મીબહેન પરમાર ગુમ થયાછે. જે શરીરે મજબુત બાંધાના રંગે શ્યામવર્ણ છે.જેની ઉંચાઈ ૦૫.૦૨ફૂટ છે. જેમણે શરીરે રાખોડી કલરનો ડ્રેસ પહેરેલ છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ગોડાદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# પુણાથી મેનાબહેન ગોહિલ લાપતા

સુરત, તા.૧૪

પુણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસારતા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ પુણા વિસ્તારનાં રહે-ઘર નં ૩૩ સંતકૃપા સોસાયટી સ્વામિનારાયણ મંદિરની બાજુમાં પુણાગામ સુરત (મુળગામ-જુદાંણા તા-જસદણ જી-રાજકોટ ) ખાતે રહેતા પારસભાઈ ગોહિલની ૨૭ વર્ષીય પત્ની મેનાબહેન ગુમ-અપહરણ થયેલ છે.જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ગોરાવર્ણ છે. જેમની ઉંચાઈ ૦૫.૦૫ફૂટ છે.જેણે શરીરે ગ્રે કલરનો ડ્રેસ પહેરેલ છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ખેરગામ નજીક મા રૂપા ભવાની મંદિર પ્રાંગણમાં રામલીલા રજૂ



## અદ્ભૂત રામલીલાની ભજવણીથી દર્શકો મંત્રમુગ્ધ

ખેરગામ, તા.૧૪

સનાતન ધર્મમાં રામલીલા લોકનાટ્ય સ્વરૂપે રજૂ થાય છે જે મોટાભાગે ઉત્તર ભારતમાં ખૂબ જ પ્રચલિત છે. રામલીલાનું નાટક પરંપરાગત મનોરંજન, શિક્ષણ અને ધાર્મિક આસ્થાનું સ્વરૂપ છે.. રામાયણ અને મહાભારત ના બહુ પ્રચલિત પ્રસંગોને આવરી લેતી કથાવસ્તુને ધ્યાનમાં રાખી તેને 'રામલીલા' દ્વારા સામાન્ય પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવે છે. નાનકડા મંચ ઉપર પડદા ખોલ બંધ કરી પરંપરાગત દિવ્ય આભૂષણો-પોશાક અને પ્રસંગ અનુરૂપ શસ્ત્રો દ્વારા પ્રસંગોને આબેહૂબ રજૂ કરવામાં કલાકારો નિપૂણ હોય છે. 'રામલીલા' મોડી રાત સુધી ભજવાતી હોય છે જે ધાર્મિક મહત્વ ધરાવતુ નાટક ગ્રામડામાં ઘણું પ્રચલિત છે. રામલલ્લાના પુનઃસ્થાપન- દિવ્યમંદિર બાદ તેનો પ્રચાર ફરીથી વધી રહ્યો છે.

ખેરગામ તાલુકાના નજીકના માં રૂપા ભવાની મંદિરના પ્રાંગણમાં ગત શનિવારની સાંજથી રામલીલા ભજવાઈ રહી છે જેનું સંચાલન કૃષ્ણ કુમાર ઝા જનકપુર-અયોધ્યા અને સંગીત વાદનમાં શાલીગ્રામ દિ[illegible] સુલતાનપુરી વાજાપેટી-ગાયન તથા અનિલ મહારાજ (જે હનુમાનજીનું પાત્ર ભજવે) ઢોલક વાદક છે અને સારું ગાઈ વગાડી રંગત જમાવે છે.

ખેરગામના સુપ્રસિદ્ધ કથાકાર નરેશભાઈ રામાનંદી, વિશ્વ હિન્દુ પરિષદના ખેરગામ પ્રખંડ પ્રમુખ જીતુભાઈ પટેલ, નયન સાથે બુધવારે રામલીલા માણી હતી જેમાં પંચવટીમાં પધારેલા રામ લક્ષ્મણ જાનકી સાથે સૂર્પણખાનો પ્રસંગ ધમાચકડી અને સંવાદ ની સૌએ મજા લૂંટી હતી. રામ લક્ષ્મણજી ની કથાકાર નરેશભાઈ ના હસ્તે આરતી ગાન સાથે પ્રારંભ અને શયન આરતી સાથે વિરામ અપાયો હતો, જો આ રામલીલા ખેરગામમાં ભજવાતી હોત તો સેંકડો રામ ભક્તો જોવા આવત, દૂર બહેજ ખાતે હોય નાનો સમૂહ મજા માણતો હતો, છતાં સનાતન ધર્મ આદર્શ રામાયણ પ્રચારક રામલીલા મંડળ, હનુમત નિવાસ તીર્થક્ષેત્ર અયોધ્યાધામ-જનકપુર ધામના સંચાલક કૃષ્ણકુમાર ઝા તથા તેમના ૧૫ કલાકારોનુ વૃંદ દ્વારા દિલથી પ્રસ્તુતિ કરી ભગવાન રામજીના ચરિત્ર-કથાનો પ્રચાર કરતા હતા, જેઓને

અનુસંધાન પાના ૭ પર



# સુપ્રસિદ્ધ યાત્રાધામ શુક્લતીર્થના મેળામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

## બે દિવસ મેળાને ખુલ્લો મુકતા ભરૂચ જિલ્લા કલેક્ટર

ભરૂચ, તા.૧૪

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા વહીવટીતંત્ર, ભરૂચ દ્વારા આયોજીત બે દિવસીય શુકલતીર્થ ઉત્સવનો શુભારંભ થયો હતો.

આ ઉત્સવની શરૂઆત જિલ્લા કલેકટર શ્રી ગૌરાંગ મકવાણા અને અન્ય મહાનુભાવોના વરદ્હસ્તે દિપ પ્રાગટય થકી કરવામાં આવી હતી. કાર્યક્રમની પ્રથમ સંધ્યાએ ગુજરાતના વિવિધ કલાવૃંદો દ્વનારા આદિવાસી લોકનૃત્ય, ગરબા, ભક્તિ સંગીત થીમ ડાન્સ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમની જમાવટ કરી જિલ્લાની જનતાને અનેરા આનંદની અનુભૂતિ કરાવી હતી. આ પ્રસંગે, પ્રકૃતિ નિર્માણ અને વિનાશના સમન્વયથી નિરૂપિત ત્વિષા વ્યાસના ગૃપ ધ્વારા શિવ તાંડવ નૃત્યનું રજૂ કર્યું અને દેશ અને વિદેશની ધરતી સુધી પ્રખ્યાત સિદી ધમાલ નૃત્ય, નવરંગ ગરબા ગૃપ ધ્વારા પ્રાચીન ગરબો અને ભારતભરમાં અનેરી છાપ છોડનારું આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતું રાધિકા આદિવાસી લોકનૃત્ય કલા મંડળ ચીચલી ધ્વારા પાવરી નૃત્યએ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

વધુમાં, ગુજરાત સહિત ભરૂચની યશ કલગીમાં મોરપીંછ સમાન, ટોલીવુડ થી બોલિવુડ સુધી પોતાના સૂરોથી ખ્યાતી પ્રાપ્ત કરનાર

અનુસંધાન પાના ૭ પર

# તેરે વાસ્તે ફલક સે મૈં ચાંદ લાઉંગા, સોલહ સત્રહ સિતારે સંગ બાંધ લાઉંગા



પ્રેમમાં પડવા માટે માણસ વસંતઋતુ અથવા વેલેન્ટાઇનની રાહ જોતો નથી. પ્રેમમાં પડે છે ત્યારે એના મનમાં વસંતઋતુ ચાલતી હોય છે. એક અભ્યાસ એવું જણાવે છે કે માણસ પ્રેમમાં પડે છે ત્યારે નશામાં હોય એવો અનુભવ કરતો હોય છે, જેને ટકાઉ પ્રેમ અંગે થોડો ડર લાગતો હોય અથવા ચિંતા રહેતી હોય તો ચોકલેટ ખાવી અને હાથ પકડીને જિંદગીની યાત્રા કરતાં રહેવાથી મન આપોઆપ શાંતિ અનુભવે છે.

જો કે આજકાલ ઓનલાઇન ડેટિંગ ઍપની સગવડ પછી પ્રેમની અનુભૂતિઓ બદલાવા લાગી છે. આ ઍપ પર રોજ ત્રીસ લાખ લોકો પ્રેમને શોધવા નીકળે છે. આશ્ચર્ય તો એ છે કે ડેટ ઍપ પર આવનારી મહિલાને પતિ કરતાં વધુ તો સારા મિત્રની જરૂર હોય છે, જે એને સમય આપી શકે. ભવિષ્યમાં અંઈની હરીફાઈના યુગમાં પ્રેમની કલ્પના-વ્યાખ્યા પણ બદલાવા લાગશે.

એક અભ્યાસ મુજબ પ્રેમના સફળ ખેલાડીઓને હૃદય સંબંધિત તકલીફો અન્ય કરતાં ઓછી હોય છે. સ્વાભાવિક છે કે તણાવના સ્થાને આનંદ તત્ત્વ માણસને ઘણી બધી સમસ્યાઓથી મુક્ત રાખતો હોય છે. પ્રેમમાં સફળ વ્યક્તિને દર્દ ભોગવવામાં એટલી તકલીફ નહિં લાગતી હોય.તાજેતરમાં પ્રેમમાં લાંબું બેટિંગ કરી રહેલા દંપતીઓ પર એક અભ્યાસ કરવામાં આવ્યો. આ દંપતી જયારે એકસરખું વિચારે છે ત્યારે એ સુખની અનુભૂતિ કરે છે અને ખુશ લાગે છે. હવે ખબર પડી હશે કે જયારે મતભેદ થાય તે સમય પૂરતાં દંપતીઓના મોં ચઢેલા જોવા મળે છે. સરવાળે પ્રેમને બહુ સમજવા કરતાં માણી લેવામાં વધારે મજા છે. નવા સંશોધન મુજબ એકસરખા વિચારો ધરાવનાર પ્રેમીઓ વચ્ચે જાત જાતના વિવાદો થતાં હોય છે. પ્રેમની કથાઓમાં એક જ બોધપાઠ છે કે, બધું બિનશરતી હોવું જરૂરી છે.મની વાતો અંગે મનોવિજ્ઞાનીઓને પૂછીએ કે માણસના મનમાં પ્રેમની ઋતુ કેવી રીતે ઉદ્ભવે છે એટલે એમની પાસે તારણો તૈયાર જ હોય છે. માણસને પ્રેમની અનુભૂતિ માટે મગજમાં 'નોરએડ્રેનાલાઇન' નામનું કેમિકલ વહેવા લાગે છે. આ નામે અને કર્મે અઘરું લાગતું કેમિકલ એડ્રેનાલાઇનના વધારાને પ્રોત્સાહન આપે છે, જે દિલની ધડકનો વધારે છે. માણસના મનમાં જગતમાં બધા લોકો સારા જ છે અને જગત પ્રેમ કરવા લાયક છે જેવા ભાવ ઉત્પન્ન કરાવવા ડોપામાઈન તૈયારી કરીને બેઠું હોય છે. 'ફેનિલએથિલેમાઇન' નામનું કેમિકલ પ્રિયતમની નિકટ મોકલવા પોતાની શક્તિ વાપરે છે. સરવાળે આ બધા કેમિકલ તમને પ્રેમ કરવા માટે તૈયાર કરે છે, બાકી તમારો કોઈ વાંક નથી. હવે સમજાશે કે મગજમાં વહેતા પ્રેમના કેમિકલ ઝરણાં તમને રોમેન્ટિક કવિતા લખાવવા કે રોમેન્ટિક ગીતોને મમળાવવાની કેમ પ્રેરણા પૂરી પાડે છે.એક માન્યતા છે કે પ્રેમમાં પડવા માટે દેખાવ સારો હોવો જોઈએ. અહીં રૂપની વાત આવતી નથી, પણ તમે પોતાની જાતને કેવી રીતે પ્રેઝન્ટ કરી શકો છો એ આકર્ષણ પેદા કરવાનું મહત્ત્વનું કારણ છે. મનોવિજ્ઞાનીઓ એટલે જ માને છે કે સ્ત્રીઓને સામસામે બેસીને પ્રેમની વાતો કરવામાં વધારે રોમેન્ટિક ફીલ આવે છે અને પુરુષોને બાજુમાં બેસીને જલસો કરવો હોય છે. ક્યાંય બેસો પણ માણસને પહેલી નજરે પ્રેમમાં પડવા માટે કેવળ ચાર મિનિટ જ જરૂરી છે. ચાર મિનિટમાં જે સારી અસર છોડી શકે એના માટે પ્રેમ આસાન થઇ જાય છે. એ આકર્ષણ થયા પછી સંબંધ ટકાવવાની કળા જરૂરી છે. પહેલી જ મુલાકાતમાં બિલ કોણ કાઢશે એ વાતે વિવાદ કરનારા અસંખ્ય નમૂના પડ્યા છે. પ્રેમ ટકાવવા માટે દિલથી નહિં, પણ દિમાગથી વિચારતાં રહેવું જોઈએ. જીવનમાં તકલીફ આવે તો કોણ કેટલી મદદ કરશે અને સાથ આપશે એ પ્રારંભના દિવસોમાં નક્કી થઈ જતું હોય છે. મેચ્યોર પ્રેમમાં એકબીજાનો યથાવત સ્વીકાર, શાંતિ, રિસ્પેક્ટ, કેર અને પાક્કા દોસ્ત બની રહેવાની ક્ષમતા પર પ્રેમસંબંધની લાઈફલાઈન ટકેલી હોય છે. આ પરિપક્વ પ્રેમના કારણે જ પ્રાણીઓમાં પણ ઘણી પ્રજાતિઓ જીવનભર એકબીજા સાથે જોડાયેલી રહે છે.રોમિયો-જુલિયટ, શીરી-ફરહાદ કે લૈલા-મજનુની કથામાં પ્રેમ અને લડાઈ વચ્ચે પ્રેમની પવિત્રતા આજે પણ લોકહૃદયમાં જીવંત છે. રાણી ક્લિયોપેટ્રા અને યોદ્ધા એન્ટનીની પ્રેમકથા યુદ્ધ અને મોત સુધી પહોંચી ગઈ હતી. હેલન અને પેરિસની પ્રેમકથા ટ્રોયની લડાઈ સુધી પહોંચી હતી. ફિલોસોફર દાંતે ફ્લોરેન્સના રસ્તા પર બીટરાઈસને એકાદ બે વાર જોઈ શક્યા અને મરતાં સુધી ભૂલી શક્યા નહિં. કેટ વિલ્સન અને કેપ્રીઆતોની ક્લાસિક ફિલ્મ 'ટાઈટેનિક'ની કથા અમર છે.આ તરફ, આપણા ગુજરાતી સાહિત્યના શિરમોર એવા મુન્શીજીની 'રાજાધિરાજ' કથાના કાક અને મંજરીની પ્રેમકથાનો અંત યાદ રાખવા જેવો છે. 'એક દુજે કે લિયે'થી માંડીને 'રામલીલા' વાયા 'કયામત સે કયામત તક' સુધીની રોમિઓ-જુલિયટ કથા આધારિત ફિલ્મોમાં પ્રેમનો દુઃખદ રંગ દર્શકો જોઈ ચૂક્યા છેઆ બધા ઉદાહરણ એટલા માટે લખ્યા કે દરવખતે પ્રેમકથાઓમાં અંતમાં સરેરાશ હિન્દી ફિલ્મોની જેમ સુખદ હોતાં નથી. જે સ્ત્રીના સન્માન માટે રાવણ જેવા રાક્ષસ સાથે યુદ્ધ કરવું પડ્યું તેમ જ ભગવાનનું સ્વરૂપ હોવા છતાં સીતાજીથી ભગવાન રામે વિયોગ કરવો પડ્યો હતો. પ્રેમ એટલે ફક્ત સુખ ભોગવવું એવું લખેલું નથી, પણ સાથે રહીને જગતને જીતવાનો યજ્ઞ છે. આ બધી કથાના મૂળ જોશો તો સમજાશે કે પ્રેમના મૂળ તત્ત્વમાં સહાનુભૂતિ તથા સાહસ નામના કેમિકલ જરૂરી છે. આ કથાઓ પ્રેમમાં પડવાની વાત કરતી નથી, પણ પ્રેમનો અનુભવ કરાવતી કથાઓ છે.

સરવાળે પ્રેમની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. પ્રેમતત્ત્વ સમજવા સાહિત્ય, સંગીત, ગીતો, નૃત્યો, નાટકો, ફિલ્મો સહિત અનેક માધ્યમ મદદરૂપ થયા હોવા છતાં પ્રેમની અધૂરપ જિંદગીભર રહેતી હોય છે. 'બીફોર સનરાઈઝ' ફિલ્મમાં સેલિન નામનું પાત્ર સરસ વાત કરે છે કે આપણે જિંદગીમાં એકબીજા માટે જે કંઈ કરીએ છીએ એ થોડો વધારે પ્રેમ મેળવવા માટેનો પ્રયાસ નથી હોતો? પ્રેમ એટલે શું તેનો જવાબ ૨૦૧૮માં આવેલી અનેક ઍવોર્ડ વિજેતા લેડી ગાગા-બ્રાડલી કોપરની ફિલ્મ 'સ્ટાર ઇઝ બોર્ન'માં કહી છે એ એ છે.



# અંતે અમારા રાજુએ શેના કંકુના કર્યા!

'મને કશું સમજાતું નથી. હું શું કરું?' રાજુએ હોઠ ફફડાવી અસ્પષ્ટ સ્વરે કશુંક કહ્યું. રાજુ હેમલેટ નાટકના પાત્ર મેકબેથ( ક્યારેક લેખમાં વિલાયતી સાહિત્યકાર અને કૃતિનો ઉલ્લેખ કરવો જોઇએ. તેનાથી લેખનું વજન વધે છે લેખકે ફેસબુક કે પાસબુક સિવાય કોઇ રિયલ બુક વાંચી છે એવું વિવેચકને લાગે તે પણ જરૂરી છે.) જેવી 'ટુ બી ઔર નોટ ટુ બી' જેવી દ્વિધા અનુભવતો હતો. 'રાજુ, શું વાત છે?' મે રાજુને પૂછયું. કબજિયાત દૂર કરવા કોઇ ચૂર્ણ ફાંકે છતાં સુખદ પરિણામ ન મળતાં જે યંત્રણામાંથી પસાર થાય તેવી યંત્રણા રાજુના ચહેરા પર દેખાતી હતી.

'ગિરધરલાલ, સમજાતું નથી કે હું શું કરું?' રાજુએ ફરી એ વાતનું રટણ કર્યું. રાજુની તકલીફ સહદેવ જેવી હતી. સહદેવ અતિજ્ઞાની હતા. સહદેવને જ્ઞાનનો આફરો ચડે, પેટ અને મગજ ઢમઢોલ થઇ જાય છતાં સહદેવને કોઇ પૂછે નહીં તો સહદેવ કંઇ પણ લિકેજ સિપેજ કરી શકે નહીં. મેં પ્રશ્ન કર્યો. છતાં, રાજુ કંઇ બકવા તૈયાર ન હતો. કદાચ કોઇ સંવેદનશીલ મસલો હશે. રાજુ મને તેનો વિશ્વાસુ ન માનતો હોય એટલે 'લવિંગ'નું નામ (મગ કયાં સુધી?!) 'એલચી' પાડતો ન હતો.

'રાજુ, તને વાત કરવા જેવી લાગતી હોય તો મને વાત કર. હું તેને અત્યંત ગુપ્ત રાખીશ. તું વાત કરીશ તો મન હળવું થશે. કોઇ સમસ્યાનું

આભાર - નિહારીકા રવિયા સચોટ સમાધાન થશે.' 'ગિરધરલાલ, મારું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. તમારાથી મારે શું ખાનગી રાખવાનું?' રાજુએ મારા પર ભરોસો જતાવ્યો.

'ગિરધરલાલ, ગુપ્ત રોગના દર્દી જેવી હાલત છે. ન સહેવાય કે ન કહેવાય ને મન કરમાય.' 'તો શું છે? રાજુ તું મગજની નસો ખેંચે છે. ઈનફ ઈઝ ઈનફ.' માથાનો દુખાવો મટાડવાની ગોળી ગળતા મેં રાજુને વૉર્નિંગ આપી. 'ગિરધરલાલ, આપણો મેળ પડી ગયો.' રાજુના અવાજમાં આનંદ સ્ફૂર્યો. 'એમ રાજુ? છોકરી ક્યાંની છે? છોકરી શું કરે છે? રૂપાળી છે શ્યામાંગના છે?' મે લાયબંબાની જેમ સવાલોનો મારો ચલાવ્યો. 'ગિરધરલાલ, હું લગ્ન-બગ્નની વાત કરતો નથી.' રાજુએ સ્પષ્ટતા કરી.

'તો તું શેની વાત કરે છે?' મેં આંધળે બહેરું કૂટ્યું . 'ગિરધરલાલ, મેં તાલુકા પંચાયતની સીટ માટે અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે. હું તેની વાત કરું છું.' રાજુએ રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો. 'રાજુ, તે આ શું કર્યું? રાજકારણ તો કાદવકરણ છે. કોલસાની દલાલીમાં હાથ કાળા જ થાય.' આવી એક -બે કહેવત સાથે રાજુને તતડાવ્યો.

'ગિરધરલાલ, હવે જ મુશ્કેલી શરૂ થઇ છે. મેં ગણપત ગાંગડા પાસે ખાનગીખુલ્લો સર્વે કરાવ્યો. આપણા જીતવાના-હારવાના

ચાન્સીસ ફીફટી બિસ્કિટની જેમ ફીફટી ફીફટી છે. ચૂંટણી લડીએ પાંચ પચ્ચીસ લાખ રૂપિયાનો ખર્ચ કરીએ અને હારી જઇએ તો ગોળી અને ગોફણ જાય. મતદારોને નોટ, લોટ આપીએ તો પણ આપણા પગ આગળ લોટપોટ થાય કે કેમ એ સવાલ છે. જો ચૂંટણી જીતી જઇએ અને પંચાયત પ્રમુખ થઈએ તો જ ચૂંટણીના ખર્ચા અંડાગંડા-કોઠાકબાડા કરીએ તો રિકવર થાય. વિપક્ષમાં બેસવાનું હોય તો ચાપાણી ગાંઠના પૈસે પીવા પડે.' રાજુએ ડુંગર ખોદીને ઉંદર કાઢ્યો.

'રાજુ, તારી વાત વિચારવા યોગ્ય છે.''ગિરધરલાલ, થોડા વરસોથી ધારાસભ્યોનાં અવિશ્વાસની દરખાસ્ત ચર્ચાની એરણ પર આવવાની હોય તેના બેત્રણ દિવસ પહેલાં લોકશાહીની રક્ષા એટલે કે હત્યા કરવા ધારાસભ્યોને રિસોર્ટ લઇ જવામાં આવતા હતા. સામેના પક્ષની સરકારને તોડવા ધારાસભ્યોને રિસોર્ટની સૈર કરાવવામાં આવતી હતી. રિસોર્ટમાં રહેલા ધારાસભ્યો ત્યાંથી પરત થયા પછી પણ ક્રોસવોટિંગ કરતા. હવે ચૂંટણીના ઉમેદવારો પક્ષનો વાડો કૂદીને સામેના ઢોરવાડામાં

અંતરાત્માના અવાજને અનુસરીને જતા ન રહે કે કોઇની તરફેણમાં ફોર્મ પાછું ન ખેંચે તે માટે રિસોર્ટમાં લઇ જવાનો નવોનકોર ટ્રેન્ડ શરૂ થયો છે. ઉમેદવારો પક્ષાંતર ન કરે અને પક્ષમાં ટકી રહે એ માટે તેમના કૂળદેવતા કે કુળદેવીના સોગંદ લેવડાવવામાં આવે છે. અલબત, ઉમેદવારોને પક્ષપલ્ટો કરતાં કે આયારામ- ગયારામ બનતાં કૂળદેવ કે કૂળદેવી રોકી શકતા નથી એ વાત અલગ છે.' રાજુએ નવો ટ્રેન્ડ જણાવ્યો.

'રાજુ, નેતાલોગ આટલા બધા અધોગામી થઇ ગયા છે??' મેં રાજુને સવાલ કર્યો. 'ગિરધરલાલ, હવેની ચૂંટણીનો કોઇ ભરોસો નથી. મતદારો કોથળામાંથી બિલાડાને બદલે કોક્રોચ કાઢે છે. મને આપણા પક્ષમાંથી ફોર્મ પાછું ખેંચવા સાડા ત્રણ લાખ રૂપિયા અને હવેની ચૂંટણીમાં ટિકિટ આપવાની ખાતરી આપી છે. ઢોંગી પાર્ટીએ પાંચ લાખ રૂપિયાની ઓફર આપી છે. ભારતીય જુમલા પાર્ટીએ જુગારનો કેસ બંધ કરવા અને એક ખોખાની ઓફર આપી છે. વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ આપવાની અને હું જીતી જઉં તો મંત્રી બનાવવાની ગેરેંટી આપી છે. હજુ રાહ જોઉ તો ચૂંટણી લડ્યા વગર અબજોપતિ બની જાવ તેવા ચાન્સ છે. મારે અર્જુનની જેમ ચૂંટણીક્ષેત્રે યુદ્ધ કરવું જોઇએ કે 'રાજુને કહો મુઠીમાં બાંધ રૂપિયા અને ચૂંટણી પલાયન એ જ કલ્યાણ' કરવું જોઇએ?' રાજુએ આશાભરી નજરે જોયું. રાજુની દશા તાજેતરમાં રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ 'ફાટીને?' જેવી હતી ? 'રાજુ વિચાર કરવાનો સમય નથી. જે મળે તે ગજવે ઘાલી લે. 'ચૂંટણી ફોર્મ નાંખ નદીમાં, રૂપિયે માર્ગ ચાલ' મેં એક જાણીતી કાવ્ય પંક્તિને ટવિસ્ટ કરીને રાજુને સલાહ આપી.કહે છે કે 'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ. હવે એમાં ખુદા દેતા હૈ તો ચૂનાવ કા પર્ચા ફાડકર દેતા હૈ' એવી ઉક્તિનો પણ સમાવેશ કરી લેવો જોઇએ. લક્ષ્મી ચાંદલો કરવા આવી તો રાજ મોઢું ધોવા ગયો નથી. રાજુએ કંકુના કર્યા છે. કંકુના છાંટણા કરી કરોડ રૂપિયાની કડકડતી કરન્સી વધાવીને નોટશાહીને મજબૂત કરી છે. જય નોટશાહી. જય વોટશાહી.

## આ પ્રકારના સંબંધથી કેટલાક લોકોને ખાસ ખુશી મળે છે...

# એક્સ્ટ્રા મૈરિટલ અફેયરથી ખુશી

અમારામાંથી મોટા ભાગના લોકો નક્કરપણે અને સ્પષ્ટપણે માને છે કે કોઇ રિલેશનશીપમાં બેવફાઇ માટે કોઇ જગ્યા નથી. બે લોકોની વચ્ચે કોઇ ત્રીજાની કોઇ શક્યતા હોતી નથી. પરંતુ હાલમાં કરવામાં આવેલા સર્વેમાં કેટલીક અન્ય રોચક બાબત સપાટી પર આવી છે. જેમાં જાણવા મળ્યુ છે કે કેટલાક દંપત્તિ એવા પણ છે જે એક્સ્ટ્રા મૈરિટલ અફેયર્સ અથવા તો લગ્ન થયા હોવા છતાં બહાર પણ સંબંધ રાખે છે. આ પ્રકારના સંબંધને તેઓ પોતાની ખુશી તરીકે પણ ગણે છે. અમેરિકાની મિસોરી સ્ટેટ યુનિવર્સિટીમાં હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબના તારણ સપાટી પર આવ્યા છથે. યુનિવર્સિટીના પ્રોફેસર એલિસિયા વોકર દ્વારા એશ્લે મેડિસીન નામની એક ડેટિંગ સાઇટ મારફતે એક હજારથી વધુ લોકોને આવરી લઇને અભ્યાસ કરાવવામાં આવ્યા બાદ કેટલીક રોચક બાબત સપાટી પર આવી હતી. ડેટિગ સાઇટ મારફતે સર્વેમાં કેટલીક બાબત સપાટી પર આવી હતી. આ ડેટિંગ સાઇટ પર અનોખી તરીકે રહેલી છે. જે માત્ર પરિણિત દંપત્તિ અને રિલેશનશીપમાં રહેલા દંપત્તિ માટે જ ડેટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. આ સર્વેમાં સામેલ કરવામાં આવેલા લોકોને પ્રશ્ન કરવામાં આવ્યા કે પોતાના ગૃહસ્થ જીવનની બહાર કોઇની સાથે સંબંધ રાખવાની શુ અસર થઇ છે. તેમના જીવનને કેટલા હદ સુધી અલગ ખુશી મળી છે. હેરાનીની બાબત એ છે કે ૧૦ પૈકી સાત લોકોએ કહ્યુ હતુ કે લગ્ન સંબંધો બાદ બહારના સંબંધ સ્થાપિત કરીને તેમની લાઇફ વધારે સંતોષજનકરીતે આગળ વધી રહી છે. આંકડાના કહેવા મુજબ પુરુષો કરતા મહિલાઓ વધારે પોતાના લગ્ન સિવાયના સંબંધોના કારણે વધારે સંતુષ્ટ દેખાઇ છે. આ સંતુષ્ટી માટેના કેટલાક કારણ જવાબદાર રહ્યા છે. જેમ કે ગૃહસ્થીમાં પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની બાબતમાં સંતોષ ન મળવાની બાબત પણ સામેલ છે. બહારના પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની સ્થિતીમાં સંતોષ મળે છ. આ આઉટસાઇટ પાર્ટનરની સાથે સપ્તાહમાં બે વખત સેકસ સંબંધો બનાવવા માટેની બાબત સામેલ છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે જ્યારે આ પ્રકારના લગ્ન બાદના સંબંધો ખતમ થઇ જાય છે ત્યાર પાર્ટનરની સાથે વિશ્વાસઘાત કરવાનો કોઇ અનુભવ થાય છે કે કેમ તેને લઇને પણ પ્રશ્નો સર્વેના ભાગરૂપે પુછવામાં આવ્યા હતા. હેરાન કરનાર બાબત તો એ છે કે શોધમાં સામેલ કરવામાં આવેલા મોટા ભાગના લોકોએ કહ્યુ છે કે લગ્નના સંબંધનો અંત આવ્યા બાદ તો જીવનમાં પહેલા કરતા વધારે ખુશી મળે છે. માત્ર આ જ સર્વેમા સંબંધ અને બેવફાઇ વચ્ચેના સંબંધ જોડવામાં આવ્યા નથી. એક જર્નલમાં પ્રકાશિત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પોતાના લગ્ન સિવાય બહારના સંબંધ રાખે છે અને તેની માહિતી પાર્ટનરોને આપતા નથી તે લોકો વધારે ખુશ રહે છે. આ બાબત વાસ્તવિકતા છે કે આ સર્વેના પરિણામ દર્શાવે છે કે જે લોકોએ પોતાના ગહસ્થીની બહાર સંબંધ બનાવ્યા છે તે ખુશ દેખાયા છે પરંતુ આનો અર્થ એ નથી કે પરિણિત લાઇફમાં રહેલી સમસ્યાનો ઉકેલ લાવવા માટે આ સમસ્યાનો ઉકેલ છે. તમામ જાણકાર લોકો કહે છે કે થોડાક સમયની ખુશી કેટલાક પરિવારને બરબાદ કરી નાંખે છે. પોતાના પાર્ટનરની સાથે વિશ્વાસઘાત કરીને હાંસલ કરવામાં આવેલી ખુશી થોડાક સમય માટેની હોય છે. સાથે સાથો જોખમી હોય છે. આના કારણે અનેક લોકોની લાઇફ ખોરવાઇ જવાનો ખતરો રહે છે. પારસ્પરિક સમસ્યાનો ઉકેલ વાતચીત મારફતે જ આવી શકે છે. વાતચીત મારફતે અને સંતોષની લાઇફ મારફતે પરિણિત જીવનને વધારે સાનુકુળ બનાવી શકાય છે. પરિણિત લાઇફમાં ખુશી લાવવા માટે વિશ્વાસ સૌથી ઉપયોગી બાબત છે .

# બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

આધુનિક ભાગદોડની લાઇફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઇચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે. ડિહાઇડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઇ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઇ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોક્સીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે.



# મા - બાપની સેવાથી ઉત્તમ બીજું કોઈ કામ નથી

એક વખતની વાત છે. કોઈ એક માણસ પક્ષીઓ માટે છત ઉપર પાણીની વ્યવસ્થા કરતો હતો. હવે તેણે રઢંજઢૅ માં સ્ટેટસ મૂકીને આખી દુનિયાને પોતે કરેલા મહાન કાર્ય વિશે જણાવવાનું વિચારતો જ હતો ત્યાં જ ઘરમાંથી એક બૂમ આવી અને કહ્યું કે," બેટા, એક ગ્લાસ પાણી આપી દીધું હોત તો સારું હતું. મેં વહુ ને કહ્યું પણ, તે મોબાઈલ વાપરવામાં વ્યસ્ત હતી." દીકરાએ થોડા ચીડાયેલા અવાજમાં કહ્યું, ,"મા, તને પણ આજકાલ બહુ તરસ લાગે છે. આખો દિવસ તને કોણ પાણી પીવડાવે? થોડી ધીરજ રાખ." છત પર પાણી પીવા માટે બેસેલા બધા પક્ષીઓ ભેગા થયા હતા તે આ બધું સાંભળતા હતા. બધાએ એક સાથે નિર્ણય લીધો કે આ ઘરનું પાણી નથી પીવું અને બધા ઊડી ગયા.

મિત્રો, યાદ રાખજો કે આપણે કોઈ જ પૂજા પાઠની જરૂર નથી. જો આપણે મા - બાપની સેવા કરી હશે અને જે "મા" ની ચિંતા તેનો દીકરો કરતો હોય એ "મા" થી સુખી તો એક રાજમાતા પણ નહિ હોય.

**અપેક્ષા શાહ "શ્રીજી"**
**અમદાવાદ.**

# ફિટનેસ માટે કસરત, પુરતી ઉંઘ જરૂરી

આધુનિક ભાગદોડની લાઇફમાં ફિટનેસને લઇને કાળજી લેવાતી નથી. લોકો ફિટનેસને હાંસલ કરવા માટે શોર્ટ કટ અપનાવે છે. ફિટનેસ સાથે જોડાયેલા જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ હાંસલ કરવા માટે નિયમિત કસરત કરવાની જરૂર હોય છે. સાથે સાથે પૌષ્ટિક ભોજનની પણ જરૂર હોય છે. ઉપરાંત પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી હોય છે. સ્પાઇન સાથે જોડાયેલી કસરત કરવાથી શરીરની તાકાતમાં વધારો થાય છે. આધુનિક સમયમાં યુવક યુવતિઓ ફિટનેસ હાંસલ કરવા માટે જીમિંગ અને સ્પેશિયલ ડાઇટને પ્રાથમિકતા આપે છે. પરંતુ યોગ્ય રીતે ડાઇટ ન લેવાના કારણે શાનદાર રિઝલ્ટ મળી શકતા નથી. પાંચમી મેના દિવસે હાલમાં જ વર્લ્ડ એથલીટિક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. એથલીટ જેવી બોડી મેળવી લેવા માટે તમામ ઇચ્છા રાખે છે પરંતુ શારરિક ગતવિધી આડેધડ કરે છે. શારરિક ગતિવિધી કરતા પહેલા કેટલાક પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કેટલીક સાવચેતી રાખવાની જરૂર છે. ફિટનેસને લઇને યુવાનો સવારમાં અને સાંજે ખુબ પરસેવો કાઢે છે. વ્યસ્ત જીવન શેલીની વચ્ચે યુવાઓ ૩૦ મિનિટની લઇને દોઢ કલાક સુધી સમય કાઢે છે. પોતાને ફિટ રાખવા માટેનો ક્રેઝ હાલમાં વધી રહ્યો છે. આમાં ૨૦થી ૪૫ વર્ષની વયના લોકોમાં ક્રેઝ સૌથી વધારે જોવા મળે છે. ઉપરાંત સ્થુળતાના કારણે પરેશાન થયેલા યુવાનો પણ ફિટનેસ હાંસલ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. વજનને ઘટાડી દેવા માટે કસરત કરી રહ્યા છે. આધુનિક સમયમાં મહિલાઓની સંખ્યા પણ જીમમાં વધી રહી છે. જુમ્બા અને એરોબિ કસરત કરતી મહિલાઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ માટે પ્રોટીન ખુબ જરૂરી છે. તે વજન ઘટાડી દેવામાં પણ મદદ કરે છે. તેના કારણે ફેટ સેલ્સ સરળતાથી બર્ન થાય છે. જે પ્રોટીન મારફતે ૨૫-૩૦ ટકા કેલોરી મેળવે છે તેમનુ વજન ઝડપથી ઓછુ થાય છે. સોયા પ્રોટીન, ઈન્ડા સૌથી ઉપયોગી છે. સોયા અને ઈન્ડા પ્રોટીનના સારા સોર્સ તરીકે છે. સોયા પ્રોટીનની વાત કરવામાં આવે તો તમામ નૌ એમિનો એસિડ હોય છે. પ્રોટીન ત્રણ પ્રકારના હોય છે. ફિટનેસને લઇને કેટલાક અભ્યાસકરવામાં આવી રહ્યા છે. એથલીટ જેવી શારરિક ફિટનેસને હાંસલ કરવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. મજબુત અને તાકતવર શરીર માટે ભોજનની સાથે સાથે નિયમિત કસરત જરૂરી છે. સામાન્ય એથલીટને ૫૦૦૦-૬૦૦૦ કેલોરીની જરૂર હોય છે. ભોજનમાં ૬૦-૭૦ ટકા કેલોરી કાર્બોહાઈડ્રેડ, ૧૨ ટકા કેલોરી પ્રોટીન, ૧૮-૨૮ ટકા કેલોરી ફેટથી લેવામાં આવે તે જરૂરી છે. આ શારરિક ગતિવિધી પર આધારિત હોય છે. રનિંગ, શોલ્ડર સ્ટ્રેચ, ક્રંનેચેજ, પુશઅપ્સ અને ચેસ્ટ સ્ટ્રેચ કસરત કરવાથી ફાયદો થાય છે. સાથે સાથે પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી છે. ખાવા પીવાની ચીજોની વાત કરવામાં આવે તો ભોજનમાં કાર્બોહાઈડ્રેટાવાળી ચીજો ઉપયોગમાં લઇ શકાય છે.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫**

# દેશના પ્રથમ સ્વતંત્રતા સેનાની વીર યોદ્ધા 'તિલકા માંઝી'

દેશની સ્વતંત્રતા માટે અગણિત વીરોએ પોતાના પ્રાણની આહુતિ આપી છે, એમાં એક નામ એટલે તિલકા માંઝી. અનેક ઈતિહાસકારો સ્વતંત્રતા સેનાની તિલકા માંઝીનું નામ દેશના પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની અને પ્રાણની આહુતિ આપનાર ક્રાંતિકારી તરીકે ગણે છે. સમગ્ર દેશમાં દમનનો કોરડો વિંઝતી અમાનુષી અંગ્રેજ સલ્તનતે બિહાર-ઝારખંડમાં, જંગલોમાં પણ આતંકનો દોર આરભ્યો ત્યારે શાંત, નિર્દોષ અને અદમ્ય દેશભક્ત એવા દેશના વનવાસી સમાજે અંગ્રેજ જુલ્મ સામે ક્રાંતિનો શંખનાદ કર્યો હતો.તિલકા માંઝીનો જન્મ ૧૧ ફેબ્રુઆરી, ૧૭૫૦ના રોજ બિહારના સુલતાનગંજના તિલકપુર ગામમાં સંથાલ આદિજાતિ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ સુંદરા મુર્મુ હતું. ઉલ્લેખનીય છે કે આપણા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ એ સંથાલી સમાજમાંથી આવે છે. તિલકા માંઝીની સાહસિકતાને કારણે તિલકા માંઝીને જબરા પહાડિયા તરીકે પણ ઓળખવામાં આવે છે. અંગ્રેજોની દમનકારી નીતિઓએ તિલકાને કિશોરાવસ્થામાં જ હચમચાવી દીધા હતા. ગરીબ વનવાસીઓની જમીન, ખેતી, જંગલો અને વૃક્ષો પરના અધીકાર અંગ્રેજ શાસકો અન્યાયી રીતે છીનવવા માંડયા હતા.તિલકા માંઝીએ વનવાસી સંથાલી સમાજનું નેતૃત્વ કર્યું. અંગ્રેજોએ વનવાસીઓના સંશાધનો પર કબજો જમાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે તિલકા માઝીની આગેવાનીમાં વનવાસીઓએ પોતાના ટાંચા સંસાધનો છતા અંગ્રેજો સામે સશસ્ત્ર મોરચો માંડયો. તિલકા માંઝીએ સંથાલી વનવાસીઓને સંગઠિત કરવા 'મુક્તિ દળ'ની સ્થાપના કરી.આ એ સમય હતો જ્યારે એક તરફ દુષ્કાળની ભયાનક યાતના હતી અને બીજી તરફ અંગ્રેજોએ ફરજિયાત અન્યાયી કરવેરો લાદી દીધા. વનવાસીઓ કર ચૂકવી શકે એવી સ્થિતિમાં જ નહોતા. આ સમસ્યાઓ ઓછી હોય તેમ કોર્ટે અને છેલ્લા દસ વર્ષનો બાકી કર ચૂકવવાનો આદેશ આપ્યો. કર વસૂલવા અંગ્રેજ અધિકારીઓએ દમન શરું કર્યો. એ દરમિયાન તિલકા માંઝીના નેતૃત્વમાં લડાયેલા વિવિધ યુદ્ધો દરમિયાન, તેમણે અંગ્રેજોને પડકાર ફેંક્યો અને કહ્યું કે - 'આ ધરતી માતા છે, અમારી માતા છે, અમે તેના પર કોઈને ટેક્સ નહીં ચૂકવીએ.' ત્રીજી બાજુ વિદેશી ખ્રિસ્તી મિશનરી પણ વનવાસીઓની ગરીબાઇનો લાભ ઉઠાવી રહ્યા હતા. શોષણ અને અત્યાચાર સામે તિલકા માંઝીએ વનવાસીઓને જાગૃત કર્યા. અંગ્રેજો સામે મોરચો માંડયો. ભારતીય ગેરિલા પધ્ધતિએ લડતા વનવાસીઓએ અંગ્રેજોને હંફાવ્યા.૧૭૭૧ થી ૧૭૮૫ સુધી બ્રિટીશરો સામે તિલકા માંઝી સતત સશસ્ત્ર સંઘર્ષ કરતા રહ્યા. તિલકા માંઝીના નેતૃત્વમાં જંગલવાસીઓએ અંગ્રેજોને જબરદસ્ત ટક્કર આપતા ખદેડવાનું શરૃ કર્યું ત્યારે પરિસ્થિતિની ગંભીરતાને જોઈને અંગ્રેજોએ ક્લિવલેન્ડ નામના અધિકારીને સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિયુક્ત કરીને રાજમહેલ મોકલ્યો. તિલકા માંઝીએ બ્રિટીશ કમિશનર ઓગસ્તસ ક્લિવલેન્ડના બંગલા પર હુમલો કર્યો અને તેને તીરથી વીંધી નાંખ્યો.સુપરિન્ટેન્ડન્ટની હત્યાથી અકળાયેલા અંગ્રેજોએ તિલાપોર પહાડીઓના જંગલોમાં રહીને લડતા તિલકા માંઝીને પકડવા ચોતરફથી ઘેરો ઘાલ્યો. દિવસો સુધી ધમાસાણ લડાઈ ચાલી. અંતે તિલકા માંઝી પકડાઈ ગયા. બિહારના ભાગલપુરમાં કલેક્ટરના બંગલા તરફ જતા રસ્તે તિલકા માંઝીને ચાર ઘોડાઓ સાથે અમાનવીય રીતે બાંધી ઢસડતા લઇ જવાયા. ૧૩ જાન્યુઆરી ૧૭૮૫ ના દિવસે ઝાડ પર લટકાવીને જાહેરમાં ફાંસી આપવામાં આવી.આજે પણ અહીંના વનવાસીઓ તિલકાને યાદ કરતા ગીત ગાય છે- હાંસી - હાંસી ચઢબો ફાંસી (હસતા હસતા ફાંસીએ ચડી ગયો)બિરસા મુંડા, તિલકા માંઝી, હાઈપૌ જાદોનાંગ જેવા અનેક વનવાસીઓએ દેશની સ્વતંત્રતા માટે પ્રાણની આહુતિ આપી છે. ભારતનું સ્વતંત્રતા આંદોલન કોઇ એક જાતિ, કોઇ એક પ્રદેશ-વિસ્તાર પૂરતંસ સીમિત નહોતું, એ રાજકીય આંદોલન પણ નહોતું.

# રેવડી કલ્ચર પર ચિંતા

ભારતીય રાજકારણમાં ઉધઈની જેમ લાગેલા રેવડી કલ્ચર પર સુપ્રીમ કોર્ટે કરેલી તાજી ટિપ્પણી દરેક પક્ષોએ ધ્યાનમાં લેવી જોઈએ. બેઘર વ્યક્તિઓ માટે પૂરતા આશ્રયની માંગ કરતી એક જનહિત અરજીની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી કે મફત સુવિધાઓ અને સીધા નાણાં આપનારી યોજનાઓ લોકોને કામચોર બનાવી રહી છે અને લોકો કામ કરવાથી બચી રહ્યા છે. તમામ રાજકીય પક્ષોએ આ ટિપ્પણી પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે એ વિચારોત્તેજક પ્રશ્ન પણ કર્યો કે શું એવું કરીને આપણે લોકોને પરજીવી નથી બનાવી રહ્યા? નિઃસંદેહ એવું જ કરવામાં આવી રહ્યું છે અને તેની પુષ્ટિ એનાથી થાય છે કે કેટલાય રાજ્યોમાં ઉદ્યોગોને બીજા રાજ્યોથી શ્રમિક લાવવા પડી રહ્યા છે. તથ્ય એ પણ છે કે કેટલાક ઉદ્યોગો શ્રમિકોની અછતની ફરિયાદ કરી રહ્યા છે. એ સંભવ છે કે રેવડીછાપ યોજનાઓની વકીલાત કરનારા સુપ્રીમ કોર્ટની ટિપ્પણી પર કિંતુ-પરંતુ કરે, પરંતુ એ સત્યથી મોં ન ફેરવી શકાય કે જો કશું કર્યા વિના લોકોને નાણાં અથવા મફત સુવિધાઓ અપાય ચે તો કેટલાક લોકો એવા પણ હોવાના જ, જેઓ કામ કરવાથી બચશે. તેમને જ્યારે મફત અનાજ, વીજળી-પાણી અને અન્ય સુવિધાઓ સાથે રોકડ રકમ પણ મળશે તો તેઓ કામ કરવાનું શું કામ પસંદ કરે? સુપ્રીમ કોર્ટની ટિપ્પણીના આધારે એવો કોઈ નિષ્કર્ષ કાઢવો અયોગ્ય રહેશે કે શીર્ષ અદાલત જનકલ્યાણકારી યોજનાઓની ઉપયોગિતા પર સવાલ ઊભા કરી રહી છે, કારણ કે તેણે એ પણ કહ્યું કે રેવડીઓ વહેંચવાને બદલે લોકોને મુખ્યધારાનો હિસ્સો બનાવાય તે સારું રહેશે.

કમજોર લોકો માટે આર્થિક ઉત્થાન માટે યોજનાઓ ચલાવવી જ જોઈએ, પરંતુ એ પ્રકારે કે લોકો પોતાની આવક વધારવા અને સ્વાવલંબી બનવા માટે તત્પર થાય. તેનાથી જ તેઓ પોતાના અને દેશના આર્થિક ઉત્થાનમાં સહાયક બની શકશે. હાલમાં જનકલ્યાણ અને ગરીબી નાબૂદીના નામે એવી કેટલીય યોજનાઓ ચાલી રહી છે જે લોકોને આર્થિક રૂપે પોતાના પગ પર ઊભા કરવા માટે પ્રેરિત નથી કરી શકતી. એવી યોજનાો કમજોર વર્ગોના આર્થિક ઉન્નતિમાં સહાયક બનવાને બદલે તેમને આશ્રિત બનાવે છે. લોકોને સદાય માટે સરકારી યોજનાઓ પર નિર્ભર બનાવી રાખવા તેમને એક રીતે પંગુ કરવા સમાન જ છે. સારું રહેશે કે આપણા નીતિ-નિયંતાઓ એ સમજે કે કોઈ ગરીબ માછીમારને માછલી આપવા કરતાં બહેતર હોય છે કે તેને માછલી પકડવામાં સક્ષમ બનાવવો. એ સાચું કે સુપ્રીમ કોર્ટે રેવડીવાળી યોજનાઓ પર કોઈ આદેશ-નિર્દેશ આપવાને બદલે એક ટિપ્પણી જ કરી છે, પરંત તેનાથી તેની ગંભીરતા ઓછી નથી થતી. જોકે ભૂતકાળમાં પણ તે કહી ચૂકી છે કે આ ઠીક નથી કે રાજકીય પક્ષો વોટ મેળવવા માટે મફતખોરીની યોજનાઓ લાવતા જાય છે. દુર્ભાગ્યે તેની રાજકીય પક્ષો પર કોઈ અસર ન પડી. ઉપરથી તેમની વચ્ચે એવી યોજનાઓની જાહેરાત કરવાની હોડ જામી ગઈ.

**કમજોર લોકો માટે આર્થિક ઉત્થાન માટે યોજનાઓ ચલાવવી જ જોઇએ, પરંતુ એ પ્રકારે કે લોકો પોતાની આવક વધારવા અને સ્વાવલંબી બનવા માટે તત્પર થાય.**

**સંસદમાં પહેલાં તો વિદેશ મંત્રી એસ.જયશંકરે તેને નિર્વાસનની સ્થાપિત અમેરિકી પ્રક્રિયા ગણાવીને હાથ ખંખેરવાનો પ્રયત્ન કર્યો**

# મોદી-ટ્રમ્પની મુલાકાત કેવી રંગ લાવશે?

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સમાં એઆઇ શિખર સંમેલનમાં ભાગ લીધા બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પના આમંત્રણ પર અમેરિકા પહોંચ્યા છે. પોતાની ઐતિહાસિક જીત સાથે સત્તામાં પાછા ફરેલા ટ્રમ્પના તેવર ઘણા આક્રમક છે. તેથી મોદીની આ યાત્રા ભારત-અમેરિકાના સંબંધોમાં પ્રગતિ અને સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ટ્રમ્પે સત્તા સંભાળતાં જ સૌથી પહેલાં એ દેશો પર નિશાન સાધવાનું શરૂ કર્યું, જ્યાંથી મોટી સંખ્યામાં ગેરકાયદે પ્રવાસી આવી રહ્યા છે અને જેમની સાથે વેપાર ખાધ થઈ રહી છે. તેમણે મેક્સિકો અદ્ધે કેનેડા પર ૨૫ ટકા તથા ચીન પર ૧૦ ટકા ટેરિફ લગાવવાનુ એલાન કર્યું, પરંતુ ચૂંટણી પ્રચારમાં ટેરિફ કિંગની સંજ્ઞા આપવા છતાં ભારત પર ટેરિફની જગ્યાએ ગેરકાયદે પ્રવાસીઓ માટે નિશાન સાધ્યું. અમેરિકામાં મેક્સિકો અને અલ સાલ્વાડોર બાદ સૌથ મોટી સંખ્યામાં ગેરકાયદે પ્રવાસીઓ ભારતથી જ જાય છે. અમેરિકામાં હવે ભારતીયોની સંખ્યા લગભગ ૫૦ લાખ થઈ ગઈ છે જેમાંથી ૭,૨૫,૦૦૦ એવા છે જે કાં તો ગેરકાયદે માર્ગે ઘૂસણખોરી કરીને આવ્યા છે કે પછી કાયદેસર દસ્તાવેજો વગર રહે છે.

એવું નથી કે ભારતથી ગયેલા ગેરકાયદે પ્રવાસીઓને અમેરિકાએ પહેલી વાર દેશથી હાંકી કાઢ્યા છે. ગયા વર્ષે જ ૧૦૦૦થી વધારે ભારતીયોને કાઢવામાં આવ્યા હતા. ૨૦૧૮થી ૨૦૨૩ વચ્ચે લગભગ ૫૫૦૦ ભારતીયોને કાઢવામાં આવ્યા, જેમાંથી ૨૩૦૦ એકલા ૨૦૨૦માં કાઢવામાં આવ્યા હતા. જોકે અત્યાર સુધી ભારતીયોને સેનાના વિમાનમાં બેડીઓ-હાથકડીઓ પહેરાવીને નહોતા કાઢવામાં આવ્યા. કોઈપણ દેશમાં ગેરકાયદે માર્ગે ઘૂસણખોરી ગંભીર અપરાધ છે. ભારત જેવો મોટો દેશ ના તેનો બચાવ કરી શકે કે ના તેને ઉત્તેજન આપી શકે. તેથી ભારતે પોતાના ગેરકાયદે પ્રવાસીઓને પાછા લેવામાં પૂરો સહયોગ આપવાની ઓફર કરી, પરંતુ ભારત જેવો સ્વાભિમાની દેશ એ પણ સહન ન કરે કે સહયોગની ઓફર બાદ પણ તેના નાગરિકોને બેડીઓ-હાથકડીઓ પહેરાવીને સૈનિક વિમાનોથી મોકલવામાં આવે. તેને લીને ભારતમાં રાજકીય બબાલ થવી સ્વાભાવિક હતી.

સંસદમાં પહેલાં તો વિદેશ મંત્રી એસ.જયશંકરે તેને નિર્વાસનની સ્થાપિત અમેરિકી પ્રક્રિયા ગણાવીને હાથ ખંખેરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વધતા આક્રોશ પર વિદેશ સચિવે સફા આપતાં સ્વીકાર કર્યો કે ભારતે અમેરિકી સરકાર સમક્ષ પોતાના નાગરિકોના અપમાનનો મુદ્દો ઉઠાવ્યો છે, કારણ કે જ્યારે આ જ શૈલીમાં બ્રાઝિલના નાગરિકોને પાછા મોકલવામાં આવ્યા હતા ત્યારે બ્રાઝિલ સરકારે પણ વિરોધ નોંધાવ્યો હતો. કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેત્રો તો એટલા નારાજ થયા હતા કે અમેરિકી સૈનિક વિમાનને પોતાની ધરતી પર ઉતરવાને પ્રભુસત્તા પર અતિક્રમણ ગણાવીને વિમાનને ઉતરવા નહોતું દીધું અને બાદમાં ઊંચા ટેરિફની ધમકીથી ગભરાઈને પોતાના નાગરિકોને પાછા લાવવા માટે પોતાનાં વિમાન મોકલ્યાં હતાં.

મેક્સિકો, કેનેડા, ચીન અને કોલંબિયા વિરુદ્ધ ટ્રમ્પની આવેશભરી ઘોષણાઓ બાદના ઘટનાક્રમને જોવામાં આવે તો મામૂલી મોલભાવ બાદ ટ્રમ્પે પોતાના પગલાં અટકાવી દીધાં છે કે પાછાં ખેંચ્યાં છે. એવું લાગે છે કે તે અમેરિકી રાજનીતિ અને વિશ્વ વ્યવસ્થા પર પોતાની છાપ છોડવાની ઉતાવળમાં છે, તેથી ધ્યાન ખેંચવા માટે સનસનીખેજ ઘોષણાઓ કરતા રહે છે અને મામૂલી રાહત મળતાં જ પોતાની જીત ગણાવીને પીછેહઠ કરી જાય છે. તેથી લાગે છે કે ભારતે અમેરિકા સાથે ઉત્તરોત્તર પ્રગાઢ થતા સંબંધોને માટે સંયમથી કામ લઈને યોગ્ય જ કર્યું છે. પોકળ ધમકીથી ડરાવીને મોલભાવની બાજગરના આ ખેલની હકીકત અમેરિકાના સૌથી મોટા વેપારી ભાગીદાર કેનેડા, મેક્સિકો અને ચીન સમજી ચૂક્યા છે. બીજા દેશોના કૂટનીતિજ્ઞો અને મીડિયાએ પણ તેને સમજવું પડશે.ગેરકાયદે પ્રવાસીઓની વાત કરીએ તો અમેરિકામાં તેમની સંખ્યા એક કરોડથી વધારે થઈ ગઈ . પોલીસ સરેરાશ ૨૦૦૦ લોકોને રોજ પકડે છે. જેમાંથી મોટાભાગના પર્યાપ્ત સંસાધનોના અભાવે પાછા નથી મોકલી શકાતા. ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ સૈનિક વિમાનો અને વધારાના અધિકારીઓને આ કામ પર લગાવ્યા છે. એક તો આ કામમાં નાગરિક વિમાનોની તુલનામાં દસ ગણાથી વધારે ખર્ચ આવે છે અને બીજું, જો ૩૦૦૦ને પણ રોજ પાા મોકલવામાં આવે તો પણ આટલા લોકોને કાઢવામાં દસ વર્ષથી વધારે સમય લાગી જાય. તેથી સૈનિક વિમાનોમાં બેડી અને હાથકડી પહેરાવીને મોકલવાનું નાટક જે દેશોથી ગેરકાયદે પ્રવાસી આવી રહ્યા છે, તેમનામાં આતંક અને રાજકીય આક્રોશ ફેલાવવા માટે કરાઈ રહ્યું છે. બ્રિટનમાં પણ સુનક સરકારે ગેરકાયદે માર્ગોથી આવનારા શરણાર્થીઓનું પૂર રોકવા માટે તેમને રવાન્ડા મોકલવાની યોજના બનાવી હતી, જેનો ઉદ્દેશ્ય આ જ હતો. આશા છે કે મોદીની યાત્રા દરમ્યાન ભારતીય દળ પણ ટ્રમ્પ પ્રશાસનના નાટકીય પગલાં અને નિવેદનોમાં ગૂંચવાયા વિના અસલ મુદ્દાઓ પર મોલભાવ કરવાની રણનીતિ અપનાવશે.

ટ્રમ્પને પોતાની વેપાર ખાધ ઓછી કરવાની ચિંતા છે, જેનું સમાધાન ભારત તેની સાથે નવી રક્ષા અને ક્રિટિકલ ટેકનિકનો સામાન અને ગેસ ખરીદીને બદલે કરી શકે છે. બદલામાં ભારતે પોતાનો વેપાર વધારવા, રોકાણ આકર્ષિત કરવા અને રણનીતિક અને વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત કરવાની કોશિશ કરવી જોઇએ. હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ભારત અમેરિકાનું મુખ્ય લશ્કરી ભાગીદાર છે. તે ક્વોડનું મહત્ત્વનું સદસ્ય છે અને તેના સહયોગ વિના ચીનના વિસ્તાર પર અંકુશ ન લગાવી શકાય. વિદેશ મંત્રી માર્કો રૂબિયોના એક હાલના સાક્ષાત્કારમાં સંકેત મળ્યો કે અમેરિકા હનવે બહુધ્રીવીય વ્યવસ્થાને સ્વીકારી રહ્યું છે. તેથી ચીન સાથે સીધા ટકરાવનું જોકમ કદાચ તે ન ઉઠાવે, પરંતુ હિંદ-પ્રશાંત અને અરબ સાગરથી લાલ સાગર સુધીના પૂરવઠા માર્ગને ભારતની મદદ વિના ચીની વર્ચસ્વથી મુક્ત ન રાખી શકાય. ઈરાનના ચાબહાર બંદરનો મામલો પણ આ જ સુરક્ષા સાથે જોડાયેલો . એ બંદરના પ્રયોગ માટે ભારતને મળેલી છૂટનો મામલો ટ્રમ્પે રૂબિયોને સોંપેલું છે. ભારતે સુનિશ્ચિત કરવાનું છે કે ટ્રમ્પ પ્રશાસન તેને પ્રતિબંધોના દાયરામાં ન રાખે.

**ટ્રમ્પની અવિચારી યોજનાને લીધે ઈજિપ્તની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ છે.**

# જમાઈને ગાઝા ગિફ્ટમાં આપવાના ટ્રમ્પના પ્લાનનું સુરસુરિયું!

**તાજેતરમાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અમેરિકાના પ્રવાસે ગયા હતા.**

આવો, આપણે એક યોજના પર વિચાર કરીએ. આ યોજનામાં ધારો કે તમારા ઘરનો કોઈ આપદામાં નાશ થાય તો તમને નવેસરથી ઘર બાંધવાને બદલે કહેવામાં આવે કે તમે આવા ક્ષતિગ્રસ્ત ઘરને બદલે બીજે હિજરત કરી જાઓ, જેથી અમે તમારી જમીનને હસ્તગત કરીને ત્યાં સુંદર ઘર બાંધીને બીજાને વસાવીએ. અમે તમારી જગ્યાને સ્વર્ગ બનાવી દઈશુંપ અમે અહીં નવા ઘરો બાંધીને રોજગાર ઊભા કરીશુંપ ! તમે કહેશો કે આવી ગાંડી યોજનાનો કોણ સ્વીકાર કરે? આ તો એક છેતરપિંડી જ છે. તમે ચોંકી ન ઉઠતા. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આવી ગાંડી ઘેલી યોજના ગાઝા પટ્ટીમાં કાયમની શાંતિ સ્થાપવા બનાવી છેપ!

ટ્રમ્પ ઈચ્છે કે પેલેસ્ટાઈનવાસીઓ એમની ભૂમિ છોડ઼ીને જોર્ડન કે ઈજિપ્તમાં જતા રહે અને આ જગ્યા અમેરિકા હસ્તગત કરે. ટ્રમ્પ કહે છે કે જમીન પર સુંદર ઘર બાંધીશું અને નવા રોજગાર ઊભા કરીશુંપ આ યોજના એક તઘલખી વિચાર છે અને એ કદી અમલમાં મુકાશેનહીં. અમેરિકાના મિત્રો ગણાતા સઉદી અરેબિયા, જોર્ડન, યુનાઈટેડ આરબ અમીરાત અને ઈજિપ્તે આનો વિરોધ કર્યો છે. 'નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન' (નાટો) એ તથા યુરોપના દેશોએ પણ આનો વિરોધ કર્યો છે. પોતાના પ્લાનની ટીકા જોઈને ટ્રમ્પે એમના વહીવટીતંત્રને લલચાવવાની ફરજ પડી છે. ટ્રમ્પને થુકેલુ ફરી ગળી જવું પડ્યું છે. ટ્રમ્પની યોજનાની જેમના પર સીધી અસર પડવાની છે એ પેલેસ્ટાઈનના લોકોએ તો આ યોજનાને ઠુકરાવી દીધી છે. એ બધા તો આને અમેરિકા અને ઈઝરાયલના વધુ એક નરસંહારની યોજના ગણાવે છે. જેના હુમલાથી હેરાન થઈને ઈઝરાયલને યુદ્ધવિરામ કરવો પડ્યો છે એ હમાસે તો આ યોજનાને સંપૂર્ણપણે નકારી કાઢી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ આને આંતરરાષ્ટ્રીય નિયમોની વિરુદ્ધ ગણાવી છે. હમાસને મદદ કરતા ઈરાને તો ટ્રમ્પની વધુ પ્રતિબંધ લાદવાની ધમકીને ગણકાર્યા વિના અમેરિકાની યોજનાનો વિરોધ કર્યો છે.

હા, ફક્ત ગાઝા પટ્ટી પર જેનો ડોળો છે એ ઈઝરાયલે એને સહર્ષ સ્વીકૃતિ આપી છેપ.ટ્રમ્પે હકીકતમાં તો ઈઝરાયલ પર હમાસ સાથેના યુદ્ધવિરામનો બીજો તબક્કો અમલમાં લાવવા માટે દબાણ લાવવું જોઈએ,પણ ટ્રમ્પ ઈતિહાસ નવી રીતે લખવા કે તેને બગાડવા ચાહે છે. આ યોજના દ્વારા ટ્રમ્પ પોતાના જમાઈ જેરેડકુશનરને ગાઝા ભેટ આપવા માગે છે. હકીકતમાં આ આખી યોજના ટ્રમ્પની

નહીં, પરંતુ એમના રિયલ એસ્ટેટમાં હિત ધરાવતા જમાઈની છે, જે આ દ્વારા કરોડો ડૉલર કમાવાનો અવસર ઊભો કરવા માગે છે. વ્યાપક વિરોધ છતાં ટ્રમ્પે પોતાનો પ્લાન દોહરાવ્યો છે. ટ્રમ્પ કહે છે કે હું ગાઝાને ખરીદવા અને તેના પર માલિકી સ્થાપવા પ્રતિબદ્ધ છું.

તાજેતરમાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અમેરિકાના પ્રવાસે ગયા હતા. વોશિંગ્ટન પહોંચીને એમણે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી. ટ્રમ્પે સંયુક્ત પત્રકાર પરિષદમાં એમ કહીને બધાને ચોંકાવી દીધા કે અમેરિકા ગાઝા પર કબજો કરશે. અત્યાર સુધી ઈઝરાયલનો ગાઝા પટ્ટી પર ડોળો હતો, હવે ટ્રમ્પની મેલી નજર તેના પર લાગી છે. ટ્રમ્પે ગાઝાને લઈને અરાજકતા ફરી ફેલાય એવો ગાંડો રોડમેપ દીધો છેપ ટ્રમ્પ કહે છે કે , અમે ગાઝા પટ્ટીને અમારા અધિકાર ક્ષેત્રમાં લઈશું.

ટ્રમ્પે ફરી એકવાર ગાઝા પટ્ટી ખાલી કરવાની વાત કરી છે. એ કહે છે કે, પેલેસ્ટિનિયનોએ ગાઝા પટ્ટી ખાલી કરવી પડશે. એમણે ઈજિપ્ત, જોર્ડન અને અન્ય દેશોમાં કાયમી સ્થાયી થઈ જવું જોઈએ. હવે નરક જેવું આ ગાઝા રહેવા યોગ્ય નથી રહ્યુંપ. ત્યાં માત્ર કાટમાળ છે. અમે ગાઝા પર નિયંત્રણ મેળવીને ત્યાંના બધા ખતરનાક, ન ફૂટેલા બોમ્બ અને અન્ય હથિયારોનો નાશ કરવાથી લઈને સ્થળને સમતળ કરવા અને નષ્ટ થયેલી ઈમારતોનો કાટમાળ હટાવવાની જવાબદારી લઈશુંપ.ગાઝાને ખાલી કરાવ્યા બાદ અહીં પુનર્નિર્માણ કાર્ય જોરશોરથી હાથ ધરવામાં આવશે.. અમે ગાઝાને મિડલ ઈસ્ટનો 'રિવેરા' બનાવીશુંપ 'રિવેરા' ઈટાલિયન શબ્દ છે, જેનો અર્થ કોસ્ટલાઈન એટલે કે દરિયાકિનારો થાય છે. ફ્રેન્ચ રિવેરા અને ઈટાલિયન રિવેરા સમગ્ર વિશ્વમાં પોતાના પર્યટન માટે પ્રખ્યાત છે. એવી જ રીતે ટ્રમ્પ ગાઝાને પર્યટન હબ તરીકે વિકસાવવા માગે છે.

ખાટલે મોટી ખોડ એ છે કે આમાં જે સૌથી મોટો સ્ટેકહોલ્ડર છે એ પેલેસ્ટાઈનના લોકોની નામરજીને ધ્યાનમાં લેવામાં જ આવી નથી. હકીકત તો એ છે કે યહુદીઓએ ઘૂસણખોરી કરીને પેલેસ્ટાઈનની જમીન પર ઈઝરાયલ દેશ ઊભો કર્યો છે. હવે આ યહુદીઓ અમેરિકાની મદદથી પેલેસ્ટાઈનવાસીઓને એમની ભૂમિમાંથી બળજબરીથી હાંકી કાઢીને પોતાનો કબજો જમાવવા માગે છે .બીજી તરફ, ઈઝરાયલે જાહેર કર્યુ છે કે જે લોકો ગાઝા પટ્ટી સ્વેચ્છાએ છોડવા માગે છે એને માટે ઈઝરાયલ બધી સગવડ કરી આપવા તૈયાર છે. ટ્રમ્પે સમજવું જોઈએ કે ગ્રીનલેન્ડની જેમ ગાઝા પણ સેલ (વેચાણ) માટે નથી. ટ્રમ્પે પહેલી વાર જાહેરાત કરી ત્યાર બાદ વાઈટ હાઉસે એવો ખુલાસો કર્યો હતો કે અમેરિકા ગાઝાપટ્ટીમાં એનું લશ્કર નહીં મોકલે. તે આ માટે જોર્ડન અને ઈજિપ્ત જેવા દેશોનો સહકાર લેશે.

ટ્રમ્પની અવિચારી યોજનાને લીધે ઈજિપ્તની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ છે. છેલ્લાં ૧૫ મહિનાથી એના ઈન્ટેલિજન્સ ઓફિસર કતાર, ઈઝરાયલ અને અમેરિકા સાથે કામ કરીને યુદ્ધવિરામ કરાવવા મહેનત કરી રહ્યા હતા. વિસ્થાપિત પેલેસ્ટાઈનના લોકોને પોતાના દેશમાં સમાવવા પડશે એ વિચાર માત્રથી આ દેશના શાસક હચમચી ગયા છે. આને લીધે મિડલઈસ્ટના સૌથી મોટા દેશની રાજકીય સ્થિરતા જોખમમાં મુકાઈ શકે એવી કટોકટી ઊભી થઈ રહી છે.

પેલેસ્ટાઈનવાસીઓએ ઈજિપ્ત અને જોર્ડનમાં આશરો લીધો છે. જોર્ડને તો ધમકી જ આપી છે કે જો અમારા પર આ યોજના સ્વીકારવાની ફરજ પાડવામાં આવશે તો અમે ઈઝરાયલ સાથે યુદ્ધમાં ઉતરીશું. આ દેશે ૧૯૪૮ના નકુબા્ અને૧૯૬૭ના યુદ્ધને લીધે મોટા ભાગના પેલેસ્ટાઈન નિરાશ્રિતોને આશરો આપ્યો છે જે તેની વસતીના ૫૦ ટકા જેટલા છે. રાજા અબ્દુલ્લા-બીજા વાઈટ હાઉસમાં ટ્રમ્પને મળવાના છે અને ત્યારે તેઓ ચોક્કસ પોતાની નારાજગી વ્યક્ત કરશે. ટ્રમ્પ વસાહતીઓને હાંકી કાઢે છે અને તે ઈજિપ્ત અને જોર્ડન પાસે એવી અપેક્ષા રાખે છે કે આ દેશો ગાઝા પટ્ટીમાં રહેતા પેલેસ્ટાઈનવાસીને સ્વીકારે. સઉદી અરેબીયાને પણ આ આઈડિયા ગમ્યો નથી. તેના ક્રાઉન પ્રિન્સે જાહેર કર્યું છે કે જ્યાં સુધી પેલેસ્ટાઈનને દેશ તરીકે સ્થાપવામાં નહીં આવે ત્યાં સુધી અમે ઈઝરાયલ સાથે સંબંધો નહીં સ્થાપીએ. ઈરાક, લિબિયા, તુર્કી અને સંયુક્ત આરબ અમીરાતે આનો વિરોધ કર્યો છે. પાંચ આરબ દેશોની પરિષદમાં ટ્રમ્પની દરખાસ્તનો જોરદાર વિરોધ થયો છે. યુએન પણ કહે છે કે ટ્રમ્પનો પ્લાન આંતરરાષ્ટ્રીય નિયમોની વિરુદ્ધ છે. ટ્રમ્પના પ્લાને તેના મિડલ ઈસ્ટના સાથીદારોને ફસાવી દીધા છે. ઈજિપ્તે તો ૨૭ ફેબ્રુઆરીએ આરબ દેશોની બેઠક બોલાવી છે.

**આ રીતે આપે પોતે જ એ શંકા પેદા કરી કે દાળમાં કંઈક તો કાળું છે.**

# જૂઠ્ઠાણાંની રાજનીતિ કેજરીવાલને ભારે પડી

**જ્યારે શરાબ નીતિ કૌભાંડ ખૂલ્યું તો આપે કહ્યું કે આ સર્વશ્રેષ્ઠ શરાબ નીતિ છે, પરંતુ જ્યારે હોબાળો વધી ગયો તો આ જ સર્વશ્રેષ્ઠ નીતિને પાછી ખેંચી લેવામાં આવી.**

૨૦૧૧ના એ દિવસો યાદ કરો જ્યારે અન્ના આંદોલન દરમ્યાન ભ્રષ્ટાચાર પર લગામ લગાવવા માટે જનલોકપાલ વિધેયક લાવવાની માંગ કરવામાં આવતી હત. આ આંદોલને આખા દેશમાં અલખ જગાવી અને તેનું પરિણામ એ થયું કે સંસદે રજાના દિવસે લોકપાલ વિધેયક પસાર કર્યું. આ આંદોલનની સફળતાથી ઉત્સાહિત કેજરીવાલે રાજનીતિમાં નહિ ઉતરવાના વાયદા અને અન્ના હજારેની અસહમતિ બાદ પણ ૨૦૧૨માં રાજકીય પક્ષની રચનાનો નિર્ણય કર્યો. ૨૦૧૩માં નવરચિત આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૨૮ સીટો જીતીને ઈતિહાસ રચી દીધો. આ ચૂંટણીઓમાં આપે જે રીતે કોંગ્રેસની નાવ ડૂબાડી, તેણે જ એ ડરથી કેજરીવાલને ટેકો જાહેર કરીને મુખ્યમંત્રી બનાવી દીધા કે ભાજપ સત્તામાં ન આવી જાય. કેજરીવાલે જલ્દી જ કોંગ્રેસ પર એ તહોમત મૂકીને રાજીનામું આપી દીધું કે તે જનલોકપાલ બિલ દિલ્હી વિધાનસભામાં નથી લાવવા દેતી. તેઓ આ બિલને રજૂ કરતાં પહેલાં કેન્દ્ર સરકારની અનુમતિ લેવા તૈયાર ન હતા, જે નિયમ પ્રમાણે જરૂરી હતી. કેજરીવાલના રાજીનામાથી તેમના સમર્થકો નારાજ થયા, પરંતુ તેઓ એ સંદેશ આપતા રહ્યા કે ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં કોઈ સમજૂતી નહીં કરવામાં આવે. બાદમાં કેજરીવાલ ૪૯ દિવસમાં સત્તા છોડવાના નિર્ણય પર વારંવાર માફી માગીને ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં ઉતર્યા. આ વખતે તેમણે ૬૭ સીટો જીતીને બધાને ચોંકાવી દીધા. ફેબ્રુઆરી ૨૦૧૫માં તેમણે ફરીથી સરકાર બનાવી, પરંતુ જલ્દી એ

દેખાવા લાગ્યું કે તેમનો ઈરાદો જે હોય તે, પરંતુ ભ્રષ્ટાચાર સામે લડવાનો તો નથી જ! તેનો સંકેત ત્યારે મળ્યો જ્યારે પ્રશાંત ભૂષણ, યોગેન્દ્ર યાદવ જેવા કેજરીવાલ સાથે અસહમત લોકોને પાર્ટીમાંથ હાંકી કાઢવા કે તેઓ જાતે જ બહાર જવાનો સિલસિલો જોવા મળ્યો અને જે જનલોકપાલ બિલ આપનો સૌથી મોટો મુદ્દો હતો, તે હાંસિયામાં ધકેલાઈ ગયો.

જ્યારે એ અવાજ ઉઠવાનો શરૂ થયો કે આખરે દિલ્હીમાં કોઈ લોકાયુક્ત કેમ નથી, તો ડિસેમ્બર ૨૦૧૫માં રેવા ક્ષેત્રપાલ લોકાયુક્ત બન્યાં. જાન્યુઆરી ૨૦૧૯માં જ્યારે રેવાએ કેજરીવાલ સહિત તેમના ધારાસભ્યોને પોતાની સંપત્તિની જાણકારી આપવાની નોટિસ જારી કરી તો વિધાનસભા અધ્યક્ષ રામનિવાસ ગોયલે કહ્યું કે કયા કાયદા અંતર્ગત આ જાણકાર માંગી રહી છે? એ પણ યાદ રહે કે આપની કાર્યકારિણી માર્ચ ૨૦૧૫માં પોતાના પહેલા આંતરિક લોકપાલને હટાવી દીધા. ત્યારબાદ જે આંતરિક લોકપાલ બન્યા, તેમણે થોડા મહિનામાં રાજીનામું આપી દીધું. પછી જે આ પદ પર આવ્યા, તે ત્રણ મહિના સુધી જ ટક્યા. ત્યારબાદ કોઈને આ પદ પર લાવવામાં ન આવ્યા. આ રીતે ના રહ્યો વાંસ, ના વાગી વાંસળી!

ડિસેમ્બર ૨૦૧૫માં કથિત જનલોકપાલ બિલ વિધાનસભામાં પાસ કરવામાં આવ્યું અને ઉપરાજ્યપાલ પાસે મોકલવામાં આવ્યું. તેને ત્યાંથી દિલ્હી સરકારના પાછું મોકલી દેવામાં આવ્યું. ત્યારબાદ તે ક્યાં ગયું, તેની ખબર આજ સુધી કોઈને નથી. જલ્દી દિલ્હી પણ ભૂલી ગઈ અને દેશ પણ એક સમયે કઈ રીતે તમામ નેતાઓને ચોર ગણાવીને આ જ જનલોકપાલ માટે આકાશ માથે ઉઠાવ્યું હતું. રેવા ક્ષેત્રપાલ ૨૦૨૦માં રિટાયર થયાં અને પછી માર્ચ ૨૦૨૨ સુધી એટલે કે બે વર્ષ સુધી લોકાયુક્તનું પદ ખાલી રહ્યું. નવા લોકાયુક્તની નિયુક્તિ ત્યારે થઈ, જ્યારે દિલ્હી હાઈકોર્ટમાં તેના માટે જનહિતની અરજ દાખલ કરવામાં આવી. ૨૦૧૮માં જ્યારે પોતાના નેતાઓને રાજ્યસભા મોકલવાનો વારો આવ્યો તો જાણીતા ચહેરા - આશુતોષ, કુમાર વિશ્વાસ વગેરેને બદલે સંજય સિંહ અને અજાણ પરંતુ અમીર બે ગુપ્તાએ બાજી મારી લીધી. તેમાંથી એક ગુપ્તાજી તો એક મહિના પહેલાં કોંગ્રેસમાં હતા. બંને ગુપ્તાઓને રાજ્યસભા ચાહે જે કારણે મોકલવામાં આવ્યા હોય, આપણે બધા જાણીએ છીએ કે કેટલાક લોકો પૈસાના જોરે રાજ્યસભામાં પહોંચી જાય છે. સમયની સાથે આપ ઝડપથી અન્ય પક્ષો જેવી બનવા લાગી. તકસાધુ અને પક્ષપલટુ પ્રકારન નેતાઓ આપમાં સામેલ થવા લાગ્યા. ૨૦૨૦માં તે ફરીથી દિલ્હીની સત્તામાં આવી તો ગઈ, પરંતુ આપ નેતાઓ દ્વારા નવા પ્રકારની રાજનીતિનું નામ લેવાનું બંધ કરી દેવામાં આવ્યું અને રેવડીઓ વહેંચવાને સફળ કેજરીવાલ મોડેલ ગણાવવા લાગ્યા.

જ્યારે શરાબ નીતિ કૌભાંડ ખૂલ્યું તો આપે કહ્યું કે આ સર્વશ્રેષ્ઠ શરાબ નીતિ છે, પરંતુ જ્યારે હોબાળો વધી ગયો તો આ જ સર્વશ્રેષ્ઠ નીતિને પાછી ખેંચી લેવામાં આવી. આ રીતે આપે પોતે જ એ શંકા પેદા કરી કે દાળમાં કંઇક તો કાળું છે. ભ્રષ્ટાચાર સામે લડવાનો વાયદો-દાવો કરનારા જ ભ્રષ્ટાચારના ગંભીર આરોપોમાં ઘેરાઈ ગયા. રહી-સહી કસર મુખ્યમંત્રી આવાસ એટલે કે શીશમહેલની અતિ વિલાસી સાજ-સજ્જાએ પૂરી કરી દીધી. આરોપ લાગ્યો કે કોરોના કાળમાં આ આવાસને શીશમહેલ જેવું બનાવવા માટે ૪૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા. એવા સમાચારો આવ્યા કે આ આવાસમાં કેટલાય મોંઘા સાજો-સામાન સાથે આઠ-દસ લાખ રૂપિયાની ટોઈલેટ સીટ લગાવવામાં આવી. આપની હાર પર કોઈ ફિલ્મ બને તો તેનું નામ ટોયલેટ-એક પરાજય કથા પણ રાખી શકાય! જોકે એના પર વિશ્વાસ કરવો હજુ પણ મુશ્કેલ છે કે જે નેતા ક્યારેક સાધારણ શર્ટ, હવાઈ ચપ્પલ પહેરતો હતો, વેગન-આર ગાડીમાં સફર કરતો હતો અને છાતી ઠોકીને કહેતો હતો કે અમે ના બંગલો લઈશું, ના સુરક્ષા, ના મોટી કારો લઈશું, તેણે જ રાજા-મહારાજા જેવી જીવનશૈલી અપનાવી લીધી. કેજરીવાલની હાર પર તેમને જ હેરાની થવી જોઈએ, જેઓ એ ભૂલી ગયા હોય કે નવા પ્રકારની રાજનીતિનું નામ લઈને તેમણે દિલ્હી અને દેશને કેવાં સુંદર સપનાં દેખાડ્યાં હતાં.



### ૮૦ કિલો વજન ઉંચકી કસરત કરવા જતાં રકુલ હેરાન થઈ

# કરોડરજ્જુમાં ઈજાના પગલે બે મહિના બ્રેક લેવાની ફરજ પડી


રકુલપ્રીત એક અતિશય હેલ્થ કોન્શિયસ એક્ટ્રેસ છે. ૮૦ કિલો વજન ઊંચકી કસરત કરતી વખતે ઓક્ટોબર મહિનામાં રકુલને મોટી ઈજા થઈ હતી. રકુલપ્રીત સિંઘે તાજેતરમાં તેની કરોડરજ્જુમાં ઈજા અંગે ખુલીને વાત કરી હતી. આ ઈજાને કારણે તેને એક મહિના સુધી પથારીવશ રહેવું પડ્યું હતું. તેનાં પડકારો અને સાજાં થવાની પ્રક્રિયા અંગે રકુલપ્રીતે વાત કરી હતી. આ ઈજા છતાં તે ફરી ફિટનેસ પાછી મેળવવા ઉત્સુક હતી.

રકુલપ્રીત ઓક્ટોબર મહિનામાં સેફ્ટી બેલ્ટ પહેર્યા વિના ૮૦ કિલોનું વજન ઉપાડીને કસરત કરવાની કોશિશ કરતી હતી એ વખતે તેને કરોડરજ્જુમાં ઈજા થઈ હતી. તેના પછી કેટલાક દિવસોમાં તેની પીડા વધી ગઈ અને તેને લાંબા સમય સુધી પથારીવશ રહેવું પડ્યું હતું.

રકુલે આ ઈજા વિશે કહ્યું, ‘‘મારે તેના કારણે બે મહિનાનો બ્રેક લેવો પડ્યો હતો. બે મહિના પછી, મેં શરૂઆત કરી, એક એડ શૂટથી શરૂ કર્યું, પણ એ પ્રોપર શૂટ હતું. મેં ડિસેમ્બરમાં માત્ર એક જ દિવસ માટે શૂટ કર્યું. પછી મારી સમગ્ર સફર આ ગીત પર કેન્દ્રીત હતી, મને ખબર હતી કે અમારી ફિલ્મ બહુ જલ્દી રિલીઝ કરવાની હતી. તેથી આ પ્રકારની કોઈ પણ ઈજા તમને ભાવુક રીતે પાછા પાડે છે. પરંતુ પહેલાં જ અઠવાડિયાની અંદર મેં મારી જાતને સોંપી દીધી. મેં કહ્યું ઓકે, આ એક શીખ છે, મારા માટે પણ આ શીખવાની બાબત હતી. હવે મારું ૨૦૨૫નું લક્ષ્ય છે કે હું મારી કરોડરજ્જુને સ્ટીલ જેવી મજબૂત બનાવી દઈશ.’’

આગળ રકુલપ્રીતે કહ્યું, ‘‘બિલકુલ, એવા કેટલાંક દિવસો હોય છે, જે સારા હોય છે. પરંતુ કેટલાંક એવા પણ દિવસો હોય છે, જે ખરાબ હોય છે. હું ડાન્સ કરવાના પ્રયત્ન કરવા માટે આગળ વધી રહી હોય, ત્યારે કોઈ એવો દુઃખાવો થાય જે મારા માટે તકલીફદાયક હોય અને તેનાથી હું નિઃરાશ થઈ જઉં અને મને શંકા થવા લાગે કે મારાથી થશે કે નહીં, મારા માટે બધાને મોડું ન થવું જોઈએ. તેથી કોઈ મારા જેવા વર્કોહોલિક હોય તેના માટે આપણને ખરાબ પણ લાગે. તમને ખરાબ લાગે કે તમારા કારણે બધાનું કામ બગડે છે અને તમારા હાથમાં કશું પણ હોતું નથી. પરંતુ મારી પણ એક વિશ્વસનીયતા છે તેથી હું મારી જાતને ધકેલ્યા કરું છું કે હું કશુંક કામ આપી શકું.’’

રકુલપ્રીતે કહ્યું કે તેને આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે માનસિક રીતે પણ ઘણો સંઘર્ષ કરવો પડ્યો. રકુલે કહ્યું, ‘‘મારી માનસિક લડત સૌથી અઘરી હતી. હું એક મિનિટ સરખી ઉભી પણ રહી શકતી નહોતી. હું લગભગ પથારીવશ હાલતમાં હતી. મારીથી બેસાતું પણ નહોતું એ વખતે મારે રિહેબ શરૂ કરવું પડ્યું. નવેમ્બર મહિનો અડધો પત્યો ત્યાં સુધી મારી હાલત હતી અને જાન્યુઆરીમાં મારે આ ગીત શૂટ કરવાનું હતું. તો મારી પાસે ઉભા થઈને ડાન્સ કરવા સક્ષમ થવા માટે માત્ર આઠ અઠવાડિયાનો સમય હતો. આખો ડિસેમ્બર મેં એક્વા થેરાપી કરી. મારા કોરિયોગ્રાફર્સે એવા સ્ટેપ્સ આપ્યા હતા જેની હું પાણીમાં પ્રેક્ટિસ કરતી અને થેરાપી પણ થતી. ત્યાં મારા ફિઝિયો પણ હાજર રહેતાં એટલે સેજ પણ તકલીફ પડે તો તેઓ તરત જ ઈલાજ કરી શકે.’’



# ડિરેક્ટર્સ હિરોઈનને રિપીટ નથી કરતા, ઓડિયન્સ હિરોને જોવા ખેંચાય છે


### ડિરેક્ટર તરીકે કલાકારની પસંદગી વખતે આર્થિક પાસું વિચારવું પડે

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડિરેક્ટર્સ એક હિરો સાથે તો એકથી વધુ વખત કામ કરે છે પરંતુ ફાતિમા સના શેખ એવી બહુ ઓછી હિરોઈનમાંની એક છે, જે એક ડિરેક્ટર સાથે ફરી વખત કામ કરી રહી છે. આ પ્રકારના ધોરણો પાછળના કારણો વિશે ફાતિમાએ કહ્યું, ‘‘કારણ કે એ લોકો જ ફિલ્મને કમાણી કરાવે છે. જો શાહરુખ ખાન વધુ પૈસા કમાઈ આપે છે, તેનો મતલબ અવો પણ છે કે એ તમને ઓડિયન્સ પણ લાવી આપે છે. કેટલાક કલાકારો સાથે કેટલાક દર્શકો પણ જોડાયેલાં હોય છે.

જો તમે ડિરેક્ટર તરીકે કોઈ કલાકારને પસંદ કરતા હોય, તો તમારે પૈસાના દૃષ્ટિકોણથી પણ વિચારવું પડે છે. તેમાં પણ ખાસ તો કેટલાંક કલાકારો એવા હોય છે, જેના પર કમાણીનો ભરોસો મુકી શકાય છે. તો એ ડિરેક્ટર્સ આવા કલાકારો સાથે એકથી વધુ વખત કામ કરશે. જેના પર કમાણીનો ભરોસો મુકી શકાય એવી હિરોઈન કેટલી? તેમાં કંગના રણૌત, આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ જેવા ઘણા ઓછા નામનો સમાવેશ થાય છે. તેથી ડિરેક્ટર્સ અમારી સાથે ફરીથી કામ કારતા નથી. જો અમે વધારે ઓડિયન્સ ખેંચી શકીશું તો અમને પણ રિપીટ કરશે.’’ ફાતિમા સના શેખે તાજેતરમાં જ આર માધવન સાથે ‘આપ જૈસા કોઈ’ ફિલ્મની જાહેરાત કરી છે. આ એક લવ સ્ટોરી છે અને ફાતિમા તેના માટે માધવનના વખાણ કરતાં ધરાતી નથી. ફાતિમા કહે છે, ‘‘હંમેશાથી માધવન પાછળ ઘેલી રહી છું. એટલે મેં એને કહ્યું કે મને તેના પર સૌથી મોટો ક્રશ છે. એને ખબર છે કે એના કામ માટે હું એને કેટલો પ્રેમ કરું છું અને મને એમના કામ માટે કેટલું માન છે. એ પણ મને ઘણું માન આપે છે. એ પણ બહુ અભ્યાસુ છે. એને નવા નવા ગેજેટ્સ લેવાનો શોખ છે અને તેના માટે તે નાના બાળકો જેટલો ઉત્સાહમાં આવી જાય છે.’’તાજેતરમાં જ સનાએ અનુરાગ બાસુની ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં..’માટે શૂટ પૂરું કર્યું છે. આ ફિલ્મ વારંવાર ડિલે થવા અંગે ફાતિમાએ કહ્યું, ‘‘હું તો ઈચ્છિશ કે ગમે તેમ ફિલ્મ રિલીઝ કરી દે એના કરતાં અનુરાગ દાદા પોતાનો સમય લે અને સારી ફિલ્મ બનાવે. એ એક એવા ફિલ્મ મેકર છે, જેઓ સ્પષ્ટ રીતે જાણે છે કે તેમને શું બનાવવા માગે છે. લોકોને લાગે છે કે એ એકલાં જ ફિલ્મ બનાવે છે, પણ એ એક મોટી કાસ્ટ સાથે કામ લઈ રહ્યા છે. દરેક કલાકાર પાસે અલગ તારીખો હોય છે અને તેમને આ સિવાય પણ ઘણી બાબતો પર કામ કરવાનું છે. તેથી બધાની તારીખો મળે તે બહુ અઘરું કામ છે, આ સહેલું નથી.’’

# માતૃભાષામાં ફિલ્મ કરવાથી વધુ સારું કંઈ હોઈ શકે નહીં: હેલી શાહ

હેલી શાહે તાજેતરમાં જ ગુજરાતી ફિલ્મ ‘ડેડા’નું શૂટિંગ પૂરું કર્યું છે. આ ફિલ્મમાં તેની સાથે ગૌરવ પાસવાલા લીડ રોલમાં છે, સુરતની ગલીઓમાં તેનું શૂટિંગ થયું છે. આ ફિલ્મના અનુભવ અંગે હેલીએ કહ્યું, ‘‘સુરતમાં શૂટિંગ કરવામાં બહુ મજા આવી. મને ગુજરાતી હોવાનો ભરપૂર ગર્વ છે અને માતૃભાષામાં ફિલ્મ કરવાથી સારું બીજું કશું જ ન હોઈ શકે. હેમા શુક્લા જેવા ફિલ્મ મેકર અને ગૌરવ પાસવાલા જેવા કલાકાર સાથે કામ કરવામાં પણ મને ઘણું શીખવા મળ્યું છે. હું પહેલી વખત આટલા વખત માટે સુરતમાં રહી છું. સુરત તેની મોં માં પાણી આવે એવી વાનગીઓ માટે જાણીતું છે અને મને લોચો અને આલુપુરી ખાવાની બહુ મજા આવી.’’



હેલીએ આગળ કહ્યું, ‘‘જે, હું ફિલ્મ વિશે વધારે કશું કહી શકીશ નહીં, પણ આ બહુ જ લાગણીપ્રધાન ફિલ્મ છે. આજકાલ આપણને ઘણી થ્રિલર ફિલ્મો જોવા મળે છે, પણ લાગણીપ્રધાન કન્ટેન્ટ બહુ જોવા મળતું નથી. મેં આ જ કારણથી આ ફિલ્મ કરવાનો નિર્ણય લીધો. પ્રાદેશિક ફિલ્મોમાં આ પ્રકારના વિષયો અને કન્ટેન્ટ આવે છે તેમાં ઘણી મજા આવે છે. આજે ઓટીટી આવવાથી એટલું સારું થયું છે કે દુનિયાના કોઈ પણ ખુણેથી લોકો સારી ફિલ્મો જોઈ શકે છે. છેલ્લા દસ વર્ષમાં ઘણી સારી ગુજરાતી ફિલ્મો બની છે, તેથી એવા ઘણા કલાકારો છે જે હવે ગુજરાતી ફિલ્મોમાં કામ કરવા ઈચ્છે છે. હું ઘણાં લાંબા સમયથી એક સારી સ્ક્રિપ્ટની રાહ જોતી હતી. મને આશા છે કે ગુજરાતી ઓડિયન્સને આ ફિલ્મ ગમશે તેથી મને ફિલ્મ સારી ચાલશે તેવી અપેક્ષા છે.’’

હેલીએ છેલ્લે ‘ગુલ્લક’ની ચોથી સીઝનમાં કામ કર્યું છે, ઓટીટીના અનુભવ વિશે વાત કરતાં તે કહે છે, ‘‘હાલ હું એટલું જ કહી શકીશ કે આ એવા પ્રકારનો રોલ છે, જેમાં મને લોકોએ આ પહેલાં જોઈ નથી.’’

હેલીએ ટીવીમાં છેલ્લે ૨૦૨૧માં ‘ઈશ્ક મેં મરજાવાં ૨’માં કામ કર્યું હતું અને પછી લાંબો બ્રેક લીધો હતો. આ અંગે હેલીએ કહ્યું, ‘‘મેં ક્યારેય એવું નથી કહ્યું કે હું ટીવીમાં કામ કરીશ નહીં. પરંતુ એ બ્રેક મેં સમજી વિચારીને લીધો હતો. મને પહેલા કરવા ન મળ્યો હોય એવો કોઈ રોલ મળે તો હું કરવા તૈયાર છું. બ્રેકમાં મને ગમતી વ્યક્તિઓ અને વસ્તુઓ સાથો સમય વિતાવવા મળ્યો. તેનાથી હું એક સારી વ્યક્તિ બની શકી છું.’’

# સનમ તેરી કસમથી લઇને તુંબાડની સફળતાએ એક જ ફિલ્મમાંથી બે વખત આવક અપાવી

### રી-રિલીઝની યાદીમાં એક સમયની બ્લોકબસ્ટર પદ્માવત અને યે જવાની હૈ દિવાનીનો પણ સમાવેશ થાય છે




છેલ્લાં કેટલાંક વખતથી ફિલ્મો રી –રિલીઝ કરવાનો એક અનોખો ટ્રેન્ડ શરૂ થયો છે. તેમની ગમતી ફિલ્મોના જાદુને ફરી જોવા અને તેને ફરી જીવવા માટે દર્શકો ડિમાન્ડ કરે છે અને ફિલ્મમેકર્સ આ ફિલ્મ રી-રિલીઝ કરી રહ્યા છે, તેથી તેઓ પોતાની ફિલ્મો મોટા પડદે ફરી રિલીઝ કરે છે. તેમાંથી ઘણી ફિલ્મોને તો એવા સારા પરિણામ મળ્યા છે કે પહેલી રિલીઝ કરતાં પણ બીજી રિલીઝ વખતે આ ફિલ્મો વધારે ચાલી જાય છે.

## સનમ તેરી કસમ

ફિલ્મ રી-રિલીઝની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની યાદીમાં પહેલું નામ આ રોમેન્ટિક ફિલ્મનું છે. રાધિકા રાવ અને વિનય સપ્રુ દ્વારા ડિરેક્ટ થયેલી આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ છે, તેણે અત્યાર સુધીમાં પહેલાં અઠવાડિયે ૧૮.૫૭ કરોડની કમાણી કરી છે. તેણે ચોથા અઠવાડિયે ૩.૨૫ કરોડની કમાણી કરી હતી અને તેને મળીને કુલ ૨૨.૦૯ કરોડની કમાણી કરી હતી. આ ઈમોશનલ સ્ટોરી ફરી એક વખત દર્શકોને ગમી ગઈ છે, અને યોગ્ય પ્રતિસાદ પણ મળ્યો છે.

## તુંબાડ

આ ફિલ્મ મૂળ ૨૦૧૮માં રિલીઝ થઈ હતી. રાહી અનિલ બર્વે દ્વારા ડિરેક્ટેડ આ ફેન્ટસી હોરર ફિલ્મે શરૂઆતમાં બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો નહોતો. છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ ફિલ્મ ધીરે ધીરે લોકપ્રિય થઈ હતી. દર્શકોની ડિમાન્ડથી આ ફિલ્મ ફરી વખત રિલીઝ કરવામાં આવી હતી, ત્યારે આ ફિલ્મે પહેલા અઠવાડિયે ૭.૩૪ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મની વાર્તા અને વાર્તા કહેવાની ડાર્ક છતાં એક ચોક્કસ માહોલ ઉભો કરતી ફિલ્મ નવા દર્શકોને એટલી પસંદ પડી કે ઘણા દર્શકોએ ફરીથી તુંબાડનું વિશ્વ મોટા પડદે જોયું.

## રોકસ્ટાર

ઈમ્તિઆઝ અલીની રણબીર કપૂરના લીડ રોલવાળી ફિલ્મ ૨૦૧૧માં પહેલી વખત રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું સંગીત, તેના કલાકારોના અભિનય વગેરેની એક એક ક્ષણ તેના દરેક ફેનને યાદ છે. તેની દર્શકોના મન પર ઉંડી અસર થઈ હતી. આ ફિલ્મ રી-રિલીઝમાં પણ સમગ્ર ભારતમાંથી લગભગ ૧૦-૧૨ કરોડની કમાણી કરી છે.

## યે જવાની હૈ દિવાની

આયાન મુખર્જીએ ડિરેક્ટ કરેલી અને કરણ જોહરે પ્રોડ્યુસ કરેલી યે જવાની હૈ દિવાની ૨૦૧૩માં પણ હિટ ફિલ્મ હતી. તે એક ટ્રાવેલિંગ પરની કલ્ટ ફિલ્મ બની ગઈ હતી. આ ફિલ્મ ફરી રિલીઝ થઈ ત્યારે પણ તેણે પહેલા અઠવાડિયે ૬.૨૫ કરોડની નોંધપાત્ર કમાણી કરી છે, આ ફિલ્મ ફરી જોવા માટે ઘણા લોકો પહેલાંથી જ ઘણા ઉત્સાહિત હતા.

## પદ્માવત

૨૦૧૮ની સંજય લીલા ભણસાલીની ઐતિહાસિક ફિલ્મ પદ્માવતમાં શાહિદ કપૂર, દીપિકા પાદુકોણ અને રણવીર સિંઘ મુખ્ય રોલમાં હતાં. આ ફિલ્મ ફરી રિલીઝ થઈ એ જ એની લાંબા સમયથી દર્શકોના મન પર રહેલી અસર દર્શાવે છે. વૈભવી દૃષ્યો, મોટી કાસ્ટ અને પકડી રાખે એવી વાર્તાથી પદ્માવત આજે પણ સફળતાપૂર્વક થિએટરમાં ચાલી રહી છે.

# મનોરંજક સિનેમાનું ઓક્સિજન: થ્રિલ-રોમાંચ કે પછી મસાલો?

પડદા પર હીરો સડક પર ભાગી રહ્યો છે. એની પાછળ વિલન ગન લઈને દોડી રહ્યો છે. ગમે ત્યારે વિલન ગનની ટ્રિગર દબાવશે અને હીરો મરી જશેપ એક ખતરનાક ચેઝ શરૂ થાય છે. હીરો આગળ, વિલન એની પાછળપ શહેરના ટ્રાફિકમાં દોડતાં દોડતાં હીરો જીવ બચાવવા હવાતિયાં મારે છે. રોડ ક્રોસ કરતી વખતે અચાનક એને એક બસ દેખાય છે. તરત એ બસ પર ચઢી જાય છે. થિયેટરમાં પ્રેક્ષકોને હાશકારો થાય છે કે હાશ! હીરો બચી ગયોપ બસમાં ચઢીને. વિલન પાછળ રહી ગયો. બસમાં ચઢીને હીરો શ્વાસ ખાઈને એક સીટ પર બેસે છે અને સામેની સીટ પર વિલન હસતાં હસતાં ગન તાકે છે. હીરોનાં મોતિયાં મરી જાય છે. અવાચક પ્રેક્ષકોનાં મોં ઉઘાડાં રહી જાય છે.

આ છે સિનેમાની થ્રિલપ કે હવે અચાનક હીરો બચી જશે? બંને વચ્ચે ફાઈટ થશે? સત્યનો વિજય થશે કે પરાજય? અને સૌથી મોટી વાત એ છે કે ફિલ્મની સ્ટોરી એટલી પૂરપાટ દોડતી હોય છે કે લોકો પાસે એ વિચારવા માટે સમય જ નથી મળતો કે વિલન જો હીરોની પાછળ હતો તો પછી એ હીરોની પહેલાં બસની અંદર આવ્યો કઈ રીતે? જો આ જ વાત કિતાબમાં-નોવેલમાં લખી હોત તો વાચક કિતાબને બંધ કરી, બે મિનિટ વિચારત અને લેખકની બુદ્ધિને, બેવકૂફીને ગાળો આપીને વાંચવાનું બંધ કરતપ પણ ફિલ્મમાં એ માફ છે, કારણ કે સિનેમા ભાગતી કથાશૈલી છે. ફિલ્મને ‘મૂવી’ કહેવાય છે, કારણ કે એમાં દૃશ્યો, પાત્રો, ઘટનાપ બધું જ ફાસ્ટ સ્પીડમાં ભાગે છે. ‘મૂવ’ થાય છેપ જો વાર્તા આગળ ‘મૂવ’ ન થાય, આગળ દોડે નહીં તો લોકો કંટાળી જાયપ

લોકપ્રિય સિનેમામાં આ થ્રિલ-રોમાંચ ઑક્સિજનનું કામ કરે છે. એ થ્રિલ કોઈ પણ પ્રકારની હોઈ શકે છે, કપડાં બદલતી હીરોઈનના પગ પાસે સરકતો ગાઉન હોય કે છાપરાં પરથી છલાંગમાર ક્લાઉન હોય. થ્રિલ મળવી જોઈએ જનતાને! કિતાબ માણસ એકલો વાંચે છે, સિનેમા સૌની સાથે જુએ છે. અંધારામાં સૌની સાથે એક આખો માહોલ ઊભો થાય છે. ૫૦૦થી ૧,૦૦૦ માણસોના એકસાથે હસવાના, રડવાના, ઉશ્કેરાવાના, ડરવાના અવાજો, તાળીઓ, હાયકારાઓપ બધું જ સામૂહિક અનુભવ છે ને એટલે જ એમાં થ્રિલ છે.

૧૯૭૫માં દેશમાં ગરીબી ભ્રષ્ટાચારના સમયમાં અમિતાભ બચ્ચન જ્યારે પૈસાવાળા વિલનને પોતાની લાંબી ટાંગ દ્વારા લાત મારતો ત્યારે દબાયેલ – કચડાયેલ ભારતની પ્રજાને થ્રિલ મળતી. સામાજિક આક્રોશને અમિતાભના ‘એંગ્રી યંગ મેન’ દ્વારા મુક્તિ મળતી. ‘અર્ધસત્ય’માં ઈમાનદાર ઈન્સ્પેક્ટર વેલણકર (ઓમ પુરી) લોકલ ગુંડા રામા શેટ્ટીને (સદાશિવ અમરાપુરકરને) જ્યારે અંતમાં અભદ્ર ભાષામાં ગાળો આપીને ગળું દબાવીને મારી નાખે છે ત્યારે પ્રેક્ષકોની રગરગમાં અન્યાયબોધની થ્રિલ મળે છે. ‘અમર અકબર એંથની’માં ત્રણ અલગ અલગ ધર્મમાં ઊછરેલા હીરો અમર-અકબર-એંથની એક સાથે એક જ સ્થળે એક જ નળી વડે એમની વિખૂટી પડેલી આંધળી મા (નિરૂપા રોયને) લોહી આપે છે ત્યારે જાણે ઈમોશનલ થ્રિલ મળે છે. મમતા અને પ્રેમના ખેંચાણના ભાવાવેશમાં રડતી આંખે પ્રેક્ષકો ‘વાહ’ કહી બેસે છેપ. આમ તો મેડિકલી જોઈએ તો એક સાથે ત્રણને એક જ નળી વડે એક પેશન્ટ્સને એક જ સમયે લોહી આપી જ ન શકે, પણ સિનેમામાં એ શક્ય છે, કારણ કે એ ક્ષણ રોમાંચક છે. ‘પુષ્પા ૧-૨’ કે



‘એનિમલ’ જેવી શોકિંગ ફિલ્મમાં લોકોને નવી જ થ્રિલ મળે છે. વિવેચકો અને બુદ્ધિજીવીઓનો સમજાતું નથી કે થિયેટરમાં લોકો લોજિકના સવાલો પૂછવા નહીં, પણ પોતાના જીવનના સવાલો ભૂલવા આવ્યા હોય છે એટલે હાલતી-ચાલતી, નાચતી, ઝૂમતી, બોલતી, ડોલતી પરીકથા જોવાનો એ આનંદ લે છે.

મનમોહન દેસાઈ, વિજય આનંદ, રાજ કપૂર કે આજના ડેવિડ ધવન, અબ્બાસ-મસ્તાન, રોહિત શેટ્ટી કે કરણ જોહર જેવા ભારતીય દિગ્દર્શકોને ખબર હતી કે છે કે પ્રેક્ષકોની કઈ નસ ક્યાં છે અને એટલે જ એ જાતજાતની થ્રિલ ઊભી કરી શકતા અને એટલે જ એમની ફિલ્મો કાશ્મીરથી કન્યાકુમારી સુધી સફળ થતી. ઝરણામાં નહાતી પારદર્શક કપડાંવાળી મંદાકિનીનું ફિગર હોય કે સની લિયોની કે તમન્ના ભાટિયાની દૂધમલ માદકતા હોય કે સાંઈબાબાની મૂર્તિમાંથી જ્યોત નીકળીને અંધ સ્ત્રીની આંખોની જ્યોત ઉજાગર કરતી ક્ષણો હોયપ. ‘લગાન’ જેવી ફિલ્મમાં આખું થિયેટર સ્ટેડિયમમાં ફેરવાઈ જાય, કારણ કે ગરીબ કિસાનની અંતિમ બોલમાં થતી જીતમાં ભારતના આમઆદમીને ૨૫૦ વર્ષની ગુલામીનો જવાબ દેખાય છે. થ્રિલ, દરેક દાયકામાં બદલાય છેપ એક જમાનામાં હીરો-હીરોઈન ચુંબન કરતો ને કેમેરા સામે ફૂલ આવી જતું એમાં પ્રેક્ષકોને થ્રિલ આવતી, પણ હવે તસતસતા ચુંબન કે બેડરૂમનાં નગ્ન દૃશ્યો, ‘એનિમલ’ ફિલ્મ જેવી બેકાબૂ હિંસા, ‘બાહુબલી’ કે ‘પદ્માવત’ જેવી ભવ્યતા કે ‘પુષ્પા’ જેવી રો-નેસ હવે નવાઈ નથી રહ્યા. મૂલ્યો ને માર્કેટ બદલાય છે. હવે કહેવાતા મોડર્ન કે વોક સિનેમામાં હીરો-હીરોઈન બિનધાસ્ત ગંદી ગાળો બોલે છે. ખુલ્લેઆમ સેક્સની વાતો કરે છે, કોંડોમ કે શીઘ્રપતન પર મજાક થાય છે, હવે એમાં પ્રેક્ષકોને ‘રોમાંચ’ મળે છે. રોમાંચનુંય ફેશન જેવું છે, એનું ચક્ર બદલાયા કરે છે. વરસોથી જાણીએ છીએ કે વિદેશી ફિલ્મોની એક્શન કે સ્પેશિયલ ઈફેક્ટની થ્રિલ અવર્ણનીય હોય છે. ત્રીજા વિશ્વના દેશોના પ્રેક્ષકો મોં ફાડીને ટાઈટેનિક, ઈ.ટી-એવેટાર કે ૩૦૦ કે ૨૦૧૨ કે મેટ્રિક્સ જેવી ફિલ્મોની સ્પેશિયલ ઈફેક્ટ જોયા કરે છે, જેમાં ‘રોલર-કોસ્ટર રાઈડ’ જેવી થ્રિલ મળે છે, પણ એ સ્પેશિયલ ઈફેક્ટો પાછળ જે ખર્ચો થાય છે એમાં સોમાલિયા જેવા દેશનો એક વર્ષનો ખર્ચ નીકળી શકે! એવી કરામતો માટે જ્યોર્જ લુકાસ કે જેમ્સ કેમેરૂન વર્ષોનાં વર્ષ કાઢી નાખે છે. જે હવે અઈ – આર્ટિફિશિયિલ ઈંટેલિજન્સ વડે તરત બની શકશે.. પણ ભારતીય સિનેમાને ખબર નહીં વર્ષો લાગશે. સ્ટીવન સ્પીલબર્ગ કહે છે મારી અંદર એ ૧૨ વર્ષનું બાળક છે જે મને રોમાંચક ફિલ્મો બનાવવા મજબૂર કરે છે, કારણ કે સિનેમા પોતે જ એક થ્રિલ છે!

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં હર્ષિત, અર્શદીપની જવાબદારી વધી ગઈ છેઃ ગંભીર

## ટુર્નામેન્ટ દરમિયાન શ્રેયસ ઐયર અમારી ટીમનો અત્યંત મહત્વનો ખેલાડી રહેવાનો છે, તે બહાર નહી રહે


**અમદાવાદ, તા. ૧૪**

પ્રવાસી ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વન-ડે ક્રિકેટ મેચ અને તે સાથે સિરીઝ જીતી લીધા બાદ ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગૌતમ ગંભીરે ખાતરી આપી હતી કે શ્રેયસ ઐયર ટીમનો અત્યંત મહત્વપૂર્ણ ખેલાડી છે અને તે બેન્ચ પર બેસવા માટે નથી પરંતુ અમારી યોજનાનો ભાગ જ છે. આ ઉપરાંત ભારતીય કોચે એમ પણ જણાવ્યું હતું કે બુમરાહની ગેરહાજરીમાં યુવાન બોલર અર્શદીપ સિંઘ અને હર્ષિત રાણા પરની જવાબદારી પણ વધી ગઈ છે.

મેચ બાદ ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે ક્યારેક એક વ્યક્તિ તક ગુમાવે તો બીજા માટે તે સારી તક બની રહેતી હોય છે. હું આશા રાખું છું કે જસપ્રિત બુમરાહ ઈજાને કારણે આ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે ત્યારે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં હર્ષિત રાણા અને અર્શદીપ સિંઘ પરની જવાબદારી વધી ગઈ છે એટલું જ નહી પરંતુ તેમના માટે આ સુવર્ણ તક છે.

જસપ્રિત બુમરાહે તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ અને તે અગાઉ ટી૨૦ વર્લ્ડ કપમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેણે ૧૫ વિકેટ લેવા ઉપરાંત ફાઈનલમાં મહત્વનો સ્પેલ નાખ્યો હતો.

ગંભીરે જણાવ્યું હતું કે મને આશા છે કે બુમરાહે આ તક ગુમાવી છે તો બની શકે છે કે બાકીના બોલર્સ માટે આ સુવર્ણ તક બની રહે. આશા રાખું છું કે શમી, રાણા અને અર્શદીપ આ તક ઝડપીને ટીમને સફળતા અપાવશે.






ક્યારેક આપણી પાસે જે નથી તે નથી જ પરંતુ છે છે તેનો સારી રીતે ઉપયોગ થવો જોઈએ. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં અમે આ માનસિકતા સાથે રમીશું કેમ કે અમારે ઉપલબ્ધ સાધનોમાંથી જ કામ લેવાનું છે તેમ તેણે ઉમેર્યું હતું.

બુમરાહની ગેરહાજરીમાં હર્ષિત રાણાને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને તેણે બુધવારે રમાયેલી વન-ડેમાં ઈંગ્લેન્ડના હેરી બ્રુક અને જોઝ બટલરની બે મહત્વની વિકેટ ખેરવી હતી. ગંભીરે જણાવ્યું હતું કે નવોદિતોએ સારા સંકેત આપ્યા છે. હર્ષિતે શાનદાર બોલિંગ કરી છે અને આ મેચમાં તેણે કમાલ કરી હતી. દેખીતી રીતે તમે બુમરાહ જેવા બોલરને હંમેશાં સાથે રાખવા માગતો હો પરંતુ તેની ગેરહાજરીમાં રાણા કમાલ કરી રહ્યો છે.

બુમરાહની ગેરહાજરી હરીફોને માનસિક લાભ કરાવશે તેવા સવાલના ઉત્તરમાં ગંભીરે જણાવ્યું હતું કે તેમાં હું કાંઈ કરી શકું તેમ નથી. જો તે ઉપલબ્ધ નથી તો નથી.કોઈ પણ ખેલાડી ઘાયલ થાય તો કોઈ કાંઈ કરી શકે નહી પરંતુ આ સંજોગોમાં રાણા, અર્શદીપ અને શમી ટીમને મદદરૂપ બની શકે છે.

### ઐયર એક્સ્ટ્રા પ્લેયર નથી

ચીફ કોચ ગંભીરે એમ પણ ખુલાસો કર્યો હતો કે શ્રેયસ ઐયર ભારતીય ટીમ માટે ખૂબ જ મહત્વનો ખેલાડી છે અને તે બેન્ચ પર બેસી રહેવા માટેનો પ્લેયર નથી. આ સાથે ઐયરને વન-ડેમાંથી નજરઅંદાજ કરવામાં આવે છે તેવી અટકળોને પણ ગંભીરે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે ઐયરની બેટિંગમાં સાતત્ય છે અને આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં તે અમારી ટીમનો મહત્વનો ખેલાડી છે. ઈંગ્લેન્ડ સામે ઐયરે શાનદાર ફોર્મ દાખવ્યું હતું. તેણે નાગપુર ખાતેની પ્રથમ વન-ડેમાં ભારતના બે વિકેટે ૫૯ રનના સ્કોરથી ટીમનો રકાસ અટકાવીને ૩૬ બોલમાં ૫૯ રન ફટકાર્યા હતા તો કટકમાં ૪૪ અને બુધવારે મોટેરા ખાતે ૭૮ રન ફટકાર્યા હતા.

### અક્ષર પટેલને પાંચમા ક્રમે મોકલવાના નિર્ણયનો ગંભીરે બચાવ કર્યો

મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની ત્રીજી વન-ડે બાદ પત્રકારો સાથે ચર્ચા કરતાં ગૌતમ ગંભીરે ટીમના ડાબોડી ઓલરાઉન્ડર અક્ષર પટેલને પાંચમા ક્રમે મોકલવાના નિર્ણય અંગે પણ ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે અમે તેને મુખ્ય બેટરની હરોળમાં લાવવાની યોજના ધરાવીએ છીએ. ક્રિકેટ આ જ રીતે રમાય છે. મને ખબર છે કે કેટલાક લોકો અક્ષરને પાંચમા ક્રમે મોકલાયો તેની ટીકા કરે છે પરંતુ ક્રિકેટ આ જ રીતે રમાય છે અને રમાવું જોઈએ.



## કરાચીના સ્ટેડિયમમાં બનાવટી ઓળખ સાથેનો વ્યક્તિ ઝડપાયો

**કરાચી,** પાકિસ્તાનમાં સુરક્ષાની વ્યવસ્થા અને જોખમને કારણે ભારત સરકારે તેની ક્રિકેટ ટીમને ત્યાં નહીં મોકલવાનો નિર્ણય લીધો હતો અને તેને ગુરુવારે સમર્થન મળી ગયું હતું કેમ કે જ્યાં અત્યંત મહત્વની મેચો રમાનારી છે અને આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજનને હવે માંડ એક સપ્તાહનો સમય રહી ગયો છે ત્યારે કરાચીના નેશનલ સ્ટેડિયમ ખાતે એક બનાવટી ઓળખપત્ર સાથે ઘુસેલી વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે શુક્રવારે રમાનારી ત્રિકોણીય વન-ડે સિરીઝની ફાઈનલ અગાઉ આ વ્યક્તિને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે મુઝમીલ કુરેશી તરીકે ઓળખાયેલી આ વ્યક્તિ મુખ્ય પ્રવેશદ્વારથી સ્ટેડિયમની અંદર પ્રવેશવાનો પ્રયાસ કરતી હતી અને તેને ઝડપી લેવામાં આવી હતી. તેની પાસે મીડિયાકર્મીનો પાસ હતો અને તે પોતાને પત્રકાર તરીકે ઓળખાવતો હતો પરંતુ તપાસ કરતાં ખ્યાલ આવ્યો હતો કે તેની પાસે રહેલું આસીસી કે પીસીબીનું ઓળખપત્ર નકલી હતું તેમ કહીને પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે સુરક્ષા કર્મચારીને શંકા જતાં તેની પૂછપરછ કરાઈ હતી જેમાં તેની પાસેથી અન્ય એક ઓળખપત્ર મળી આવ્યું હતું જેમાં તે પોતાને કેમેરામેન ગણાવતો હતો.સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે મુઝમીલ કુરેશીની અટકાયત કરવામાં આવી છે અને વિસ્તારના પોલીસ મથકમાં તેની પૂછપરછ ચાલી રહી છે અને તે તપાસમાં આવી રહ્યું છે કે તેણે ક્યાંથી આ ઓળખપત્ર મેળવ્યું હતું. તે શા માટે આ રીતે પ્રવેશ કરવા માગતો હતો તેની પણ તપાસ ચાલી રહી છે.

## શ્રેયસ અય્યર ચેમ્પિયન્સ ટ્રોફી માટે મહત્વપૂર્ણ ખેલાડી : ગૌતમ ગંભીર





અમદાવાદઃ ભારતનાં મુખ્ય કોચ ગૌતમ ગંભીરએ આ અટકળોને ફગાવી દીધી હતી કે શ્રેયસ સારા ફોર્મ હોવા છતાં વનડે ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આ બેટ્સમેન, જેમણે સતત સારું પ્રદર્શન કર્યું હતું, તે હંમેશાં યોજનાઓનો ભાગ હતો. તે આ મહિનામાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં એક મહત્વપૂર્ણ ખેલાડી છે.

પ્રથમ મેચ પછી, શ્રેયસે એમ કહીને કુતુહલ ઉભું કર્યું કે જ્યારે કોહલી ઘૂંટણની પીડાને કારણે મેચની બહાર હતો ત્યારે જ તેને ટીમમાં શામેલ કરવામાં આવ્યો હતો.

આનાથી એવી અટકળો શરૂ થઈ કે આગામી બે મેચોમાં કોહલી પરત ફરતાં તેમણે ફરી બાકાત રાખી શકાય છે. ત્રીજી અને અંતિમ મેચ પછી ગંભીરએ કહ્યું કે આખી શ્રેણી દરમિયાન શ્રેયસને બહાર બેસાડવાની કોઈ યોજના નહોતી ટીમ પ્રથમ મેચમાં યશસ્વીને તક આપવા માંગતી હતી.

તેમણે કહ્યું કે, ટીમ યશસ્વી શું કરી શકે તે જોવા માંગતી હતી કારણ કે તે ઓસ્ટ્રેલિયામાં ખૂબ સારા ફોર્મમાં હતો. ગંભીરે કહ્યું કે હું જાણું છું કે શ્રેયસ ટીમ માટે એક મહત્વપૂર્ણ ખેલાડી બનશે. તેમણે કહ્યું કે જ્યારે ફક્ત ત્રણ મેચ હતી, તેથી તે બધાં ખેલાડીઓને તક આપવા માંગતો હતો. ગંભીર માને છે કે જો કોઈ ખેલાડી બહાર હોય તો, કોઈ બીજા ખેલાડી માટે તે સુવર્ણ તક બને છે. ગંભીરને આશા છે કે હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ જેવાં ખેલાડીઓ બુમરાહની જવાબદારી લેશે. ગંભીરે કહ્યું કે આ ખેલાડીઓ પાસેથી એવી આશા રાખવામાં આવે છે કે તે સારું પ્રદર્શન કરશે અને ટીમને જીતાડશે.શ્રેયસે ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ફાસ્ટ બોલરો સામે ૧૬૪.૭૦ ના સ્ટ્રાઇક રેટે રન બનાવ્યાં હતાં. આ ૨૦૦૨ પછી ભારતીય ખેલાડીનું શ્રેષ્ઠ શ્રેષ્ઠ પ્રદર્શન છે. અગાઉ સહેવાગે બાંગ્લાદેશમાં ૨૦૧૦ની ટ્રાઇ -સીરીઝ દરમિયાન ૧૬૧.૨૯ ના સ્ટ્રાઇક રેટથી રન બનાવ્યાં હતાં. શ્રેયસ શ્રેણીમાં ૬૦.૩૩ ની સરેરાશ અને ૧૨૩.૧૨ ના સ્ટ્રાઇક રેટ સાથે ૧૮૧ રન બનાવ્યાં હતાં. તેને બે અડધી સદીઓ ફટકારી હતી. આ દરમિયાન, તેણે ૧૪૭ બોલનો સામનો કરવો પડ્યો હતો. શ્રેયસે શુભમન ગિલ પછી સૌથી વધુ રન બનાવ્યાં છે.

### કોચ ગૌતમ ગંભીર યશસ્વીને તક આપવા માંગતાં હતાં : બુમરાહની ગેરહાજરી રાણા, અર્શદીપ અને શમી પૂર્ણ કરશે



## ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમ પરિવાર સાથે પ્રવાસ નહીં કરી શકે

નવી દિલ્હી, ભારતીય ટીમ દુબઈમાં ૨૦મી ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામેની મેચથી ચેમ્પિયન્સ ટ્રોફીના અભિયાનનો પ્રારંભ કરશે. ભારતીય ક્રિકેટ બોર્ડની (બીસીસીઆઈ) નવી પ્રવાસ નીતિનો અમલ આ ટુર્નામેન્ટથી થઈ રહ્યો છે જે અંતર્ગત ભારતીય ટીમના ખેલાડીઓ તેમની સાથે પરિવારજનોને લઈ જઈ શકશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ૨૩ ફેબ્રુઆરે ભારત અને કટ્ટર હરિફ પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. આ ટુર્નામેન્ટની ફાઈનલ ૯ માર્ચે રમાશે તેને ધ્યાનમાં રાખતા આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ત્રણ સપ્તાહ જેટલા ટૂંકા સપ્તાહમાં યોજાશે અને બોર્ડના આદેશ મુજબ ખેલાડીઓ પરિવાર સાથે પ્રવાસ નહી ખેડી શકે. બોર્ડની નવી નીતિ મુજબ ભારતીય ટીમ ૪૫ દિવસ કે તેથી વધુનો પ્રવાસ ખેડે છે ત્યારે પરિવારજનો બે સપ્તાહ સુધી ખેલાડીઓ સાથે રહી શકશે. બોર્ડના સૂત્રના મતે જો કોઈ સીનીયર ખેલાડી ઈચ્છે છે.

## આઇપીએલમાં બેંગલોરની ટીમના કેપ્ટન તરીકે રજત પાટીદારની વરણી

### પાટીદારની આગેવાનીમાં રમનારા કોહલીએ પણ નવા કેપ્ટનને સહકાર આપવાની ખાતરી આપી




**બેંગલોર,** માર્ચ મહિનામાં યોજાનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આ વખતે રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમના સુકાની તરીકે રજત પાટીદારની નિયુક્તિ કરવામાં આવી છે. આમ પાટીદાર આ સિઝનમાં સાઉથ આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસનું સ્થાન લેશે. ગઈ સિઝનમાં પ્લેસિસ આ ટીમનો કેપ્ટન હતો.

આઈપીએલની આ સિઝન માટેની હરાજી અગાઉ નવેમ્બર ૨૦૨૪માં બેંગલોરની ફ્રેન્ચાઈઝીએ રજત પાટીદારને રિટેન કર્યો હતો. પાટીદાર આ જવાબદારી અગાઉ સૈયદ મુસ્તાક અલી ટી૨૦ અને વિજય હઝારે વન-ડે ટ્રોફીમાં મધ્ય પ્રદેશની ટીમનું સુકાન સંભાળી ચૂક્યો છે. ૩૧ વર્ષીય પાટીદારે અગાઉ ૨૦૨૨માં ફ્રેન્ચાઈઝી સાથે જોડાયો હતો. તેની આગેવાની હેઠળ મધ્ય પ્રદેશની ટીમ ગયા વર્ષે સૈયદ મુસ્તાક અલી ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશી હતી જ્યાં મુંબઈ સામે તેનો પરાજય થયો હતો.

બેંગલોરની ટીમના ચીફ કોચ એન્ડી ફ્લાવરે ગુરુવારે યોજાયેલા એક સમારંભ દરમિયાન જણાવ્યું હતું કે રજત એકદમ સરળ વ્યક્તિ છે અને તે તેની આસપાસના લોકોનું ધ્યાન રાખે છે. તે મધ્ય પ્રદેશની ટીમનો સુકાની હતો ત્યારે અમે તેને નજીકથી નિહાળ્યો હતો. અમને તેની આ બાબત પસંદ પડી હતી. રજત પાટીદારને ગુરુવારે ટીમનો કેપ્ટન બનાવ્યો તે અગાઉ એવી અટકળો થતી હતી કે વિરાટ કોહલી આ સ્થાને પરત ફરશે. છેલ્લા કેટલાક સમયથી માત્ર ખેલાડી તરીકે જ બેંગલોર માટે રમી રહેલા કોહલીના કેપ્ટન તરીકેના પુનરાગમનની ચર્ચા વચ્ચે ફ્રેન્ચાઈઝીએ પાટીદારને આગેવાની સોંપી હતી. જોકે ખુદ વિરાટ કોહલીએ આ પસંદગીને આવકારી હતી. તેણે એક વીડિયો નિવેદનમાં રજતનો ઉલ્લેક કરીને જણાવ્યું હતું કે હું અને ટીમના તમામ સદસ્ય તારી સાથે છીએ અને તને અમારો સહકાર રહેશે.

રજત પાટીદાર ભારતની મોખરાની ડોમેસ્ટિક ટી૨૦ ટુર્નામેન્ટમાં આ સિઝનમાં સૌથી વધુ રન ફટકારવામાં બીજા ક્રમે રહ્યો હતો. તેણે મુસ્તાક અલી ટી૨૦માં ૪૨૮ રન ફટકાર્યા હતા અને તેની સરેરાશ ૬૧ની તથા સ્ટ્રાઇક રેટ ૧૮૬.૦૮નો રહ્યો હતો.

પાટીદારને આ સિઝનમાં સાઉથ આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસને સ્થાને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. પ્લેસિસે ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન ટીમની આગેવાની લીધી હતી અને ૨૦૨૫ની સિઝનમાં તે દિલ્હી કેપિટલ્સ માટે રમવાનો છે.

ગુરુવારે નવા સુકાનીની જાહેરાત અગાઉ એવી અટકળો થતી હતી કે વિરાટ કોહલીને ફરી એક વાર આ સ્થાન પર નિયુક્ત કરવામાં આવશે. કોહલી આ અગાઉ ૨૦૧૩થી ૨૦૨૧ સુધી આરસીબીનો કેપ્ટન રહી ચૂક્યો હતો. કોહલીએ આ ગાળામાં ૧૪૩ મેચમાં ટીમની આગેવાની લીધી હતી. આમ ચેન્નાઈના સુકાની ધોની બાદ કોહલી સૌથી અનુભવી સુકાની રહ્યો છે. કોહલીની આગેવાનીમાં આરસીબીએ ૧૪૩માંથી ૬૮ મેચ જીતી હતી અને ૭૦ મેચમાં ટીમનો પરાજય થયો હતો જ્યારે ચાર મેચમાં પરિણામ આવ્યું ન હતું.

## આજથી વડોદરામાં વુમન પ્રીમિયર લીગનો રંગારંગ પ્રારંભ થશે

### ઉદઘાટન સમારોહમાં આયુષ્માન ખુરાના પર્ફોમ કરશે, ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ વચ્ચે પ્રથમ મેચ

WPL(વિમેન્સ પ્રિમિયર લીગ)નો શુક્રવારથી પ્રારંભ થઈ રહ્યો છે. વડોદરાના કોટંબી સ્ટેડીયમમાં ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે પ્રથમ મેચ રમાશે. તે પહેલા યોજાનારા રંગારંગ કાર્યક્રમમાં બોલિવુડ એક્ટર આયુષ્માન ખુરાના પર્ફોમ કરશે. વડોદરાના કોટંબી સ્ટેડીયમમાં WPLની કુલ ૬ મેચ રમાવાની છે. લોકો ફક્ત ૧૧૪ રૂપિયાની ટિકિટમાં મેચ નિહાળી શકશે. લીગ માટે અલગ અલગ ટીમો વડોદરા પહોંચી ચૂકી છે. ખેલાડીઓએ આજે (ગુરુવારે) ગ્રાઉન્ડ પર પ્રેકટિસ કરી હતી.વડોદરા શહેરના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે આવતીકાલે ૧૪ ફેબ્રુઆરીથી વિમન્સ પ્રીમિયર લીગ (WPL)માં દિલ્હી કેપિટલ્સ,મુંબઇ ઇન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર,ગુજરાત જાયન્ટ્સ અને યુપી વોરિયર્સ સામસામે ટકરાશે. જેમાં શરૂઆતની ૬ મેચ વડોદરામાં રમાશે. જેના માટે દિલ્હી કેપિટલ્સ, મુંબઇ ઇન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને ગુજરાત જાયન્ટ્સ નેટ પ્રેક્ટિસ કરી રહી છે. યુપી વોરિયર્સની ટીમ હજી વડોદરા આવી નથી. તમામ ટીમો વડોદરા શહેરની અલગ-અલગ હોટલોમાં રોકાઈ છે. તમામ હોટલની બહાર હોટલનો સિક્યુરિટી સ્ટાફ તૈનાત છે.

BCA દ્વારા સમગ્ર કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમને મ્ઝ્રૈંને હેન્ડ ઓવર કરી દેવામાં આવ્યું છે. તમામ તૈયારીઓ મ્ઝ્રૈં દ્વારા કરવામાં આવી છે. હાલ સ્ટેડિયમમાં કોઈને પણ પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી અમે અહીં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.સ્ટેડિયમના ગેટ મેચના સમયના ૨.૫ કલાક પહેલા ખોલી દેવામાં આવશે. જેથી કરીને સ્ટેડિયમની બહાર લાંબી લાંબી લાઈનો ન થાય અને લોકો સરળતાથી સ્ટેડિયમમાં પહોંચી શકે. બોટલ, સિક્કા, હેડફોન, લાઈટર,મેચબોક્સ, ટીન અથવા કેન, સંગીતનાં સાધનો, સ્પીકર્સ, જ્વલનશીલ, ઝેરી, ગેરકાયદે અથવા જોખમી પદાર્થો, ધાતુના કન્ટેનર, ફટાકડા, શસ્ત્રો, હેલ્મેટ અને બેગને સ્ટેડિયમની અંદર પ્રવેશ આપવામાં આવશે નહિ.

### આઈપીએલ એક દિવસ વ્હેલી શરૂ થશે

## ૨૨ માર્ચથી પ્રારંભ : પ્રથમ મેચ KKR - RCB વચ્ચે રમાશે

### ફાઈનલ ઈડન ગાર્ડન્સમાં તથા બે પ્લે ઓફ હૈદરાબાદમાં રમાશે

મુંબઈ : ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ૧૮મી સીઝન ૨૨ માર્ચ, શનિવારથી શરૂ થશે. શરૂઆતની અને અંતિમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ના હોમ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે. પ્રથમ મેચમાં, [illegible] નો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સામે થશે.

ક્રિકબઝના રિપોર્ટ મુજબ, IPLનું સંપૂર્ણ શેડ્યૂલ ૧ કે ૨ દિવસમાં જાહેર થઈ શકે છે. ફ્રેન્ચાઇઝ ટીમોને મહત્વપૂર્ણ મેચો વિશે માહિતી આપવામાં આવી છે. કોલકાતાએ ૨૦૨૪ ની ફાઇનલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH) ને હરાવીને ટાઇટલ જીત્યું. આ વખતે હૈદરાબાદમાં ૨ પ્લેઓફ મેચ રમાશે. હૈદરાબાદ પણ તેના હોમ ગ્રાઉન્ડથી શરૂઆત કરશે.

૧૭મી સીઝનની રનર-અપ, સનરાઇઝર્સ હૈદરાબાદ, પણ તેના હોમ ગ્રાઉન્ડ, ઉપ્પલથી તેના અભિયાનની શરૂઆત કરશે. તેઓ ૨૩ માર્ચે રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે, આ મેચ ભારતીય સમય મુજબ બપોરે ૩.૩૦ વાગ્યે શરૂ થશે. બંને ટીમો ગયા સિઝનના ક્વોલિફાયર-૨ માં પણ આમને-સામને થઈ હતી. હૈદરાબાદ મેચ જીતીને ફાઇનલમાં પ્રવેશ્યું.

ફાઇનલ IPL ૨૫ મેના રોજ કોલકાતામાં રમાશે, જેમાં ઓપનિંગ અને ફાઇનલ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમના હોમ ગ્રાઉન્ડ પર રમાશે. આ વખતે પણ બંને મહત્વપૂર્ણ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં યોજાશે.

ફાઇનલ ૨૫ મેના રોજ રમાશે. ક્વોલિફાયર-૨ પણ કોલકાતામાં યોજાશે. ક્વોલિફાયર-૧ અને એલિમિનેટર હૈદરાબાદ ખાતે રમાશે, જે અગાઉના રનર-અપ SRHનું હોમ ગ્રાઉન્ડ છે.

૧૦ ટીમો વચ્ચેની મેચો ૧૨ સ્થળોએ રમાશે

૧૦ ટીમોના હોમ ગ્રાઉન્ડ ઉપરાંત, ગુવાહાટી અને ધર્મશાળામાં પણ મેચો રમાશે. ગુવાહાટી રાજસ્થાન રોયલ્સ (RR)નું બીજું હોમ ગ્રાઉન્ડ છે, ટીમ અહીં ૨ મેચ રમશે. ટીમ અહીં ૨૬ માર્ચે કોલકાતા અને ૩૦ માર્ચે ચેન્નાઈ સામે ટકરાશે. ધર્મશાલા પંજાબ કિંગ્સ (PBKS)નું બીજું હોમ ગ્રાઉન્ડ છે. ટીમ અહીં ૩ મેચ રમશે.

૧૦ ટીમોના બાકીના હોમ ગ્રાઉન્ડ અમદાવાદ, મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ, લખનૌ, મુલ્લાનપુર, દિલ્હી, જયપુર, કોલકાતા અને હૈદરાબાદ છે. સિઝનની બાકીની મેચો અહીં રમાશે. ટુર્નામેન્ટમાં ૧૦ ટીમો વચ્ચે કુલ ૭૪ મેચ રમાશે.



# ભાણકી સ્ટેડિયમમાં સ્પેશીયલ ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન

સુરત, તા.૧૪

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા રમતવિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સુરત, ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ-સુરત, પેરા સ્પોર્ટ્સ એસોસીએશન સુરત દ્વારા ભાણકી સ્ટેડિયમ, મોરા ભાગળ, રાંદેર, સુરત ખાતે શારીરિક ક્ષતિ ધરાવતા ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૬ વર્ષ થી નીચે- ૨૫૫, ૧૬ થી ૩૫ વર્ષ – ૧૫૬, ૩૫ વર્ષ થી ઉપર- ૧૬૭ મળી કુલ ૫૭૮ ખેલાડીઓએ ભાગ લીધો છે. પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહોદયશ્રીના આશીર્વચન થી કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો છે. શ્રી કનુભાઈ રાઠોડ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, શ્રી વિરલભાઈ પટેલ, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા છે. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ટ્રસ્ટી શ્રી આનંદભાઈ શાહ અને શ્રી જુગ્નુભાઈ પરીખએ ખૂબ જ જહેમત ઉઠાવી છે. કાર્યક્રમ નું સંચાલન શ્રી મતિ હિનાબેન મોદી એ કર્યું છે.

# મતદાનના દિવસે મતદાન કરવા માટે શ્રમયોગીને રજા મળશે

## મદદનીશ શ્રમ આયુક્ત કચેરી દ્વારા જાહેર સૂચના

ભરૂચ, તા.૧૪

ભરૂચ જિલ્લાના મદદનીશ શ્રમ આયુકતશ્રી એક અખબારી યાદીમાં જણાવે છે કે, રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લાપંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/ મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા. ૧૬/૦૨/૨૦૨૫ ના રવિવારના સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ -૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/ બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેમ મદદનીશ શ્રમ આયુકતશ્રી- ભરૂચની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સુરતી મોઢ વણિક યુવક મંડળ દ્વારા રક્ત દાન શિબિર યોજાયો

સુરત, તા.૧૪

અનેક વિધ માનવીય ઉપયોગી સેવાકીય પ્રવૃત્તિ ઓ સાથે સંકળાયેલ જેવી કે, રક્તદાન ચક્ષુદાન, દેહદાન, કફનદાન, અંગદાન અંગે જનજાગૃતિ કેળવી સેવા આપતી સૂરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા મહા શિવરાત્રી પર્વ નિમિત્તે ભક્તિ સાથે માનવ સેવા માટે રક્તદાન શિબિર નું આયોજન પારડેશ્વર મહાદેવ મંદિર, રાજહંસ સિનેમા સામે, પાલ ખાતે મહંત શ્રી બટુક ગીરી બાપુ અને યુવક મંડળ ના પ્રમુખ અજય મોદી ના માર્ગદર્શન હેઠળ તા. ૨૬/૨/૨૫ ના બુધવાર ના રોજ સાજે ૬ થી ૯ ક. માટે રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું છે.

યુવા ભાઈ – બહેનો ને આ શિબિર સફળ બનાવવા રક્તદાન કરવા / કરાવવા વીનતી કરવામાં આવે છે. દરેક રક્ત દાતા ઓ ને ઉપયોગી કીમતી ભેટ આપવા માં આવશે એવું પ્રમુખ અજય મોદી એ જણાવ્યું છે.

# કલા મહાકુંભ અસ્નાબાદ પ્રાથમિક શાળાનો દક્ષિણ ગુજરાતમાં ડંકો

## વિદ્યાર્થી હરમિલ વરીયા રાજ્ય કક્ષાએ દક્ષિણ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

સુરત, તા.૧૪

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, તાપી દ્વારા સંચાલિત દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષા કલા મહાકુંભ સ્પર્ધા : ૨૦૨૪-૨૫ તા.૧૧/૦૨/૨૦૨૫ થી તા.૧૨/૦૨/૨૦૨૫ દરમિયાન દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય, વ્યારા જિ. તાપી મુકામે યોજાઈ હતી. જેમાં સુરત શહેર, સુરત ગ્રામ્ય, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, ડાંગ, નવસારી તથા વલસાડનાં જિલ્લા કક્ષાએ વિજેતા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

પ્રદેશ કક્ષાનાં આ કલા મહાકુંભની દુહા,છંદ,ચોપાઈ સ્પર્ધામાં ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત અસ્નાબાદ પ્રાથમિક શાળામાં ધોરણ-૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી હરમિલ હિતેશભાઈ વરીયાએ પ્રથમ ક્રમે જયારે લોકવાર્તા સ્પર્ધામાં ધોરણ-૭ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ખુશી મુન્નાભાઈ વર્માએ તૃતિય ક્રમે વિજેતા બની સુરત જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતનું નામ રોશન કરેલ છે.

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવ પટેલ, જિલ્લા તથા તાલુકા સંઘનાં હોદેદારો, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નગીન પટેલ ઉપરાંત શાળા વ્યવસ્થાપન સમિતિએ શાળાનાં આચાર્ય અમિત પટેલ પ્રેરિત અને ઉપશિક્ષિકા કલ્પના પટેલ માર્ગદર્શિત આ બંને વિદ્યાર્થીઓની ઝળહળતી સિદ્ધિને બિરદાવી અભિનંદન પાઠવી આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.




પુણા વિસ્તારના ભૈયાનગર પાસે આવેલ શુભ પ્લાઝાની એક દુકાનમાં એકાએક આગ ફાટી નિકળતા તાકીદે ઘટના સ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા આગ પર કાબુ મેળવી લેવાયો હતો.

# નાના વરાછાની જમીન પચાવી પાડનાર દંપતિ સામે ક્રાઈમ બ્રાંચ પોલીસની તપાસ

## ખોટા દસ્તેવાજો રજૂ કરી દક્ષાબેનનું નામ કમી કરાવી દીધું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

નાના વરાછાશ્વ વિસ્તારમાં રહેતી પરિણીતાની અંત્રોલી અને સીમાડા ગામે આવેલી જમીન તેના ભાઈ અને મોટા ભાભીએ પચાવી પાડી હતી. જમીનમાંથી પરિણીતાનું નામ કમી કરાવ્યા બાદ મામલતદાર કચેરી દ્વારાશ્વ કાઢવામાં આવેલી ૧૩૫-ડી ની નોટીશ નાના વરાછાની પોસ્ટ ઓફિસમાં તેની બહેન વિદેશમાં રહેતી હોવાની ખોટી કહીકત જણાવી બારોબાર નોટીશ મેળવી લઈ જમીન પચાવી પાડતા પરિણીતાએ ગતરોજ તેના ભાઈ અને ભાભી સામે પોલીસમાં ફરિયાદ નોદ્વધૈવી છે. ક્રાઈમ બ્રાન્ચમાંથી મળતી માહિતી મુજબ નાના વરાછા, રાજારામ નગર સોસાયટી, શિવશક્તિ બંગ્લોઝમાં રહેતા ૪૬ વર્ષીય દક્ષાબેન સંજયભાઈ પટેલએ ગતરોજ તેના સગાભાઈ રવિ અશોક પટેલ (રહે, મનસુખનગર નાના વરાછા) અને તેના મોટા ભાભી જગીશાબેન જીગ્નેશભાઈ પટેલ (રહે, મનસુખનગર નાના વરાછા) સામે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે સીમાડા ગામ ખાતા નં ૧૨૪, બ્લોક નં-૫૪ અને ૫૫ તેમજ અંત્રોલી ગામ બ્લોક નં-૧૬૭ - ૧૬૯ વાળી વડીલો પાર્જીત જમીન આવેલી છે આ જમીનનો વહીવટ માતા પિતાના અવસાન બાદ આરોપી રવિ વહીવટ કરતા હતા. દરમ્યાન રવિએ જમીનમાં વસીયતનામામની નોદ્વધો પડાવી તેના આધારે દક્ષાબેનનું નામ કમી કરાવી રવિકુમારે પોતાનું નામ દાખલ કરાવી દીધુ હતું. જે અંગે મામલતદાર કચેરી દ્વારા ૧૩૫-ડીની નોટીશ કાઢવામાં આવી હતી. જાકે આ નોટીશ દક્ષાબેનની નહી મળે તે માટે આરોપીઓએ શ્વપોસ્ટ ઓફિસમાં જઈ દક્ષાબેન વિદેશમાં રહે છે અને તેમની જરૂરી કાર્યવાહી કરવા અંગેનો પાવર રવિકુમાર પટેલને આપ્યો છે. અનેશ્વ દક્ષાબેન વતી તેની ભાભી જીગીશાબેનશ્વએ એ સહીઓ કરી ૧૩૫-ડીની નોટીશ મેળવી લીધી હતી. અને આ અગેં દક્ષાબેનને જાણ કરી ન હતી. દક્ષાબેનએ પોસ્ટ ઓફિસમાં તપાસ કરતા તેના ભાઈ રવિકુમાર અને ભાભી જીગીશાબેન ભાંડો ફુટી ગયો હતો.આરોપી રવિકુમાર અને તેની ભાભી જીગીશાએ દક્ષાબેનની કિંમતી જમીનોમાં તેની માતાનું વસીયતનામુ કરી તેના આધારે નોદ્વધો પડાવી ૧૩૫-ડી નોટીશ ટપાલીને ખોટી હકીકત કહી ગેરમાર્ગે દોરી બારોબાર મેળવી લઈ જમીન પચાવી પાડી હતી. ક્રાઈમ બ્રાન્ચે દક્ષાબેન પટેલની ફરિયાદ લઈ તેના ભાઈ રવિકુમાર અને ભાભી જીગીશાબેન સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

**વાટાઘાટોમાં**

**પહેલા પાનાનું ચાલુ**

વેપાર ખાદ્ય છે.૨૦૨૩ માં બન્ને દેશો વચ્ચે ૧૯૦.૧ અબજ ડોલરનો કારોબાર હતા.જેમાં અમેરિકાથી ભારતમાં આયાત ૭૦ અબજ ડોલર તથા ભારતમાંથી અમેરિકામાં નિકાસ ૧૨૦ અબજ ડોલર હતું.

**અમેરિકી પ્રમુખ**

**પહેલા પાનાનું ચાલુ**

તેથી આપણે આ માનવ તસ્કરી પર પુરી તાકાતથી હુમલો કરવો જોઈએ. ભારત અને અમેરિકાનો પ્રયાસ હશે કે આ પ્રકારના તંત્રને અમો નષ્ટ કરીએ અને મને વિશ્વાસ છે કે તેમાં પ્રમુખ ટ્રમ્પનો સહયોગ મળી રહેશે.

**અમેરિકાથી ગેરકાયદે**

**પહેલા પાનાનું ચાલુ**

દેશનિકાલ કરવામાં આવ્યા છે. ભલે આ પ્રક્રિયા જૂની હોય પરંતુ, સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે, અમારા નાગરિકો સાથે નિષ્પક્ષ વ્યવહાર કરવામાં આવે.

વડાપ્રધાન મોદીએ પણ અમેરિકામાં ગેરકાયદે ભારતીયો વિશે કહ્યું હતું કે, જે લોકો બીજા દેશોમાં ગેરકાયદે રહે છે તેમને ત્યાં રહેવાનો અધિકાર નથી. ભારત અને અમેરિકા વિશેનો જે સવાલ છે તેને લઈને કહું કહેવા માગું છું કે હું અમારા દેશના લોકોને સ્વીકારવા તૈયાર છું પણ આ વાત અહીં અટકતી નથી. આવા લોકો સામાન્ય પરિવારના હોય છે જેમને ગેરમાર્ગે દોરીને અમેરિકા લઈ જવામાં આવે છે. એટલા માટે આવી હ્યુમન ટ્રાફિકિંગની સિસ્ટમ પર અમેરિકા અને ભારતે સાથે મળીને કાર્યવાહી કરવી પડશે.

**મણીપુર સીઆરપીએ**

**પહેલા પાનાનું ચાલુ**

આરોપી સૈનિક CRPFની ૧૨૦મી બટાલિયનનો સભ્ય હતો. હાલમાં ઘટનાના કારણોની તપાસ ચાલી રહી છે. CRPF તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

અધિકારીઓના મતે, તપાસ પૂર્ણ થયા પછી જ આ કેસ પાછળનું કારણ સ્પષ્ટ થશે. સીઆરપીએફ અધિકારીઓ કેમ્પમાં પહોંચી ગયા છે અને પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા છે. સૈનિકોના માનસિક સ્વાસ્થ્યને સુધારવા અને કાર્યસ્થળ પર તણાવ ઘટાડવાના પગલાં પર પણ વિચાર કરી શકાય છે. ગયા વર્ષે પણ ૨૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ, મણિપુરના ચંદેલ જિલ્લાના સાજિક ટમ્પકમાં આસામ રાઈફલ્સના એક જવાને તેના ૬ સાથીદારો પર ગોળીબાર કર્યો હતો. આ પછી તેણે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. ત્યારે આસામ રાઈફલ્સના આઈજીએ કહ્યું હતું કે - આનો મણિપુરમાં ચાલી રહેલી હિંસા સાથે કોઈ સંબંધ નથી. તેઓ મણિપુરમાં શાંતિ જાળવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા હતા. કેન્દ્ર સરકારે ગુરુવારે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યું. મુખ્યમંત્રી એન બિરેન સિંહના રાજીનામાના ચાર દિવસ પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સિંહે ૯ ફેબ્રુઆરીના રોજ રાજ્યપાલને પોતાનું રાજીનામું સુપરત કર્યું. રાજ્યમાં ૨૧ મહિનાથી ચાલી રહેલી વંશીય હિંસા (૩ મે ૨૦૨૩) ને કારણે ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. આ કારણે બિરેન પર રાજીનામું આપવાનું ઘણું દબાણ હતું. વિપક્ષી પક્ષો પણ આ મુદ્દા પર NDA પર સતત સવાલ ઉઠાવી રહ્યા હતા.

**તહવ્વુર**

**પહેલા પાનાનું ચાલુ**

ભારતીય વિદેશ મંત્રાલયે એવો નિર્દેશ કર્યો હતો કે રાણાને પરત મેળવવાની કાનુની પ્રક્રિયા ચાલી રહી છે.

હવે ટ્રમ્પની મંજુરીને પગલે તુર્તમાં કબ્જો મલશે. આ માટે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીની ટીમ અમેરીકા જશે. તહવ્વુર રાણાની ૨૦૦૯ માં શિકાગોમાંથી ધરપકડ કરવામાં આવી હતી પાક ત્રાસવાદી સંગઠન અને સંડોવણીનો આરોપ હતો મુંબઈ હુમલામાં પણ સંડોવણી જાહેર થઈ હતી.

**તા. ૨૦**

**પહેલા પાનાનું ચાલુ**

વગરના રહ્યા. છેલ્લા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પણ એક-બે દિવસમાં સમાપ્ત થઈ જશે.

૨૦ ફેબ્રુઆરી બાદ તાપમાનમાં ઝડપથી વધારાનું પુર્વાનુમાન છે. આ દરમિયાન વરસાદ થવાની કોઈ સંભાવના નથી. આ પરીસ્થિતિમાં હવામાન એ સંકેત દઈ રહ્યું છે કે માર્ચ મહિનામાં જ ગરમી અનેક રેકોર્ડ તોડી શકે છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીમાં ૨૭-૨૮ ડિગ્રી સુધી ચાલતુ તાપમાન માર્ચ મહિનામાં ૩૮-૪૦ ડિગ્રીએ પહોંચી શકે છે. તરપ્રદેશના જિલ્લામાં ૨૦ ફેબ્રુઆરી બાદથી તાપમાનમાં વધારો થવો સંભવ છે. કાનપુરમાં બુધવારે દિવસે તાપમાન ૨૮.૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૧ ડીગ્રી રહ્યું હતું. બન્ને આંકડા સામાન્યથી વધુ છે. હવામાન નિષ્ણાંતોનું કહેવું છે કે, આ વખતે ગત વર્ષનો રેકોર્ડ તૂટવાની સંભાવના છે. હવામાનને લઈને જાહેર ચેતવણીમાં કહેવામાં આવ્યુ છે કે ફેબ્રુઆરીના અંતિમ હપ્તા કે માર્ચની શરૂઆતમાં તાપમાન એટલુ વધી ગયું હશે કે લોકો બેચેન થવા માંડશે. ફેબ્રુઆરીમાં વરસાદ પણ સામાન્યથી ૨૦ ટકા ઓછો રહ્યો છે. વરસાદની કમીથી હવામાં ભેજ ઝડપથી ઘટશે અને તાપમાનમાં ઝડપથી વધારો જોવા મળશે. દિલ્હીમાં આ વખતે સમય પહેલા જ ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. દિલ્હીમાં અધિકતમ અને ન્યુનતમ તાપમાન સામાન્યથી વધુ નોંધાયું છે. ગુરુવારે અધિકતમ તાપમાન ૨૪.૮ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે કે જે સામાન્યથી ૧.૪ ડિગ્રી સેલ્સીયસ વધુ છે, જયારે ન્યુનતમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયું જે સામાન્યથી ૧.૮ ડિગ્રી વધુ છે. આજે અધિકતમ તાપમાન ૨૭ ડિગ્રી સુધી આવી શકે છે. રાંચી સહિત ઝારખંડના મોટાભાગના જિલ્લામાં ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં એપ્રિલ જેવી ગરમી અનુભવાશે. હવામાન આગાહીમાં ૨૧થી૨૭ ફેબ્રુઆરી દરમિયાન તાપમાન ૨૬થી૩૪ ડીગ્રી વચ્ચે રહેવાનું અનુમાન છે. પહાડો પર દિવસ તાપનો અનુભવ થવા લાગ્યો છે. કુમાઉના પહાડી જિલ્લામાં અધિકતમ તાપમાન ૧૮થી૨૨ ડિગ્રી પહોંચી રહ્યું છે. ન્યુનતમ તાપમાન પણ સામાન્યથી વધુ નોંધાઈ રહ્યું છે.

**હજારો**

**પહેલા પાનાનું ચાલુ**

બગડે, ફોરડાએ એનબીઈએમએસને આ મુદ્દાને ગંભીરતાથી લઈને જરૂરી પગલાં ઉઠાવવાનો આગ્રહ કર્યો છે.

કે આપણે એ જ પરસ્પરના સહયોગ, વિશ્વાસ અને ઉત્સાહથી ભારત-અમેરિકા વચ્ચેની ભાગીદારીને આગળ વધારશું.

**વસ્ત્ર મંત્રાલયની સમર્થ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

શીખીને કુશળ બને સાથો સાથ સ્વનિર્ભર પણ બને એવો આ તાલીમનો હેતુ છે. અગાઉ સામાન્ય પરિવારોની ૧૫૦ મહિલાઓને અમી હેન્ડીક્રાફટ દ્વારા તાલીમ બદ્ધકરવામાં આવી છે, જે તમામ સ્વતંત્ર કામ કરીને રોજગારી મેળવવા સાથે પરંપરાગતજરી-જરદોશી હહેન્ડવર્કને જીવંત રાખી રહી છે, ત્યારે પોલીસ પરિવારની બહેનો પણ સુરતની પરંપરાગત-પ્રાચીનજરી- જરદોશી હેન્ડવર્કની કલાને જીવંત રાખવામાં નિમિત્ત બનશે.

નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીએ જણાવ્યું કે, કેન્દ્રસરકારનીસમર્થ યોજના હેઠળ ૩૦ બહેનોની તાલીમ પૂર્ણ થયા બાદ તેમની પરીક્ષા લેવાશે. અનેઉત્તીર્ણથયેલાતાલીમાર્થીઓએજરી-જરદોશી હેન્ડવર્કથી બનાવેલા કાપડ પર જરીવર્કની ફોટોફ્રેમ, ચિત્રો, જરી ગિફ્ટ આર્ટિકલ્સનું વેચાણ માટે કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયના સહયોગથી મંચ પૂરો પાડવામાં આવશે. અમી સુરતનું જરી એસોસિએશન નજીવા દરે જરી-જરદોશી નોકાચોમાલપૂરોપાડશે.

આ પ્રસંગે મનપાના સાંસ્કૃતિક સમિતિના ચેરમેન સોનલબેન દેસાઈ, કોર્પોરેટર કૈલાસબેન સોલંકી, ડી.સી.પી. (ટ્રાફિક)અમિતા વાનાણી, ડી.સી.પી.(સ્પેશ્યલબ્રાંચ)હેતલ પટેલ,અમી હેન્ડીક્રાફટ પ્રોડયુસર કંપનીના આશય જરદોશ, તુષારદેસાઈ, કૌશિક દેસાઈ અને નેહલ દેસાઈ, જરી એસોસિએશનના પ્રમુખ દિપકભાઈ કુકડીયા, ઉપપ્રમુખ તુષારભાઈ કુવાડિયા સહિત તાલીમાર્થી બહેનો ઉપસ્થિત રહીહતી.

**ઓમેગા હોસ્પિટલમાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

લીધેલ છે અને હોસ્પિટલ તથા તેના કામગીરી વિશે સમગ્ર જાણકારી મેળવેલ છે અને હોસ્પિટલ ના હેડ મહેન્દ્ર પાલાના કહેવા પ્રમાણે ગરીબ દર્દીઓ તથા મધ્યમ વર્ગના દર્દીઓને નજીવા ભાવે ઈલાજ કરવાની અને સારામાં સારી સેવા પૂરી પાડવાની પોતાના તરફથી થતી હોય તેટલું મદદ કરવાની આશ્વાસન આપેલ છે.

**દારૂની ખેપ મારનાર**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ બન્ને આરોપી ઓ રીઢા ગુનેગાર હોય, બે થી ત્રણ વખત દારૂ ની હેરાફેરી માં તેમની ધરપકડ થઈ ચૂકી છે . જેને લઈ પાસા માં મોકલી આપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

**તા.૮મી માર્ચે તમામ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

તથા ટેલિફોનીક માધ્યમથી ઈ-ચલણ ભરવા માટે લોકોને શિક્ષીત કરવામાં આવશે. લોકઅદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણના નાણાની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહીતો તેનો પણ લોકો લાભ લઈ શકે છે.

રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસોનો નિકાલ થવાથી બંન્ને પક્ષકારોના હિતમાં કેસનો ફેસલો થશે, જેથી કોઈ પક્ષકાર પોતાના કેસો લોક અદાલતમાં મૂકવા માંગતા હોય તો તેઓ જે તે અદાલતમાં અથવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-સુરત તથા તાલુકા કાનૂની સેવા સમિતીનો સંપર્ક કરી પોતાનો કેસો આગામી રાષ્ટ્રીય લોક અદાલતમૂ મુકી શકશે તેમ જિ.કાનૂની.સેવા સત્તામંડળના સચિવ સી.આર.મોદીની યાદીમાં જણાવ્યું છે.

**શાળા કાર્યક્રમ હેઠળ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

મૂલ્યે પૂરી પાડવામાં આવે છે, આ હોસ્પીટલ ખાતેથી વિશેષ સુપર સ્પેશ્યાલીટી ટર્શરી સારવાર કે ઓપરેશન ની જરૂરીયાત હોય તેવા બાળકોને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રીની વિના મૂલ્યે સારવારની મંજુરી આપી રાજ્ય સરકાર દ્વારા આ કાર્યક્રમ માટે નિયત કરેલ જે તે હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવે છે, જ્યાં બાળકોને તમામ નાની મોટી બિમારીઓની સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે, આ રીતે આપવામાં આવતી સારવારમાં હૃદય, કીડની, કેન્સર , થેલેસેમીયા, બોર્નમેરો ટ્રાન્સપ્લાંટ, લીવર ટ્રાન્સપ્લાંટ, કોકલીયર ઈમ્પલાંટ જેવી ખર્ચાળ સારવાર પણ વિનામૂલ્યે પ્રાપ્ત થાય છે.

એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ ના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ આરોગ્ય તપાસણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારની કુલ-૧૭૨૪ (ઉપર જણાવ્યા મુજબની આંગણવાડીથી લઈને ધોરણ ૧૨ સુધીની) શૈક્ષણીક સંસ્થાઓના બાળકો અને શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ ૧૧,૭૫,૫૩૮ જેટલા બાળકોની આરોગ્ય તપાસણીનું ભગીરથ કાર્ય પૂરૂ કરવામાં આવેલ છે, જે દરમ્યાન જન્મજાત હૃદયની ખામી વાળા -૩૧૯, ન્યુરલ ટ્યુબ ડીફેક્ટના ૧૧, ફાટેલા હોઠ અને તાળવાના -૫૮, ક્લબ ફુટ - ૫૧, કેન્સરના -૧૨૪, થાઈરોઈડના -૬૭, ડાયાબીટીસ -૭૩, થેલેસેમીયા -૩૩ બાળકો ઉપરાંત નાની મોટી ખામીઓ સંદર્ભે બાળકોને જરૂરીયાત મુજબ વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામાંઆવેલ છે.

**ખેરગા નજીક મા રૂપા ભવાની**

**પેજ-૨ પાનાનું ચાલુ**

નારણભાઈ , પુજારી રજનીભાઈ વિ.બહેજગ્રામજનો મદદરૂપ પણ થતા હતા. સુરત દિલ્હી મુંબઈ જવા શહેરોમાં આસો નવરાત્રિમાં ભવ્ય રામલીલા થતી હોય છે સુરતમાં વેસુ ખાતે આદર્શ રામલીલા ૪૭ વર્ષથી થાય છે જ્યારે ખેરગામ તાલુકાના લોકોને પચાસ વર્ષે આ લ્હાવો મળ્યો છે, ધર્મજાગૃતિ માટે રામલીલા મંડળનો માજી પત્રકાર સંઘ પ્રમુખ વિનોદ મિસ્ત્રીએ આભાર માન્યો હતો, મંડળના હનુમાનજી-અનિલ મહારાજે દર્શન પૂજન સહકાર બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

પ્લેકબેક સિંગર હિમાલીબેન વ્યાસ અને તેમના કલાવૃંદે લોકસંગીતની જમાવટ કરી જિલ્લાની જનતાને અનેરા આનંદની પ્રતીતિ કરાવી હતી.

આ ઉત્સવમાં વિવિધ સખી મંડળ ધ્વારા વેચાણ માટે સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.તથા જિલ્લા આરોગ્ય શાખા દ્વારા મેડીકલ ચેક અપ કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અધિક નિવાસી જિલ્લા કલેકટરશ્રી એન.આર.ધાંધલ, પ્રાંત અધિકારીશ્રી મનીષા મનાણી, ગામનાં સરપંચશ્રી સહિત વરિષ્ઠ અધિકારી તથા જિલ્લા અગ્રણીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ચોકબજાર મોબાઈલ**

**છેલ્લા પાનાનું ચાલુ**

બીલ નહી ભરતા નવ મહિનામાં ૧૨,૭૫,૦૦૦ ચાર્જ થઈ ગયો હતો. અરફાતે ક્રેડિટ કાર્ડના ૨૦.૦૫ લાખ અને ચાર્જના ૧૨.૭૫ લાખ નહી ભરી ચિરાગકુમાર કાચરીયા સાથે છેતરપિંડી કરી હતી.

**શિવ-પૂજા જીમ સ્પા**

**છેલ્લા પાનાનું ચાલુ**

બોલાવી તોહમતનામુ એટલે કે ચાર્જ ફ્રેમ કરવામાં આવશે એવું પણ બધા પક્ષના એડવોકેટો એ જણાવ્યું હતું આ કેસની વિગતો એવી છે કે, સીટી લાઈટ , પેન્ટાલુમ ની બાજુમાં આવેલ શિવ પૂજા કોમ્પ્લેક્સ માં અમૃતિયા સ્પા એન્ડ સલુન આવેલું છે. ૬ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સાંજના સુમારે સ્પા એન્ડ સલૂન માં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડ ના અધિકારીઓ અને લાસ્કરો ઘટના સ્થળે ઘસી જઈને આગની બુજાવી નાખી હતી પરંતુ સિક્કિમની બે મહિલાઓ ૩૦ વર્ષની બીનુંહંગમાં લીંબુ અને મનીષા દલાઈ નું ગુંગળામણ ને કારણે કરુણા મોત નીપજ્યું હતું. આ ઘટનાના પગલે ઉમરા પોલીસ સ્ટેશનનો પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.. આગ અને ગુંગળામણ ના કારણોની તપાસ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ના સાયન્ટિફિક ઓફિસરો ઘટના સ્થળે પહોંચી ગયા હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

**વલસાડ સિવિલ હોસ્પિટલમાં**

**છેલ્લા પાનાનું ચાલુ**

વિમાસણ માં મુકાયા. સાંપ રસલ વાઈપર હોવાનું જાણવા મળ્યુ. યુવક ની સાથે રહેતા લોકો ની સહાયતા થી સાંપ પકડ માં આવ્યો. પ્રાથમિક સારવાર ઉંમરગામ ના ગાંધી વાડી માં સ્વાસ્થ્ય કેન્દ્ર માં લીધા બાદ યુવક ને વલસાડ સિવિલ હોસ્પિટલ મા તબીબી સારવાર બાદ હાલાત ઠીક હોવાની જાણકારી મળી . સાંપ સાથે લઈ જવાથી ડોક્ટર ને ઈલાજ કરવામાં સરળતા રહી, પરિણામ સ્વરુપ દર્દી ને મોત ના મુખ માંથી ઉગારી લેવાયો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પુણા લૂંટ વિથ ગેંગરેપ : નિકુંજ ભીંગરાડિયા ઝડપાયો




(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
સુરતના પુણા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં મોડી રાત્રે લૂંટ વિશ ગેંગરેપનો બનાવ બન્યો હતો. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી CCTV આધારે તપાસ હાથ ધરી મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્યની શોધખોળ હજી ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાત્રે બે કલાકના સમયમાં હવસખોરોએ મહિલા પર ત્રણ વાર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેમાં મુખ્ય આરોપી દ્વારા બે વાર હવસ સંતોષવામાં આવી હતી. જેથી મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં ઈજાઓ પહોંચી છે.

૧૩ ફેબ્રુઆરી, ગુરુવારના રોજ લૂંટના ઈરાદે ત્રણ ઈસમો દંપતિના ઘરમાં ઘુસી ગયા હતા. જે બાદ ચપ્પુ બતાવી પતિને બંધક બનાવ્યો હતો અને પત્નીને ધાબા પર લઈ જઈ બે ઈસમોએ દુષ્કર્મ આચર્યું હતું અને તેનો વીડિયો પણ ઉતાર્યો હતો. જતી વખતે રૂપિયા ૩૦ હજાર અને બે બ્રેસ્લેટ પણ લૂંટી ગયા હતા.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગરના વતની એવું દંપતી પુણાગામા પાસે એક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહે છે. મકાનના નીચેના ભાગે કારખાનું [illegible] છે અને પતિ લેસ પટ્ટીના [illegible]ામાં નોકરી કરે છે. ગત રોજ દંપતિ રાત્રે જમીને સુઈ ગયું હતું. દરમિયાન મોડી રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં ૩ શખ્સે તેમના મકાનનો દરવાજો ખખડાવ્યો હતો. દંપતિએ કોણ છે એમ પુછતા આ બદમાશોએ પોલીસ હોવાનું જણાવ્યું હતું જેથી પતિએ દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતા જ મોઢા પર બુકાની બાંધેલા ત્રણ બદમાશ ચપ્પુ લઈને ઘરમાં ઘુસી ગયા હતા અને પતિને ચપ્પુ બતાવી મારી નાંખવાની ધમકી આપી હતી.

અચાનક ઘરમાં આવેલા આ શખ્સોને જોઈને દંપતી ગભરાઈ ગયું હતું. દરમિયાન એક બદમાશે દુપટ્ટા વડે પતિને બાંધી દીધો હતો, અન્ય બે પત્નીને ઢસડીને ઉપર ધાબા પર લઈ ગયા હતા. પત્નીએ છોડી દેવા માટે કાકલુદી કરી હતી, પણ આ હવસખોરે વારાફરતી દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી નિકુંજ ઉર્ફે ડથ્થર ઉર્ફે બુલેટ ભીગરાડિયાએ એકવાર દુષ્કમ આચરી લીધા બાદ ફરી મહિલા પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો અને વીડિયો પણ બનાવ્યો હતો. ત્યારબાદ તે બન્ને નીચે આવ્યા હતા અને બાદમાં જતી વખતે ૨ સોનાના બ્રેસલેટ અને રોકડ રૂ.૩૦,૦૦૦ની મત્તાની લૂંટ ચલાવી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી હતી.

આ મામલે ક્રાઈમ બ્રાંચનાં ઉચ્ચ અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચની ટીમ પણ તપાસમાં કામે લાગી હતી. પોલીસે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે આ મામલે અમિત ઉર્ફે રઘુ રોકડા, નિકુંજ ભીગરાડિયા અને દિનેશ ઉર્ફે છોટુની ઓળખ કરી લીધી હતી. આ સાથે જ આરોપી ભાવનગર સાઈડ ભાગ્યા હોવાની જાણ થતા ડીસીપી ઝોન ૧ની ટીમ ભાવનગર રવાના કરવામાં આવી હતી. ભાવનગરથી મુખ્ય આરોપી નિકુંજ ભીગરાડિયાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલી રહી છે.

પોલીસ દ્વારા ભોગ બનેલી મહિલાનું સ્મીમેર હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક રિપોર્ટમાં મહિલા સાથે એકથી વધુ વાર દુષ્કર્મ થયું હોવાનું સામે આવ્યું છે. આ સાથે જ બળજબરી કરવામાં આવી હોવાથી મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં ઈજાઓ પણ હોવાનું જાણવા મળ્યું છે. ભોગ બનનાર દંપતિના ત્રણ વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. આ વિસ્તારના કારખાનામાં જ નોકરી કરતા હોવાથી ભાડે મકાન રાખીને રહેતા હતા. પોલીસ સમક્ષ ભોગ બનનારે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, બે હવસખોર પૈકીનો એક અગાઉ તેમના વિસ્તારમાં દેખાયો હતો. હવસખોર પરિણીતાને ખેંચીને ધાબા પર લઈ ગયા હતા. ત્યારે તેણીએ બુમો પણ પાડી હતી. જો કે, આ વિસ્તારમાં માત્ર ૩૦ ટકા જ રહેણાંક હોવાથી અને કારખાના પાસે હોવાથી તેની બુમો કોઈને સંભળાઈ ન હતી

## સીસીટીવી ફુટેજના આધારે આરોપી અમિત ઉર્ફે રઘુ રોકડા, નિકુંજ ભીંગરાડિયા, દિનેશ ઉર્ફે છોટુની ઓળખ થઈ હતી

## બે કલાકમાં ત્રણ વાર આરોપીઓએ ભોગ બનનાર ઉપર બળાત્કાર ગુજાર્યો, મહિલાને પ્રાઈવેટ ભાગે ઈજા, ક્રાઈમ બ્રાન્ચ સહિતની પોલીસ ટીમે ગણતરીના કલાકોમાં વર્ક આઉટ કરી નિકુંજ ભીંગરાડિયાની ભાવનગરથી ધરપકડ કરી

### સુરતમાં નબીરા વિદ્યાર્થીઓ બેફામ : ફેરવેલના નામે કાયદાની ઐસીતૈસી

# ફાઉન્ટેન હેડ સ્કુલનાં વિદ્યાર્થીના સીનસપાટા બાદ ગોડાદરાની અરિહંત સ્કુલના વિદ્યાર્થીઓનો રોડ શો

## પોલીસે બે લકઝરીયસ કાર સાથે બે ચાલકની ધરપકડ કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
સુરત શહેરની શાળાઓના વિદાય સમારંભમાં વિદ્યાર્થીઓને હવે કંઈક નવું જ કરવાનો ઘેલછો લાગ્યો છે. એક બીજાની દેખાદેખી કરવાના ચક્કરમાં વિદ્યાર્થીઓ પોતે પણ પોલીસ કાર્યવાહીમાં તો સપડાઈ રહ્યા છે સાથે સાથે શાળા સંચાલકો અને વાલીઓને પણ વિદ્યાર્થીઓના કારણે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાનો વારો આવ્યો છે . જહાંગીરપુરા રોડની ફાઉન્ટેન હેડ સ્કુલના વિદ્યાર્થીઓની જેમ જ ગોડાદરા ખાતે આવેલી અરિહંત એકેડમી સ્કુલના વિદ્યાર્થીઓએ પણ પોતાના ફેરવેલ પ્રોગ્રામમાં લકઝરીયસ કારમાં બેસીને સીનસપાટા કરતા બે કાર ચાલક સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ગોડાદરા વિસ્તારમાં આવેલી અરિહંત એકેડમી સ્કુલના ધો.૧૨ના વિદ્યાર્થીઓએ પોતાના ફેરવેલ પ્રોગ્રામમાં સીનસપાટા કર્યા હતા. ફેરવેલ પ્રોગ્રામ પુર્ણ કરીને વાહન ચાલકોની અવર-જવર વચ્ચે વિદ્યાર્થીઓ કારમાં સવાર થઈ સનરૂફમાંથી બહાર નિકળીને સીનસપાટા કર્યા હતા. એટલું જ નહી એક વિદ્યાર્થીએ ખુલ્લી લકઝરીયસ કારમાં હાથમાં ઈલેક્ટ્રીક કલર ફોમ સ્ટીક વડે સીનસપાટા કર્યા હતા. આ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. ગોડાદરા પોલીસે કાર ચાલક જોકારામ કાનજી ચૌધરી અને દેવેન્દ્ર મહેન્દ્રસિંહ રાજપુત સામે એમ.વી.એક્ટ મુજબ ગુનો નોંધી તેમની ધરપકડ કરવામાં આવી હતી. વધુમાં પોલીસે સ્કુલના સંચાલકોને બોલાવી પોલીસ સ્ટેશને બોલાવી ઠપકો આપ્યો હોવાની પણ ચર્ચાએ જોર પકડ્યું હતું.




**સુરત શહેર ટ્રાફીક પોલીસ દ્વારા આવતી કાલથી ટુ વ્હીલર વાહન ચાલકોને ફરજીયાત હેલ્મેટ પહેરતા કરવા દંડ વસૂલાતની કામગીરી શરૂ કરવામાં આવનાર છે તે પૂર્વે સોલેક્સ એજેન્સીના સહયોગથી આજે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા મીડિયા કર્મચારીઓને હેલ્મેટનું વિતરણ કરી હેલ્મેટ અને લોક જાગૃતિ કેળવવા પ્રયાસો કરવામાં આવ્યાં હતાં.**

# લૂમ્સના કારખાનેદાર સાથે કાપડ વેપારીએ ઠગાઈ કરી

### નીતા એન્ટરપ્રાઈઝનાં પ્રદિપે પેમેન્ટના બદલે ધમકી આપી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
વેડ રોડ પંડોળ ખાતે નિલકંઠ ઈન્ડસ્ટ્રીઝમાં લુમ્સના ખાતામાંથી રિંગ રોડની હરીઓમ માર્કેટમાં નીતા ઍન્ટરપ્રાઈઝ ફર્મના નામે ધંધો કરત વેપારીએ રૂપિયા ૧.૭૭ લાખનો કાપડનો માલ ખરીદ્ય બાદ તેનું પેમેન્ટ નહી ચુકવી ઉપરથી વીવર્સે ઉઘરાણી કરતા ધમકી આપી હતી.

અડાજણ હનીપાર્ક રોડ પરીક્ષીત રો હાઉસ ખાતે રહેતા ફેનીલ સંજયકુમાર મોદી (ઉ.વ.૩૩) વેડ રોડ પંડોલ નિલકંઠ ઈન્ડસ્ટ્રીઝમાં મહાદેવ ટેક્ષટાઈલ અને તીરુપતિ ટેક્ષટાઈલના નામે ખાતુ ધરાવે છે. ફેનીલભાઈ પાસેથી રિંગ રોડ હરીઓમ માર્કેટમાં નીતશ્વા ઍન્ટરપ્રાઈઝના પ્રોપ્રરાઈટર પ્રદિપ મોર્યાએ શરુઆતમાં રૂપિયા ૧૭.૮૦ લાખનો નીયલોન સોફિયા કાપડનો માલ ખરીદી તેનું પેમેન્ટ સમયસર ચુકવી આપી વિશ્વાસમાં લીધો હતો ત્યારબાદ પ્રદિપ મોર્યાએ ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુદીમાં ૧,૭૭,૯૭૫નો માલ ખરીદ્યો હતો. નક્કી કરેલ સમયમાં પેમેન્ટ નહી આપતા ફેનીલ દ્વારા ઉઘરાણી કરવામાં આવતા પ્રદિપ મોર્યાએ હાલમાં મંદી ચાલે છે. પછી પેમેન્ટ કરી આપીશ હોવાનો વાયદો આપે હતો ત્યારબાદ પણ પેમેન્ટ નહી આપતા ફેનીલે ઉઘરાણી કરતા પ્રદિપે તમારો માલ બગડી ગયો છે.તમે આવી ચકાસી લો હોવાનુ કહેતા ફેનીલ અને તેના પિતા તેની ઓફિસમાં જઈ તપાસ કરતા માલને પાચ મહિના થઈ ગયા હતા અને માલ રિર્ટન કરવાની જવાબદારી ૧૫ થી ૩૦ દિવસની હોય છે હોવાનું કહેતા પ્રદિપ ઉશ્કેરાઈને કોઈપણ હિસાબે માલ પરત લેવો પડશે કહી પેમેન્ટ નહી ચુકવી છેતરપિંડી કરી હતી. ચોકબજાર પોલીસે ફેનીલની ફરિયાદ લઈ પ્રદિપ મોર્યા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ચોકબજાર મોબાઈલ શોપના માલિકની લોભામણી સ્કીમમાં અનેક લોકો ભેરવાયાં

### ધંધામાં રોકાણના નામે સીંગણપોરનાં ચિરાગ પાસેથી લાખો રૂપિયા ખંખેરી લીધા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
સીંગણપોર ડભોલી રોડ વિસ્તારમાં રહેતા યુવકને ચોકબજાર ઍ-વન કોકોની સામે આવેલ મીસ્ટર મોબાઈલના માલીકે ધંધામાં રોકાણ કરવાની લોભામણી સ્કીમ આપી કમિશન ઉપર તેના ૧૬ જેટલા ક્રેડિટ કાર્ડ ઉપર ૨૦.૦૫ લાખનો માલ ખરીદ્યો હતો ત્યારબાદ કાર્ડનુ બીલ કે ચાર્જીસના ૧૨.૭૫ લાખ નહી ચુકવી કુલ રૂપીયા ૩૨.૮૦ લાખની છેતરપિંડી કરી હતી. અઠવાલાઈન્સ પોલીસના જણાવ્યા મુજબ ડબોલી રોડ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, સરદાર પટેલ સોસાયટીમાં રહેતા ચિરાગકુમાર કલ્યાણભઈ કાચરીયા (ઉ.વ.૩૦) ભટાર રોડ રાજહંસ ઓલમ્પિયામાં આવેલ ઍપલ કંપનીની ડીલરશીપ ધરાવતી આઈ ઍવ નામની મોબાઈલ સ્ટોર્સમાં નોકરી કરવાની સાથે કમિશન મેમ્બર તરીકે કામ પણ કરે છે આ ઉપરાંત ચિરાગ મોબાઈલ લે-વેચ પણ કરતો હોવાથી તેની ઓળખાણ ચોકબજાર મેમણ હોલશ્વમાં આવેલ મીસ્ટર મોબાઈલના માલીક અરફાત મહેબુબખાન પઠાણ (રહે, ખ્વાજાદાના દરગાહ પાછળ, સુખી મહોલ્લો, ગોપીપુરા) સાથે થઈ હતી. અરફાતે પોતે મીસ્ટર મોબાઈલ ફર્મથી માર્કેટમાં મોટા પાયે મોબાઈલ લે વેચનું કામકાજ કરુ છું જનતા માર્કેટમાં મોટા વેપારી તરીકે અમારી છાપ છે હું ઓનલાઈન મોબાઈલ મંગાવી માર્કેટમાં બજાર ભાવથી વેચી તેમાં સારો નફો મેળવું છે. જાત મે મારી સાથે મોબાઈલના ધંધામાં રોકાણ કરશો તો તમોને ખુબ સારો નફો કમિશન કરાવી આપીશ હોવાની લોભામણી વાચો કરી વિશ્વાસમાં લીધો હતો. અરફાતની વાતમાં ?આવી ચિરાગે ઍપ્રિલ ૨૦૨૩માં ધંધામાં રોકાણ કરવા માટે રોકડા રૂપિયા ન હોવાથી ચિરાગે પોતાનો, પત્નીનો, તેમજ માતા પિતાના મળી ને ૧૬ જેટલા ક્રેડિટ કાર્ડ ઓનલાઈન મોબાઈલ ખરીદવા માટે આપ્યા હતા. અરફાત તેને ઍક ક્રેડિટ કાર્ડ ઉપર ૧૫૦૦ રૂપિયા કમિશન આપતો હતો. ઍપ્રિલ ૨૦૨૩ થી જુન ૨૦૨૩ સુધીમાં નિયમિત કમિશન આપ્યું હતું અરફાતે ક્રેડિટ કાર્ડથી ૨૦,૦૫,૦૦૦ વાપર્યા હતા અને કમિશનશ્વ તેમજ કાર્ડનું બીલ પણ ભરવાનું બંધ કરી દીધુ હતું ચિરગે બીલ ભરવાશ્વ માટે અનેક વાર કહેવા છતાંયે અરફાતે ક્રેડિટ કાર્ડનું

અનુસંધાન પાના ૭ પર

# હેલમેટનું કમઠાણ : ફરજિયાત હેલમેટના કાયદાનો અમલ કરાવવા પોલીસ તૈયાર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
સુરત શહેરમાં ૧૫ ફેબ્રુઆરી એટલે કે આવતીકાલથી સુરતીજનોને ફરજિયાત હેલ્મેટ પહેરવા સુરત પોલીસ અમલ કરાવશે. જેથી અત્યાર સુધી હેલ્મેટ નહી પહેરવાની આળસ કરનારા સુરતીજનો પણ પોતાની સેફ્ટી કહો કે દંડાવાના ડરથી હેલ્મેટ પહેરી ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે અમલ કરવા તૈયારી બતાવી દીધી છે. તદુપરાંત સુરત શહેરની કેટલીક શોપ તેમજ ઠેર-ઠેર રસ્તાઓ ઉપર વેચાતા હેલ્મેટ ખતમ થઈ ગયા હોવાનુ જાણવા મળ્યું છે.

દેશના ટ્રાફિક નિયમોમાં હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. પરંતુ આજે પણ કેટલાંક શહેરોમાં વાહન ચાલકો હેલ્મેટ પહેરવા આળસ કરે છે. સુરત શહેરમાં ભુતકાળમાં પોલીસે હેલ્મેટ પહેરવા સુરતીજનોને અપીલ કરી હતી. પરંતુ સુરતીજનોએ થોડા સમય માટે હેલ્મેટ પહેરીને ટ્રાફિક નિયમોનું પાલન કર્યું હતું. ત્યારબાદ જેમ કે તેમ જ સ્થિતિ થઈ ગઈ હતી. પરંતુ હવે ગુજરાત પોલીસે કડક રૂએ વાહન ચાલકોને હેલ્મેટ પહેરી મોટર સાયકલ ચલાવીને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી છે. અને નહિ કરે તો તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

સુરત શહેર પોલીસે પણ નોટીફિકેશન બહાર પાડીને ૧૫ ફેબ્રુઆરીથી સુરતીજનોને હેલ્મેટ પહેરવા સહિતના ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે અમલ કરવા હિદાયત આપી છે. આવતીકાલથી સુરતીજનો હેલ્મેટ પહેર્યા વગર મોટર સાયકલ ચલાવતા નજરે પડશે પોલીસ તેમની વિરૂદ્ધ દંડાત્મક કાર્યવાહી કરશે. વધુમાં આજે સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા વાહન ચાલકોને હેલમેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ફોસ્ટા સહિતની કેટલીક સંસ્થાઓ દ્વારા પણ વિનામુલ્યે વાહન ચાલકોને હેલ્મેટ પહેરાવી ટ્રાફિક નિયમોનુ ચુસ્તપણે અમલ કરવા સંદેશો પાઠવ્યો હતો.

### શહેરમા હેલમેટ ખુટી પડ્યા : પો.કમિ. અનુપમસિંહ ગેહલોત દ્વારા વાહન ચાલકોને હેલ્મેટ અપાયા

# ખોટી બિલ્ટીના આધારે એલ્યુમિનિયમની પટ્ટીની હેરફેરનું મોટું કૌભાંડ ઝડપતી કડોદરા પોલીસ

### બે ટેમ્પા સાથે ત્રણની ધરપકડ : રૂા.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
ખોટા બિલો બનાવી એલ્યુમીનીયમની પટ્ટીની હેરાફેરીનો સુરત ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો હતો. પોલીસે બે ટ્રકમાંથી ૨૦ લાખથી વધુનો એલ્યુમિનિયમ પટ્ટીનો માલ કબજે કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. સુરત ગ્રામ્ય પોલીસે ચલથાણ પોલીસ ચોકી નજીકથી બે શંકાસ્પદ જણાતા ટેમ્પો રોક્યા હતા. ટેમ્પા ચાલકોની પુછપરછ કરતા તેઓએ એલ્યુમિનિયમની પટ્ટીઓ હોવાનુ જણાવ્યું હતું.ત્યારબાદ પોલીસે બિલો સહિતના દસ્તાવેજો માગી તપાસ કરી હતી. તેમાં ખોટા બિલો બનાવી એલ્યુમિનિયમ પટ્ટીની ગેરકાયદેસર હેરાફેરી કરતા હોવાનુ જાણવા મળ્યું હતું. સુરત ગ્રામ્ય પોલીસે શશીકાંત રામઅચલ દુબે(રહે.કોસાડ રોડ અમરોલી), જયેશ ડુંગર ચાંદપરા(રહે.ઉતરાણ) અને રજની ભરત બુધેલીયા(ઉત્રાણ)ની ધરપકડ કરી હતી. વધુમાં જાણવા મળ્યું હતુ કે શશીકાંત દુબે વિશ્વનાથ મેટલ કંપનીના માલિક છે.

# શિવપૂજા જીમ-સ્પા અગ્નિકાંડમાં આરોપીઓ સામેનું તહોમતનામુ સેશન્સ કોર્ટમાં રજૂ કરાયું

### આગામી મહિનાઓમાં ચાર્જ ફ્રેમ કરવા માટે આગળની કાર્યવાહી કોર્ટ કરશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
સુરત સીટી લાઈટ પેન્ટાલુમની સામે આવેલા શિવ પૂજા કોમ્પલેક્ષમાં ૬ નવેમ્બર ની સાંજે આગ લાગતા ગુંગળામણને કારણે બે મહિલાઓના કરુણ મોત નીપજવાની ઘટનાના પગલે ઉમરા પોલીસે જીમ સંચાલક અને સ્પા સંચાલક સામે ઉમરા પોલીસે બીએનએસ ૧૦૫ અને ૧૧૪ મુજબનું ગુનો દાખલ કર્યા બાદ પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. પોલીસે ૭૬ માં દિવસે ૭૨૨ પાનાની રજૂ કરલ તોહમતનામુ એટલે કે ચાર્જશીટ ગુરૂવાર ને સાંજે ત્રણેય આરોપીઓની ઉપસ્થિતિમાં સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવી હોવાનું બચાવ પક્ષના એડવોકેટ વિનય શુક્લા અને એડવોકેટ ઝફર બેલાવાલા એ જણાવ્યું હતું. આ સાથે આગળના મહિનાઓમાં આરોપીઓને સમન્સ કાઢી કોર્ટમાં

અનુસંધાન પાના ૭ પર

# વલસાડ સિવિલ હોસ્પિટલમાં યુવક બોટલમાં સાંપ લઈને આવતાં ભાગદોડ

### ઉમરગામન યુવકને સાંપ કરડી જતા સારવાર માટે સાંપ લઈને આવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪
ઉંમરગામ તાલુકા માં યુવક ને ઝેરી સાંપ કરડી જતા સાંપ ને બોટલ માં ભરી વલસાડ સિવિલ હોસ્પિટલમા સારવાર માટે આવ્યો હતો. જ્યાં યુવકને વલસાડ સિવિલ મા દાખલ કરવામાં આવ્યો હતો.

મળેલી જાણકારી આધારે ઉંમરગામ તાલુકા ના શુભમ ગંગાનગર વિસ્તાર માં પરેશ ભાઈ ની ચાલ મા રહેતા ૧૮. વર્ષ નો યુવક, નામ રામ નરેશ ગૌતમ ને એક ઝેરી સાંપ કરડી ગયો. યુવક દ્વારા સાંપ ને જોઈ લેતા તાત્કાલિક સાપ ને પકડી એક કાંચ ની બોટલ માં બંધ કરી તબીબી સારવાર અર્થે વલસાડ ની સિવિલ હોસ્પિટલમાં તબીબી સારવાર અર્થે દાખલ થયો. હોસ્પિટલ ના ડોક્ટર આ દ્રશ્ય જોઈ

અનુસંધાન પાના ૭ પર